Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री वीतरागाय नमः

શ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ વિરચિત

# સમ્યગ્જ્ઞાન દીપિકા

અનુવાદક

શાહ સોમચંદ અમથાલાલ

કલોલ (ગુજરાત)

પ્રકાશક

શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,

ભાવનગર-૩૬૪ ૦૦૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

☐ પ્રાપ્તિસ્થાન :

● શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪ ૨૫૦

● શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,
૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪ ૦૦૧

☐ પ્રથમાવૃત્તિ વિ. સં. ૨૦૪૭, ઈ. સ. ૧૯૯૧, પ્રત ૧૦૦૦

☐ મૂલ્ય : ૧૩=૦૦

☐ મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi from Mumbai, India who wishes to remain anonymous and has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of SamyagGnaan Dipika is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 March 2007 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રકાશકીય

પૂજ્ય શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક રચિત 'સમ્યગ્જ્ઞાન દીપિકા'ની આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતા અમોને હર્ષ થઈ રહ્યો છે.

સૌ પ્રથમ આ ગ્રંથ, શ્રી ક્ષુલ્લકજીએ પોતે જૂની હિંદી ભાષામાં રચીને વિ. સં. ૧૯૪૬ની મહા સુદ-૧૫ના દિવસે છપાવીને પ્રકાશિત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગ્રંથની પ્રસ્તાવના અને ભૂમિકા પણ પોતે ક્ષુલ્લકજીએ લખી હતી. ત્યાર પછી એની બીજી આવૃત્તિ વિ. સં. ૧૯૯૦માં પ્રકાશિત થઈ હતી. તત્પશ્ચાત્ ગુજરાતી ભાષામાં આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ વીર નિર્વાણ સંવત ૨૪૭૩માં તથા બીજી આવૃત્તિ વી. નિ. સંવત ૨૪૮૯માં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢથી પ્રકાશિત થઈ હતી. ત્યાર પછી જૂની હિંદીમાંથી આધુનિક હિંદીમાં ભાષાંતર કરાવી પ્રથમ આવૃત્તિરૂપે શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, ભાવનગર દ્વારા વીર નિર્વાણ સં૦ ૨૪૯૬માં પ્રકાશિત થઈ હતી.

આ અનેરો ગ્રંથ ઘણા વર્ષોથી અનુપલબ્ધ હતો તેથી સ્વાધ્યાયપ્રેમી મુમુક્ષુઓને ઉપલબ્ધ થાય તેવી ભાવનાથી એનું પ્રકાશન થઈ રહ્યું છે.

અધ્યાત્મમૂર્તિ કૃપાળુ ગુરુદેવશ્રી કાનજીસ્વામી ઘણીવાર પોતાના પ્રવચનોમાં આ ગ્રંથના આધાર આપતા હતા. આપશ્રીનાં જ ઉપકારથી મુમુક્ષુસમાજને પૂજ્ય શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક તેમજ બીજા અનેક ભૂતકાળીન જ્ઞાનીપુરુષોની ઓળખાણ થઈ અને તે ધર્માત્માઓની રચનાઓનાં સ્વાધ્યાયની પ્રેરણા સંપ્રાપ્ત થઈ. આપશ્રીનો આ અનુપમ ઉપકાર છે, જેને ક્યારેય ભૂલાય તેમ નથી.

આ ગ્રંથમાં પૂજ્ય ધર્મદાસજીની આત્મમસ્તી, તેમના વચનો દ્વારા ઉભરાય છે. અધ્યાત્મપ્રેમી આત્માર્થીઓ માટે આ એક અનેરો વચનયોગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, જે પોતાના સ્વાધ્યાયથી જ અનુભવનીય છે. અધ્યાત્મરસિક પાઠકો માટે પૂ૦ ક્ષુલ્લકજી દ્વારા રચિત "સ્વાત્માનુભવ મનન" ગ્રંથ સ્વાધ્યાય યોગ્ય છે.

બ્ર૦ શ્રી વૃજલાલ ગીરધરલાલ શાહ, જૂની આવૃત્તિ તપાસી, ભાષાકીય અશુદ્ધિઓ સુધારી આપી છે, તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

સત્ સાહિત્યનું પ્રકાશન ઓછી કિંમતે જિજ્ઞાસુઓને સુલભ થાય, તેવી ભાવનાવાળા દાતાઓએ જે દાનરાશિ ટ્રસ્ટને આપી છે તેનું સાભાર વિવરણ અન્યત્ર પ્રકાશિત છે.

આ ગ્રંથના સુંદર મુદ્રણ કાર્ય માટે કહાન મુદ્રણાલયના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈન, સોનગઢનો આભાર માનીએ છીએ.

અંતમાં, આ ગ્રંથના સ્વાધ્યાયથી જીવોને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થાય, તેવી મંગલ ભાવના સાથે—

ભાવનગર, ટ્રસ્ટીગણ,
દિ. ૨૭–૮–૧૯૯૧ શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ગ્રન્થકર્તાની સૂચના



સમ્યગ્જ્ઞાનદીપિકા, દૃષ્ટાંત—જેમ દીપકજ્યોતિના પ્રકાશમાં કોઈ ઇચ્છાનુસાર પાપ–અપરાધ–કામ–કુશીલ વા દાન–પૂજા–વ્રત–શીલાદિક કરે, અર્થાત્ જેટલાં સંસાર અને સંસારથી જ તન્મય આ સંસારનાં શુભાશુભ કામ–ક્રિયા–કર્મ અને એ સર્વનું ફલ છે તે આ દીપકજ્યોતિને પણ લાગતાં નથી તથા દીપકજ્યોતિથી દીપ–જ્યોતિનો પ્રકાશ તન્મયી છે તેને પણ જન્મ–મરણાદિક પુણ્ય–પાપરૂપ (સંસાર) લાગતો નથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા સદાકાલ જાગતી જ્યોતિ છે તે મરતી નથી, જન્મતી નથી, નાની નથી, મોટી નથી, નાસ્તિ નથી, અસ્તિ નથી, અહીં નથી કે ત્યાં નથી તથા તેને ન પાપ લાગે છે, ન તેને પુણ્ય લાગે છે, ન તે જ્યોતિ બોલે છે કે ન તે (જ્યોતિ) હાલે ચાલે છે. એ જ્યોતિના અંદર બહાર કે મધ્યમાં સંસાર નથી; વળી તેવી જ રીતે તે જ્યોતિ છે તે સંસારની અંદર બહાર કે મધ્યમાં નથી, જેમ લવણનો કટકો પાણીમાં મળી જાય છે તેમ કોઈને જન્મ–મરણાદિક સંસારથી–દુઃખથી અલગ થવાની ઇચ્છા હોય તો તથા સદાકાલ એ જાગતિજ્યોતિથી મળી જવાની ઇચ્છા હોય તો તે પ્રથમ સદ્ગુરુઆજ્ઞા-પ્રમાણે આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકને આદિથી અંતસુધી ભણો–મનન કરો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ગ્રંથકર્તાની પ્રસ્તાવના

આ પુસ્તકમાં પ્રથમ આ પ્રસ્તાવના, ત્યાર પછી આ પુસ્તકની ભૂમિકા, પછી આ પુસ્તકનો પ્રારંભ, ચિત્રદ્વાર, નિર્વિકલ્પ શુક્લધ્યાનનું સૂચક ચિત્રહસ્તાંગુલીચક્ર, ચિત્ર સહિત જ્ઞાનાવર્ણી, દર્શનાવર્ણી, વેદની, મોહની, આયુ, નામ, ગોત્ર અને અંતરાય કર્મ વિવરણ; ત્યાર પછી દૃષ્ટાંત-સમાધાન છે. તેમાં એક પ્રશ્ન—આત્મા કેવો છે? કેવી રીતે પામીએ? તેના ઉપર દૃષ્ટાંત સંગ્રહ છે, તે પછી દૃષ્ટાંત ચિત્ર, આકિંચનભાવના અને ભેદજ્ઞાન (વર્ણન) કરીને આ ગ્રંથ સમાપ્ત કર્યો છે. આ ગ્રંથમાં કેવલ સ્વસ્વભાવ-સમ્યગ્જ્ઞાનાનુભવ સૂચક શબ્દવર્ણન છે. કોઈ દૃષ્ટાંતમાં તર્ક કરશે કે— 'સૂર્યમાં પ્રકાશ્ કયાંથી આવ્યો?' તેને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ કે જે આ ગ્રંથનો સાર છે તેનો લાભ થશે નહિ. જેમ જૈન, વિષ્ણુ અને શિવાદિક મતવાળા પરસ્પર લડે છે-વૈરવિરોધ કરે છે-મતપક્ષમાં મગ્ન થયા છે અને મોહ-મમતા-માયા-માનને તો છોડતા નથી તેમ આ પુસ્તકમાં વૈરવિરોધનાં વચન નથી. પરંતુ જે અવસ્થામાં સ્વસમ્યગ્જ્ઞાન સૂતો છે તે અવસ્થામાં તન-મન-ધન-વચનાદિથી તન્મયી આ જગત-સંસાર જાગતો છે તથા જે અવસ્થામાં આ જગત-સંસાર સૂતો છે તે અવસ્થામાં સ્વ-સમ્યગ્જ્ઞાન જાગતો છે, એ વિરોધ તો અનાદિ અચલ છે, અને તે તો અમારાથી, તમારાથી, આનાથી કે તેનાથી મટવાનો નથી, મટશે નહિ અને મટયો નહોતો. આ પુસ્તક જૈન-વિષ્ણુ આદિ બધાયને વાંચવા યોગ્ય છે, કોઈ વિષ્ણુને આ પુસ્તક વાંચવાથી ભ્રાંતિ થાય કે 'આ પુસ્તક જૈનોક્ત છે'. તેને કહું છું કે આ પુસ્તકની ભૂમિકાના પ્રથમારંભમાં જે મંત્ર નમસ્કાર છે તેને ભણીને ભ્રાંતિથી ભિન્ન થવું. સ્વભાવ-સૂચક જૈન-વિષ્ણુ આદિ આચાર્યના રચેલા સંસ્કૃત કાવ્યબંધ-ગાથાબંધ ગ્રંથ ઘણા છે પરંતુ આ પણ એક નાનીસરખી અપૂર્વ વસ્તુ છે, જેમ ગોળ ખાવાથી મિષ્ટતાનો અનુભવ થાય છે તેમ આ પુસ્તકને આદિથી અંત સુધી પૂર્ણ વાંચવાથી પૂર્ણાનુભવ થશે, વિના દીઠે-વિના સમજે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુને કાંઇના બદલે કાંઇ સમજે છે તે મૂર્ખ છે, જેને પરમાત્માનું નામ પ્રિય છે તેને આ ગ્રંથ જરૂર પ્રિય થશે. આ ગ્રંથનો સાર આવો લેવો કે સમ્યગ્જ્ઞાનમયી ગુણીને ગુણથી સર્વથા પ્રકાર ભિન્ન છે એ જ અવગુણને છોડી, સ્વભાવજ્ઞાનગુણ ગ્રહણ કરવો, પછી ગુણને પણ છોડી ગુણીને ગ્રહણ કરવો, ત્યાર પછી ગુણ-ગુણીની ભેદ કલ્પનાથી સર્વથા પ્રકારે ભિન્ન થઇ પોતાને પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-વસ્તુની સાથે સૂર્ય-પ્રકાશવત્ મળીને રહેવું. એ જ અવગુણ છોડવાનો તથા સ્વભાવગુણથી તન્મયી રહેવાનો (ઉપદેશ) આ ગ્રંથમાં કહ્યો છે. જેમ દીપકજ્યોતિના પ્રકાશમાં કોઇ પાપ કરો વા કોઇ પુણ્ય કરો, પરંતુ એ પાપ-પુણ્યનું ફલ જે સ્વર્ગ-નરકાદિક છે તે આ દીપકજ્યોતિને લાગતાં નથી તથા તેને પાપ-પુણ્ય પણ લાગતા નથી તે જ પ્રમાણે આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને ભણવા-વાંચવા વા ઉપદેશ આપવા વડે કોઇને પોતાના પોતામાં પોતામય સ્વસ્વભાવમય સમ્યગ્જ્ઞાનાનુભવની અચલ પરમાવગાઢતા થશે તેને પાપ-પુણ્ય, જન્મ-મરણ, સંસારનો સ્પર્શ થશે નહિ તથા તેને જરા પણ શુભાશુભ લાગશે નહિ એવો નિશ્ચય છે.

॥ ઇતિ પ્રસ્તાવના ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# આત્મ-કથા

મારા શરીરને ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ કહેવાવાળા કહે છે. તે જ હું મારા સ્વાત્માનુભવની પ્રાપ્તિ થઈ તે પ્રગટ કરું છું. મારાથી મારા શરીરનો જન્મ તો સવાઈ જયપુર રાજ્યમાં, જિલ્લા સવાઈ માધોપુર, તાલુકા બેલીગામ, બપૂઈનો છે. મારું શરીર, ખંડેલવાલ શ્રાવક ગૌત્ર ગિરધરવાળ/ચૂડીવાળ/ગદિયા કુળમાં ઉત્પન્ન થયું છે. મારા શરીરના પિતાનું નામ શ્રીલાલજી હતું. તથા મારી માતાનું નામ જ્વાલાબાઈ હતું. અને મારા શરીરનું નામ ધન્નાલાલ હતું. અત્યારે મારા શરીરનું નામ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ છે.

અનુક્રમે મારા શરીરની વય બીસ વર્ષની થઈ ત્યારે કારણ પામીને હું ઝાલરાપાટન આવ્યો. ત્યાં દિગંબર જૈન મુનિ શ્રી સિદ્ધશ્રેણિજી હતા. હું તેમનો શિષ્ય થયો. સ્વામીજીએ મને લૌકિક વ્રત-નિયમ આપ્યા. તેથી મેં વિક્રમ સં. ૧૯૨૨ થી ૧૯૩૫ સુધીમાં કાયક્લેશ તપ કર્યા. ભાવાર્થ: મેં આ તેર વર્ષોમાં ૨૦૦૦ નિર્જળ ઉપવાસ કર્યા, બે ચાર જિનમંદિર બનાવ્યા, પ્રતિષ્ઠા કરાવી અને સમ્મેદશિખર-ગિરનાર આદિ જૈન તીર્થે ગયો; બીજા પણ ભૂશયન, પઠન, પાઠ, મંત્રાદિક ઘણા કર્યા; જેને લીધે મારા અંતઃકરણમાં અભિમાન/અહંકારરૂપી સર્પનું ઝેર વ્યાપી ગયું હતું, તેથી હું પોતાને સારો માનતો હતો અને બીજાઓને ખોટાં/જૂઠાં/બૂરાં માનતો હતો. તેવી બહિરાત્મદશામાં દિલ્લી, અલીગઢ, કોયલ આદિ મોટા શહેરોમાં તેરાપંથી શ્રાવકો મારા ચરણોમાં પ્રણામ, નમસ્કાર, પૂજા કરતા હતા. જેને લીધે પણ મારા અંતઃકરણમાં એવું અભિમાન/અજ્ઞાન હતું કે 'હું સારો છું, શ્રેષ્ઠ છું' અર્થાત્ તે સમયે મને એવો નિશ્ચય ન હતો કે નિંદા-સ્તુતિ-પૂજા દેહની અને નામની છે.

પશ્ચાત હું ભ્રમણ કરતો થકો બરાડ દેશમાં અમરાવતી શહેર છે ત્યાં ગયો, ત્યાં ચતુર્માસમાં રહ્યો હતો. ત્યાંની શ્રાવકમંડળીને હું રાગ–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્વેષનો ઉપદેશ દેતો હતો. અમુક ભલા છે, અમુક ખોટા છે વગેરે ઉપદેશ દરમિયાન શ્રી કુંજીલાલ સિંઘઈએ મને કહ્યું કે "આપ કોને ભલા-બૂરાં કહો છો, જાણો છો, માનો છો?' સર્વ વસ્તુ પોત પોતાના સ્વભાવ વડે, સ્વભાવમાં જેવી છે તેવી જ છે; પહેલાં પોતે પોતાને સમજો!"—આ પ્રકારે શ્રી કુંજીલાલ સિંઘઈએ મને કહ્યું તોપણ મારા અંતરમાં મારી સ્વાનુભવ અંતરાત્મદૃષ્ટિ ન થઈ.

કારણ પામીને હું શહેર કારંજાના પટ્ટાધીશ શ્રીમત્ દેવેન્દ્રકીર્તિજી ભટ્ટારક મહારાજને મળ્યો. મહારાજના શરીરની વય ૯૫ વર્ષની હતી. સ્વામીએ મને પૂછ્યું કે 'તમને સિદ્ધપૂજાપાઠ આવડે છે કે નથી આવડતો?' ત્યારે મેં કહ્યું 'મને આવડે છે'. ત્યારે સ્વામીએ કહ્યું કે 'જયમાલાનો અંતિમ શ્લોક બોલો'. ત્યારે હું અંતિમ શ્લોક બોલ્યો: "વિવર્ણ વિગંધ વિમાન વિલોભ, વિમાય વિકાય વિશબ્દ વિશોભ, અનાકુળ, કેવળ સર્વ વિમોહ. પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ." ત્યારે શ્રીગુરુએ મને પૂછ્યું કે 'સ્વયં સિદ્ધ પરમાત્મા તો કાળા, પીળા, લાલ, લીલા, ધોળા વર્ણરહિત છે, શબ્દ દ્વારા ભાસ થાય છે, સર્વ આકુળતા રહિત છે, સર્વસ્થલે વિશુદ્ધ પ્રસિદ્ધ પ્રગટ છે. જુઓ! જુઓ! તે પરમાત્મા તમને દેખાય છે કે નથી દેખાતાં?' ત્યારે સ્વામીનાં શ્રીમુખેથી આ સાંભળી, વિસ્મિત થઈ ગયો. સ્વામી તો મારા પાસેથી ઉઠીને જૈનમંદિરમાં ચાલ્યા ગયા. અને મેં મારા મનમાં ઘણું વિચાર્યું કે તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્મા મને કોઈ સ્થળે, કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવમાં દેખાયા નથી. મેં વિચાર્યું કે: કાળા, પીળા, લાલ, લીલા, ધોળા, કાયા, માયા, છાયાથી જુદાં છે તોપણ તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે પરંતુ હું તો જ્યાં જોઉં છું ત્યાં વર્ણ-રંગ-કાયાદિક જ દેખાય છે, તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે તો મને કેમ નથી દેખાતા? વગેરે વિચાર ઘણા કર્યા. તત્પશ્ચાત્ મેં સ્વામીથી કહ્યું: હે કૃપાનાથ! તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે તે તો મને દેખાતા નથી. ત્યારે સ્વામી બોલ્યા: જે 'આંધળો' હોય તેને નથી દેખાતા

સ. દી. 2


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી મેં સ્વામીને પ્રશ્ન ન કર્યો. છાનોમાનો રહ્યો, પરંતુ જેમ કૂતરાના માથામાં ઇયળ પડી જાય તેમ મારા મસ્તિકમાં તેવી ભ્રાંતિ પડી ગઈ. હું તે ભ્રાંતિસહિત જેઠ મહિનામાં સમ્મેદશિખર ગયો. ત્યાં પણ પહાડ ઉપર, નીચે વનમાં તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્માને દેખવા લાગ્યો, ત્રણ દિવસ સુધી દેખ્યું પરંતુ ત્યાં પણ તે પ્રસિદ્ધ સિદ્ધ દેખાયા નહિ. ત્યારે ૧૦ મહિના પછી હું ફરીથી દેવેન્દ્રકીર્તિ સ્વામી પાસે આવ્યો. મેં સ્વામીને વિનંતી કરી કે 'હે પ્રભુ! તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્મા પ્રગટ છે, મને દેખાતા નથી, કૃપા કરીને આપ દેખાડો.' ત્યારે સ્વામી બોલ્યા : "જે સર્વને દેખે છે તેને દેખ! તું જ છો"—એમ સ્વામીએ મારા કાનમાં કહ્યું. તે જ સમયે મારા અંતરમાં મારી અંતર્દષ્ટિ થઈ ગઈ.

- આત્મજ્ઞાન પ્રાપ્તિ : વિક્રમ સંવત ૧૯૩૫
- સ્વર્ગવાસ : વિક્રમ સંવત–૧૯૪૮



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ભૂમિકા

ॐ तत्सत्परब्रह्मपरमात्मने नमः ॥

હું, તું, આ, તે, એ ચાર શબ્દ છે તેનો પ્રથમ નિશ્ચય જે કોઈ છે તે જ મૂળ અખંડિત અવિનાશી અચલ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ભૂમિકા છે, જેમ લાખ યોજન પ્રમાણ આ વલયાકાર જંબૂદ્વીપની ભૂમિકા છે તે ભૂમિકામાં કોઈ એક અણુરેણુ વા રાઈ નાખે તો અલ્પદૃષ્ટિવાનને આવો ભાસ થાય કે આ જંબૂદ્વીપભૂમિમાં નથી જાણવામાં આવતું કે તે એક અણુરેણુ–રાઈ કયાં પડી છે, એ જ પ્રમાણે આ ત્રણસેતેંતાલીસ (ઘન) રાજુપ્રમાણ ત્રણલોક પુરુષાકર છે, ત્યાર પછી અલોકાકાશ છે તે અલોકાકાશની અંદર આ ત્રણલોકબ્રહ્માંડ છે પરંતુ એવા અનંત બ્રહ્માંડ બીજા પણ હોય તો તે (સર્વ પણ) જે અલોકાકાશમાં અણુરેણુવત્ બનીને સમાઈ જાય, એવો આ લોકાલોક તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુભૂમિકામાં એક અણુરેણુવત્ ન જાણે કયાં પડયો છે! માટે નિશ્ચય સમજો કે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છે તે નિશ્ચય ભૂમિકા છે, જેમ સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર તન્મયીવત્ સર્વત્ર પ્રસારણ (ફેલાઈ) થઈ રહ્યો છે તેમાં એક અણુરેણુ ન જાણે કયાં પડયો છે! તેવી જ રીતે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યપ્રકાશમાં આ લોકાલોક અણુરેણુવત્ કોણ જાણે કયાં પડયો છે. એ જ ત્રિલોકસાર ગ્રંથમાં શ્રીમત્ નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીએ કહ્યું છે કે ૪૬, ૪૦, ૩૪, ૨૮, ૨૨, ૧૬, ૧૦, ૧૯ાા, ૩૭ાા, ૧૬ાા, ૧૬ાા, ૧૪ાા, ૧૨ાા, ૧૦ાા, ૮ાા, અને ૧૧ એમ સાત અને આઠ જુગલ ઉપર સોલ સ્થાનમાં ૩૪૩ રાજુ ઘનાકાર લોક કહ્યો છે.

હવે હે મુમુક્ષુજન સજ્જનમિત્ર શ્રવણ કરો, જેમ આ લોકાલોક છે તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી ભૂમિકામાં છે પરંતુ તે સમ્યગ્જ્ઞાનમયીભૂમિકાથી તન્મયી નથી તે જ પ્રમાણે હું, તું, આ, તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ ચાર પણ તન્મયી નથી માટે અણુથયો જે હું ક્ષુલ્લક બ્રહ્મચારીધર્મદાસ બનીને આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું આ પુસ્તક બનાવ્યું છે. આ પુસ્તકમાં ભૂમિકા સહિત દ્વાદશ (૧૨) સ્થલભેદ છે, તેમાં પ્રથમ તો મિથ્યાભ્રમજાલરૂપ સંસારથી સર્વથાપ્રકાર ભિન્ન થવા માટે આ ભૂમિકા એકાગ્રમન લગાવીને ભણો-(વાંચો) ત્યાર પછી ચિત્રદ્વાર જુઓ તથા તેનું વિવરણ ભણો, (પણ તેને) પોતાની સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ન સમજો-ન માનો-ન કહો.

વળી ત્રીજું સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય વસ્તુ-સ્વભાવમાં જેવો છે તેવો છે, સ્વભાવમાં તર્કનો વા સંકલ્પ-વિકલ્પનો અભાવ છે, તેના પ્રકાશમાં તેને જ પરસ્પર વિરુદ્ધચિત્ર હસ્તાંગુલી સૂચક છે-માને છે-કહે છે પણ સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યમાં તન્મયરૂપ કદાપિ કોઈ પ્રકારથી પણ સંભવતો નથી.

ચોથું જ્ઞાનાવર્ણી કર્મચિત્ર છે, તેનો અનુભવ આવો સમજવો—જેમ સૂર્યને આડાં વાદળ સમયાનુસાર સ્વયં જ આવે છે અને જાય છે તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય આદિ અજીવ વસ્તુ આવે અને જાય, અર્થાત્ જ્ઞાનને આવરણમાં નિમિત્ત છે તે જ જ્ઞાનાવરણીકર્મ છે.

પાંચમો ભેદ દર્શનાવરણીકર્મ છે, જેમ દેખવાની શક્તિ તો છે પરંતુ દર્શનાવરણ જાતિનાં કર્મ દેખવા દેતાં નથી.

છઠ્ઠું સ્થળ વેદની કર્મ છે, તેના બે ભાગ છે શાતા અને અશાતા. જેમ તલવારને લાગેલી સાકરની ચાસણીને કોઈ પુરુષ જીભથી ચાટે તે જ સમયે કિંચિત્ મીઠા સ્વાદનો ભાસ થાય છે, અને ઘણો તો જિહ્વા ખંડનના દુઃખનો ભાસ થાય છે, એ દુઃખ-સુખથી ભિન્ન સ્વભાવ થવું શ્રી ગુરુના ઉપદેશથી.

સાતમું સ્થળ મોહનીય કર્મ છે, જેમ મદિરાવશ સ્વધનની ખબર નથી તે જ પ્રમાણે મોહનીય કર્મવશ પોતાને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસ્વરૂપ સમજતો નથી–માનતો નથી પણ કાંઈનો કાંઈ રૂપ પોતાને સમજે છે–માને છે.

આઠમું સ્થળ આયુકર્મ છે, જેમ બેડીથી બંધાયેલ પુરુષ પોતાને દુઃખી સમજે છે, માને છે તે જ પ્રમાણે આયુકર્મવશ સ્વભાવદૃષ્ટિ રહિત જીવ પોતાને દુઃખી સમજે છે–માને છે, અર્થાત્ સ્વભાવદૃષ્ટિ રહિત જીવને આવો નિશ્ચય નથી કે વ્યવહારનયે આકાશવત્ અમૂર્તિક નિરાકાર ઘટઆયુ–મઠઆયુવત્ હું આયુકર્મમાં રોકાઈ રહ્યો છું.

નવમું સ્થળ નામકર્મ છે, જે સ્વભાવદૃષ્ટિરહિત છે તે નામને જ પોતાનું સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ સમજે છે માને છે, મિથ્યાદૃષ્ટિને આવો નિશ્ચય નથી કે—જન્મ–મરણ–નામાદિક શરીરના ધર્મ છે પણ જ્ઞાનવસ્તુના એ નિજધર્મ નથી.

દશમું સ્થલ ગોત્રકર્મ છે તેનું દૃષ્ટાંત—જેમ કુંભકાર નાનાં–મોટાં માટીનાં વાસણ બનાવે છે તે જ પ્રમાણે સ્વભાવદૃષ્ટિમાં ન સંભવે (એવાં) નીચગોત્ર–ઉચ્ચગોત્ર જ વિભાવદૃષ્ટિમાં જીવ નીચ–ઉચ્ચગોત્રકર્મને કરે છે તો પણ નીચગોત્ર-ઉચ્ચગોત્રથી તન્મયી બની કરતો નથી.

અગિયારમું સ્થલ અંતરાયકર્મ છે, તેનું દૃષ્ટાંત—જેમ રાજાએ ભંડારીને કહ્યું કે 'આને હજાર રૂપિઆ આપ' પરંતુ ભંડારી આપતો નથી તે જ પ્રમાણે સ્વભાવદૃષ્ટિ રહિત જીવ ઇચ્છા તો કરે છે કે 'હું દાન આપું, લાભ લઉં, ભોગ ભોગવું, ઉપભોગ ભોગવું અને પરાક્રમ–બલ–વીર્ય પ્રગટ કરું'' ઇત્યાદિ ઇચ્છા તો કરે છે પરંતુ અંતરાયકર્મ ઇચ્છાનુસાર પૂર્ણતા થવા દેતું નથી. એવું એ અંતરાયવિઘ્ન શ્રીસત્ગુરુના ચરણ શરણ થવાથી મટે છે. ( –સાચો પુરુષાર્થ કરે તો જ આત્મબળ વધે અને તે અનુસાર અંતરાયકર્મનો નાશ થાય છે. )

બારમું સ્થલ એ છે કે—કોઈને ગુરુ ઉપદેશથી સ્વસ્વરૂપનો સ્વાનુભવ થયા પછી પણ આવી ભ્રાંતિ થાય છે કે 'હું અજર અમર અવિનાશી અચલ જ્ઞાનજ્યોતિ નથી અથવા છું તો કેવી રીતે છું? મારું અને સદાકાલ જાગતિજ્યોતિ જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠિનું એકપણું કેવી રીતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે ? તથા કેવાં પુણ્યરૂપ શુભકાર્ય કરવાથી મારો અને પરમાત્માનો અચલ મેળ થશે ? પ્રત્યક્ષ હું મરું છું, જન્મું છું, દુઃખી-રોગી-શોકી-લોભી-ક્રોધી-કામી છું અને જ્ઞાનમયી પરમાત્મા તો ન મરે છે-ન જન્મે છે કે ન રોગી-શોકી-લોભી-મોહી-ક્રોધી-કામી છે તો પછી તેમનો અને મારો મેળ કેવો ? કેવી રીતે છે ? કેમ થશે ' ઇત્યાદિ ભ્રાંતિ દ્વારા કોઈ જીવ પોતાને એ જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન સમજે છે-માને છે-કહે છે; તેની એકતા-તન્મયતાની સિદ્ધિની અવગાઢતાની દૃઢતા માટે અનેક દૃષ્ટાંત દ્વારા સમાધાન આપીશ.

કોઈ મુમુક્ષુ આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને આદિથી અંતસુધી ભલાભાવપૂર્વક ભણીને પોતાને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને પ્રથમ તો અશુભ જે પાપઅપરાધ હિંસા-ચોરી-કામ-ક્રોધ-મોહ-કષાયાદિથી સર્વથા પ્રકારે ભિન્ન સમજી પછી દાન-પૂજા-વ્રત-શીલ-જપ-તપ-ધ્યાનાદિ શુભકર્મ ક્રિયાને પણ સોનાની બેડીવત્ બંધ અને દુઃખનાં કારણ સમજી પોતાનો પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન સ્વભાવવસ્તુને એ દાન-પૂજાદિ શુભકર્મ ક્રિયાથી સર્વથા પ્રકારે ભિન્ન સમજી પછી શુદ્ધથી (શુદ્ધના વિકલ્પથી) પણ પોતાને ભિન્ન સમજી આગળ અનિર્વચનીય પોતાનો પોતામાં પોતામય જેવો ને તેવો નિરંતર જેવો છે તેવો તેનો તે જ આદિ અંતપૂર્ણ સ્વભાવસંયુક્ત રહેવું. વળી ઉપર અમે લખ્યું છે કે— શુભ, અશુભ અને શુદ્ધ એ ત્રણ છે એ ત્રણેની વિસ્તીર્ણતા પ્રથમ મિથ્યાત્વગુણસ્થાનથી માંડીને અંતનું ચૌદમું ગુણસ્થાન જે અયોગકેવલી છે ત્યાં સુધી સમજવી.

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં એ શુભ, અશુભ અને શુદ્ધ આદિ સંકલ્પ, વિકલ્પ, તર્ક, વિતર્ક, વિધિ નિષેધ કદી પણ સંભવતા નથી. અર્થાત્ સ્વભાવમાં તર્કનો અભાવ છે; હે મુમુક્ષુ જીવમંડલી ! ધ્યાન કરો તમે ક્યાંથી આવ્યા છો ? ક્યાં જશો ? તમે ક્યાં છો ? શું છો-કેવાં છો ? તમારું કોણ છે ? કોના તમે છો ? વળી આ શુભ-અશુભ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ એ ત્રણે વિકલ્પથી તમારું સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને એક તન્મયી ન સમજો–ન માનો–ન કહો, એ અશુભાદિક ત્રણે સમ્યગ્જ્ઞાન સ્વભાવમાં ત્યાજ્ય જ છે, જે ભૂમિમાં આ લોકાલોક અણુ–રેણુવત્ ન જાણે કયાં પડયાં છે. ચલાચલરહિત એવી ભૂમિકાથી સર્વથા પ્રકારે ભિન્ન તમારું તમારાથી સદાકાલ તન્મયી સ્વસ્વરૂપ સ્વાનુભવ-ગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ વસ્તુસ્વરૂપ સમજો, મન દ્વારા માનો, જેમ દીપકને દેખવાથી દીપકની નિશ્ચયતા-અવગાઢતા–અચલતા થાય છે તે જ પ્રમાણે આ સમ્યગ્જ્ઞાન દીપિકા ભણવા- વાંચવાથી જરૂર નિશ્ચય બ્રહ્મજ્ઞાનરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ થશે, તથા સમ્યગ્જ્ઞાનરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ તથા તેની નિશ્ચયતા, અવગાઢતા, અચલતા થશે.

જુઓ! સાંભળો! જૈનાચાર્યે જૈનગ્રંથમાં કહ્યું છે કે— સમ્યક્ત્વ-વિના જપ, તપ, નિયમ, વ્રત, શીલ, દાન અને પૂજાદિક શુભકર્મ–શુભભાવાદિક વૃથા તૃષખંડવત્ ( તરખલાંના કટકા જેવા ) છે, વળી વિષ્ણુમાં પણ કહ્યું છે કે—' ब्रह्म जानाति ब्राह्मणः ' અર્થાત્ બ્રહ્મને તો જાણતાં નથી અને સંધ્યા, તર્પણ, ગાયત્રી, મંત્રાદિ ભણવા તથા સાધુ–સંન્યાસી વેષ ધારવા સુધી સર્વ વૃથા છે, બધા સારનો સાર સદાકાલ જ્ઞાનમયી જાગતી જ્યોતિના લાભની જેને ઇચ્છા હોય તથા જન્મ-મરણાદિ વજ્ર-દુઃખથી સર્વથા પ્રકારે ભિન્ન થવાની જેને ઇચ્છા હોય તેણે પ્રથમ ગુરુ આજ્ઞા લઈને આ પુસ્તક આદિથી અંત સુધી ભણવું.

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ માટે અમે આ પુસ્તકમાં અશુભ, શુભ, શુદ્ધ એ ત્રણેનો નિષેધ લખ્યો છે તે તો પુદ્‌ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાલદ્રવ્ય એ પાંચ દ્રવ્યોથી તન્મયી અસ્તિ સમજવો, વળી કોઈ અશુભની સાથે પોતાના સ્વરૂપ જ્ઞાનની એકતા માને છે-સમજે છે–કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે તથા અશુભને ખોટાં-બૂરાં સમજી જપ–તપ–વ્રત–શીલ અને દાન–પૂજાદિક શુભની સાથે પોતાના સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન સ્વભાવની એકતા સમજે છે–માને છે–કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે તથા શુભ–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુભ બંનેને તથા પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનને એક તન્મયીરૂપ સમજે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તથા કોઈને આવો વિચારભાવ હોય કે— શુભાશુભથી ભિન્ન હું શુદ્ધ છું, એવા વિકલ્પની સાથે પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને એક તન્મયરૂપ સમજે છે–માને છે–કહે છે તે પણ સ્વભાવપૂર્ણદૃષ્ટિ વિનાનો સમજવો.

સ્વભાવ સમ્યગ્જ્ઞાનદૃષ્ટિવાન કોઈ પંડિત હશે તે તો આ પુસ્તકની અશુદ્ધતા–પુનરુક્તિદોષ કદાચિત્ કોઈ પ્રકારથી પણ ગ્રહણ કરશે નહિ પણ ન્યાય વ્યાકરણ તર્ક છંદ કોષ અને અલંકારાદિ શુદ્ધ શાસ્ત્રથી પોતાના સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનસ્વભાવને અગ્નિ–ઉષ્ણતાની માફક એક તન્મયી સમજે છે–માને છે–કહે છે એવો પંડિત જરૂર આ ગ્રંથની અશુદ્ધતા–પુનરુક્તિદોષ ગ્રહણ કરશે; વળી જેમ સ્વયંસિદ્ધ પરમાત્મા અષ્ટ કર્મ તથા દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરહિત અખંડ અવિનાશી અચલથી સૂર્યપ્રકાશવત્ એક તન્મય વસ્તુ છે તે વસ્તુનો લાભ વા પ્રાપ્તની પ્રાપ્તિ થવા યોગ્ય હતી તે અમને થઈ, યથા:—

હોની થી સો હો ગઈ, અબ હોનેકી નાહિં;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, ઇસી જગતકે માંહિ.

અર્થાત્—જેમ દીપકથી દીપક ચેતતો આવ્યો છે તે જ પ્રમાણે ગુરુઉપદેશદ્વારા જ્ઞાન થતું આવ્યું છે, એ વાર્તા અનાદિ છે, સદ્ભૂત વ્યવહારમાં જેમ કોઈ ગુરુનાં વચનદ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્-જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ થયા પછી એવા અપૂર્વ ઉપકારનો લોપ કરીને ગુરુના નામને પ્રસિદ્ધ કરતો નથી, ગુરુનાં કીર્તિ, મહત્તા, જશ અને ગુણાનુવાદ કરતો નથી તે મહાપાતકી, પાપી, અપરાધી, મિથ્યાદૃષ્ટિ અને હત્યારો છે, અર્થાત્ ગુરુપદને કદી કોઈ પ્રકારથી પણ ગુપ્ત રાખવું શ્રેષ્ઠ નથી. એ જ મારા દ્વારા હું સત્ય કહું છું.

મારા શરીરનું નામ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ છે, વર્તમાનકાલમાં એ જ હું કહું છું, શ્રવણ કરો, માલવાદેશ મુકામ ઝાલારાપાટણમાં નગ્નદિગંબર શ્રીમત્ સિદ્ધસેનમુનિ મને દીક્ષા, શિક્ષા, વ્રત, નિયમ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારવેષદાતા ગુરુ છે, તથા વરાડદેશમાં મુકામ કારંજા પટ્ટાધીશ શ્રીમત્ દેવેન્દ્રકીર્તિભટ્ટારકજીના ઉપદેશ દ્વારા મને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ આપવાવાળા શ્રી સદ્ગુરુ દેવેન્દ્રકીર્તિજી છે, માટે હું મુક્ત છું, બંધ મોક્ષથી સર્વથા પ્રકારે વર્જિત સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છું. એ જ સ્વભાવવસ્તુ શબ્દવચન દ્વારા શ્રીમત્ દેવેન્દ્રકીર્તિ તત્પટે રતનકીર્તિજીને હું ભેટમાં અર્પણ કરી ચૂકયો છું. વળી ખાનદેશ મુકામ પારોલામાં શેઠ નાનાશાહ તત્પુત્ર પીતાંબરદાસજી આદિ ઘણા સ્ત્રી–પુરુષોને તથા આરા, પટણા, છપરા, બાઢ, ફલટણ, ઝાલારાપાટણ, બરાનપુર આદિ ઘણા શહેરો–ગામોમાં ઘણાં સ્ત્રી–પુરુષોને સ્વભાવ સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ આપી ચૂકયો છું. ઉપર લખેલું સર્વ વ્યવહાર-ગર્ભિત સમજવું, વળી સર્વ જીવરાશિ જે સ્વભાવથી તન્મયી છે તે જ સ્વભાવની સ્વભાવના સર્વ જીવરાશિને થાઓ એવી મારા અંતઃકરણમાં ઇચ્છા થઈ છે તે ઇચ્છાના સમાધાન અર્થે આ પુસ્તક બનાવ્યું છે અને તેના પાંચસો પુસ્તક છપાવ્યા છે, આ પાંચસો પુસ્તક પ્રસિદ્ધ થવાની સહાયતા અર્થે રૂા. ૧૦૦, એકસો જિલ્લા શ્યાહાબાદ મુકામ આરામાં મખનલાલજીની કોઠીમાં બાબુ વિમલદાસજીની વિધવા તેની તે જ તથા અમારી શિષ્યા દ્રૌપદીદેવીએ આપ્યા છે, વિશેષ ખર્ચા માટે જેમ જેમ મારા વચનોપદેશ દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-વસ્તુ થવા યોગ્ય થયા કરે તે સદાકાલ અખંડ અવિનાશી ચિરંજીવ રહો, ઇતિ સમ્યગ્જ્ઞાન દીપિકાની પ્રથમ ભૂમિકા સમાપ્ત.

પ્રશ્ન—જિનેન્દ્ર કોણ છે? ઉત્તર—જ્ઞાનભાનું જિનેન્દ્ર છે. પ્રશ્ન—જિનેન્દ્રની પૂજા કરવી કે ન કરવી? ઉત્તર—પૂજા કરવી પરંતુ સમ્યગ્જ્ઞાન-વસ્તુ છે તે જ જિનેન્દ્ર છે, પણ અજ્ઞાન વસ્તુને કોઈ જિનેન્દ્ર માને છે, સમજે છે, કહે છે તે મિથ્યાદૃષ્ટિ છે. પ્રશ્ન—જ્ઞાન કોણ છે? ઉત્તર—તન–મન–ધન–વચનને તથા તન-મન-ધન-વચનનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મને અનાદિથી જ સહજ સ્વભાવથી જ જાણે છે તે જ જ્ઞાન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન—મંદિરમાં પદ્માસન-ખડ્ગાસન ધાતુ-પાષાણની મૂર્તિ છે, શાસ્ત્ર તથા જલ-ચંદનાદિ અષ્ટદ્રવ્ય અને મંદિર આદિ એ બધાં જ્ઞાન છે કે અજ્ઞાન છે? ઉત્તર—મંદિર, પ્રતિમાદિક, અજ્ઞાન, અજીવ છે પણ એ સર્વેને માત્ર જે જાણે છે તે જ જ્ઞાન છે. પ્રશ્ન—કેવલજ્ઞાન છે તે શુભાશુભ દાન પૂજાદિ ક્રિયા-કર્મનું કર્તા છે કે કર્તા નથી? ઉત્તર—કેવલજ્ઞાન છે તે (આત્મા જ્ઞાનમાત્ર છે તેથી) કિંચિત્‌માત્ર પણ શુભાશુભ, દાન, પૂજાદિ ક્રિયાકર્મને કરતું નથી, માત્ર જાણે જ છે. પ્રશ્ન—તો આ શુભાશુભ કોણ કરે છે? ઉત્તર—નિશ્ચયનયથી જેનો જે તેનો તે જ કર્તા છે તથા વ્યવહારનયથી શુભાશુભકર્મથી અતત્સ્વરૂપ અતન્મયી થઈને જ્ઞાન કર્તા છે.

શું કરું? કહેતાં લાજ શરમ ઉપજે છે તો પણ કહું છું, જેમ સૂર્યથી પ્રકાશ કદી પણ ભિન્ન થયો નથી, થશે નહિ તથા ભિન્ન છે નહિ તેમ જેનાથાં દેખવું-જાણવું કદી પણ ભિન્ન થયું નથી, થશે નહિ તથા ભિન્ન છે નહિ, એવા કેવલજ્ઞાનમયી પરમાત્માથી એક નેત્રના ટમકારમાત્ર-સમયકાલમાત્ર પણ કોઈ જીવ ભિન્ન રહે છે તે જીવ સંસારી મિથ્યાદૃષ્ટિ પાતકી છે, જેમ સૂર્યથી અંધકાર અલગ છે તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપી જિનેન્દ્રથી પોતાને અલગ સમજીને ધાતુ-પાષાણની દેવમૂર્તિનાં દર્શન-પૂજાદિક કરે છે તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે, તથા જેમ સૂર્યથી પ્રકાશ તન્મયી છે તેમ જ્ઞાનસ્વરૂપી જિનેન્દ્રથી ગુરુ ઉપદેશાનુસાર તન્મયી થઈને પછી ધાતુ-પાષાણની મૂર્તિનાં દર્શન-પૂજાદિક કરે છે તે સમ્યગ્દૃષ્ટિ ધન્યવાદ યોગ્ય છે.

હે મારા મિત્ર! દાન, પૂજા, વ્રત, શીલ, જપ, તપ અને નિયમ આદિ શુભકર્મ ક્રિયાભાવ કરો તથા અશુભ જે પાપ, અપરાધ, જૂઠ, ચોરી, કામ અને કુશીલ પણ કરો, અર્થાત્ શુભાશુભ કામ-કર્મ-ક્રિયા ઇચ્છાનુસાર ભલે કરો, પરંતુ સમજીને કરો; લૌકિક વચન પણ પ્રસિદ્ધ છે કે—'જુઓ ભાઈ! જો તમે સમજીને કામ-કાર્ય કરતા હોત તો નુકસાન-બગાડ શા માટે થાત! પણ વગર સમજે આ કામ-કાર્ય તમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યું તેથી નુકસાન થયું'. તમે પૂર્વે અનંતવાર પ્રત્યક્ષ સમોવસરણમાં (ખુદ) કેવલી ભગવાનની મોતી, અક્ષત, રત્ન અને કલ્પવૃક્ષનાં પુષ્પાદિકથી પૂજા કરી, પ્રત્યક્ષ દિવ્યધ્વનિ સાંભળી, મુનિવ્રત-શીલ અનંતવાર ધારણ કર્યાં અને કામ, ક્રોધ, લોભાદિક પણ અનંતકાળથી કરતા ચાલ્યા આવો છો, એમ સર્વ શુભાશુભ વગર સમજે કરતા ચાલ્યા આવ્યા છો.

જુઓ! વિના સમજે કંઠમાં મોતીની માળા છે છતાં ભંડારમાં શોધે છે, વિના સમજે જ કસ્તૂરીમૃગ કસ્તૂરીને શોધે છે, વિના સમજે જ પોતાની છાયાને જ ભૂત માને છે, વિના સમજે જ નદીના જલને શીઘ્ર વહેતું દેખીને પોતાને જ વહેતો માને છે, વિના સમજે જ કાખમાં પુત્ર છે છતાં ગામ-દેશમાં શોધે છે, વિના સમજે જ સંસારી મિથ્યાત્વી, વિષયભોગ-કામ-કુશીલ તો છોડતા નથી અને દાન, પૂજા, વ્રત, શીલાદિક છોડી પોતાને જ્ઞાની માને છે-કહે છે-સમજે છે.

તથા વિના સમજે જ સદાકાળ જાગતિજ્યોતિસ્વસ્વરૂપ સ્વાનુભવ-ગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની કદી પણ તન્મયીતા તો પોતાથી થઈ નથી છતાં મૂર્ખ, વ્રત-જપ-તપ-શીલ-દાન-પૂજાદિક કરે છે, તે સર્વ ઘૃતના માટે જળમંથન સમાન નિરર્થક જ કરવા જેવું છે. એટલા માટે સર્વ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મને તથા જન્મ-મરણ-નામ-જાતિ-કુલ વા તન-મન-ધન-વચનાદિકને પ્રથમ સમજવા શ્રેષ્ઠ છે.

॥ ઇતિ ભૂમિકા સમાપ્ત ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા

પૃષ્ઠ


| | |
|---|---|
| પ્રકાશકીય | ૩ |
| ગ્રંથકર્તાની સૂચના | ૫ |
| ગ્રંથકર્તાની પ્રસ્તાવના | ૬ |
| આત્મ-કથા | ૮ |
| ભૂમિકા | ૧૧ |
| ચિત્ર વિવરણ | ૨૧ |
| અથ સમ્યગ્જ્ઞાનદીપિકા પ્રારંભ | ૧ |
| અથ વસ્તુસ્વભાવ વિવરણ | ૬ |
| જ્ઞાનાવરણીકર્મ વિવરણ | ૧૫ |
| દર્શનાવરણીકર્મ વિવરણ | ૧૭ |
| વેદનીયકર્મ વિવરણ | ૧૯ |
| મોહનીયકર્મ વિવરણ | ૨૧ |
| આયુકર્મ વિવરણ | ૨૩ |
| નામકર્મ વિવરણ | ૨૫ |
| ગોત્રકર્મ વિવરણ | ૨૭ |
| અંતરાયકર્મ વિવરણ | ૨૯ |
| ભ્રાંતિખંડન દૃષ્ટાંત | ૩૧ |
| કેવલ દૃષ્ટાંત-સંગ્રહ પ્રારંભ | ૮૫ |
| નયદ્વારા આત્મવસ્તુ વિવરણ | ૮૯ |
| આત્મપ્રાપ્તિનો પ્રકાર | ૯૬ |
| અથ આકિંચન ભાવના | ૧૦૮ |
| ભેદજ્ઞાન વિવરણ | ૧૧૦ |
| બ્રહ્મરૂપી સંવત્સર | ૧૧૬ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ચિત્ર–વિવરણ સૂચી


| ચિત્ર ક્રમાંક | | વિવરણ પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ચિત્રદ્વાર | ૫ |
| ૨ | ચિત્ર હસ્તાંગુલી ચક્ર અને સ્વરૂપાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય | ૭ |
| ૩ | જ્ઞાનાવરણીય કર્મનું ચિત્ર | ૧૬ |
| ૪ | દર્શનાવરણીય કર્મનું ચિત્ર | ૧૭ |
| ૫ | વેદનીય કર્મનું ચિત્ર | ૧૯ |
| ૬ | મોહનીય કર્મનું ચિત્ર | ૨૧ |
| ૭ | આયુ કર્મનું ચિત્ર | ૨૩ |
| ૮ | નામ કર્મનું ચિત્ર | ૨૫ |
| ૯ | ગોત્ર કર્મનું ચિત્ર | ૨૭ |
| ૧૦ | અંતરાય કર્મનું ચિત્ર | ૨૯ |
| ૧૧ | મોતીની માળા પુરુષના કંઠમાં છે પણ શોધે છે ભંડારમાં | ૩૩ |
| ૧૨ | સંસાર દર્શન | ૩૬ |
| ૧૩ | ષટ્ મતવાળા | ૪૪ |
| ૧૪ | હે કબીર ! મોક્ષનો સંકેત જિન-પ્રતિમામાં રહેલો છે. | ૪૫ |
| ૧૫ | કોઈ પુરુષ વૃક્ષને બાથ ભરીને ઊભો છે અને કહે છે કે મને છોડાવો | ૫૧ |
| ૧૬ | શાહૂકારની હવેલીમાં એક કૂતરું ચોરને જોઈને... | ૬૩ |
| ૧૭ | ધ્વનિ ‘તૂં હી’, પ્રતિધ્વનિ ‘તૂં હી’ | ૬૮ |
| ૧૮ | દસ પુરુષ નદી પાર કરીને કિનારે ઊભા રહીને ગણતરી કરે છે........ | ૭૪ |
| ૧૯ | સિંહ કૂવામાં પોતાની છાયા દેખીને અને પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને....... | ૯૬ |
| ૨૦ | વાંદરો ઘડામાં ચણાની મુઠ્ઠી ભરી છે તે છોડતો નથી અને માને છે કે મને કોઈએ પકડી લીધો છે. | ૯૯ |
| ૨૧ | આ ભ્રમ–અંધકારમય સંસારભુવનમાં તે સ્વભાવ સમ્યગ્જ્ઞાનમય–રત્નત્રયમય રત્નને ઢૂંઢે તો........ | ૧૧૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

(આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમ કે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકાસનો અંશ છે તેથી એમ કહ્યું કે, ચેતનાગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતાં ચેતના.... ચેતના.... ચેતના.... સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે, એ ચેતનાગુણ ઉપર દ્રષ્ટિ આપતાં રાગથી ભિન્ન પડે, તે એનું સાધન છે.

—પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




ચિત્ર ક્રમાંક-૧ * ચિત્રદ્વાર * વિવરણ પૃષ્ઠ-૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ચિત્ર ક્રમાંક-૨ * ચિત્ર હસ્તાંગુલી ચક્ર * વિવરણ પૃષ્ઠ-૭
અને સ્વરૂપાનુભવગમ્ય
સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્ર ક્રમાંક-૩ * જ્ઞાનાવરણીય કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૧૬



ચિત્ર ક્રમાંક-૪ * દર્શનાવરણીય કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૧૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




ચિત્ર ક્રમાંક-૫ * વેદનીય કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૧૯



ચિત્ર ક્રમાંક-૬ * મોહનીય કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૨૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્ર ક્રમાંક-૭ * આયુ કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૨૩




ચિત્ર ક્રમાંક-૮ * નામ કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૨૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




ચિત્ર ક્રમાંક-૯ * ગોત્ર કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૨૭




ચિત્ર ક્રમાંક-૧૦ * અંતરાય કર્મનું ચિત્ર * વિવરણ પૃષ્ઠ-૨૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



मोतीकी माला पुरुषके गलेमें है, परंतु खोजता है भण्डारमें।


ચિત્ર ક્રમાંક-૧૧ * મોતીની માળા પુરુષના * વિવરણ પૃષ્ઠ-૩૩
કંઠમાં છે પણ શોધે છે ભંડારમાં.



बस! एक बूँद और.... एक बूँद और....


ચિત્ર ક્રમાંક-૧૨ * સંસાર દર્શન * વિવરણ પૃષ્ઠ-૩૬

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दृष्टांतः जन्मान्धयत् षट्मत

ચિત્ર ક્રમાંક-૧૩ * ષટ્ મતવાળા * વિવરણ પૃષ્ઠ-૪૪




ચિત્ર ક્રમાંક-૧૪ * હે કબીર! મોક્ષનો * વિવરણ પૃષ્ઠ-૫૧
સંકેત જિન-પ્રતિમામાં રહેલો છે.


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वयं बाथ भरकर, छुड़ानेके लिए पुकारता है।

ચિત્ર ક્રમાંક-૧૫ * કોઈ પુરુષ વૃક્ષને બાથ * વિવરણ પૃષ્ઠ-૪૫
ભરીને ઊભો છે અને કહે છે કે મને છોડાવો




चोरको देखनेवाला भँसता है, सुनकर नहीं देखनेवाला भी भँसता है।


ચિત્ર ક્રમાંક-૧૬ * શાહૂકારની હવેલીમાં * વિવરણ પૃષ્ઠ-૬૩
એક કુતરું ચોરને જોઈને...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





ચિત્ર ક્રમાંક-૧૮ ✻ દસ પુરુષ નદી પાર ✻ વિવરણ પૃષ્ઠ-૭૪
કરીને કિનારે ઊભા
રહીને ગણતરી કરે છે...



ચિત્ર ક્રમાંક-૧૭ ✻ ધ્વનિ 'તૂં હી', ✻ વિવરણ પૃષ્ઠ-૬૮
પ્રતિધ્વનિ 'તૂં હી'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



प्रतिबिंबको देखकर दूसरे सिंह होनेका भ्रम

ચિત્ર ક્રમાંક–૧૯ * સિંહ કૂવામાં પોતાની * વિવરણ પૃષ્ઠ–૯૯
છાયા દેખીને અને પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને...



घडेमें मुठ्ठी बाधनेसे हाथ फस गया
भ्रम हुआ, मुझे किसीने पकड लिया है।

ચિત્ર ક્રમાંક–૨૦ * વાંદરો ઘડામાં ચણાની * વિવરણ પૃષ્ઠ–૯૯
મુઠ્ઠી ભરી છે તે છોડતો નથી અને માને છે કે મને
કોઈએ પકડી લીધો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્ર ક્રમાંક-૨૧ * આ ભ્રમ-અંધકારમય * વિવરણ પૃષ્ઠ-૧૧૪
સંસારભુવનમાં તે સ્વભાવ સમ્યગ્જ્ઞાનમય-રત્નત્રયમય
રત્નને ઢૂંઢે તો...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ नमः

# अथ सम्यग्ज्ञानदीपिका प्रारम्भ

## સ્વસ્વરૂપ સ્વાનુભવ સૂચક શ્લોક

**महावीरं नमस्कृत्य, केवलज्ञानभास्करम् ।**
**सम्यग्ज्ञानदीपस्य, मयाकिंचित्प्रकाश्यते ॥**

अथ अनादि अनन्त जिनेश्वरम्
सरस सुन्दर बोधमयि परम्,
परम मंगलदायक है सही
नमत हूँ इस कारण शुभ मही.

અથ વચનિકા:—મૂળ વસ્તુ બે છે, જ્ઞાન અને અજ્ઞાન. જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે તેમ જે વસ્તુમાં દેખવા-જાણવાનો ગુણ સ્વભાવથી જ છે તે વસ્તુ તો કેવલ જ્ઞાન છે તથા જે વસ્તુમાં સ્વભાવથી જ દેખવા-જાણવાનો ગુણ નથી તે જ અજ્ઞાન વસ્તુ છે. તન-મન-ધન-વચન-શબ્દાદિક અજ્ઞાનની સાથે એવાં મળેલાં છે કે જેમ કાજલની સાથે કલંક મળી રહ્યું છે, વળી જેમ કેવલ જ્ઞાનમાં દેખવા-જાણવાનો ગુણ છે તેમ શબ્દમાં કહેવાનો ગુણ છે. જ્ઞાનવસ્તુ સ્વ-પરને દેખે છે-જાણે છે, તે પોતે જ પોતાને પોતાથી પોતારૂપ તન્મયી બનીને જાણે છે, વળી જ્ઞાનથી સર્વથા પ્રકારે ભિન્નવસ્તુ છે તેને જ્ઞાન જાણે છે ખરું પરંતુ તે જડ અજ્ઞાનમય વસ્તુથી તન્મયી થઈને જાણતું નથી. વળી કથન કરવાનો ગુણ અજ્ઞાનમય શબ્દમાં છે, એ શબ્દ સ્વ-પરની વાર્તા કહે છે પરંતુ તે સ્વ-પરને જાણતો નથી, પોતાનાથી તો તન્મયી થઈને કહે છે અને પરથી અતન્મયી થઈને કહે છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવવસ્તુ છે તેમાં અને શબ્દાદિક અજ્ઞાનવસ્તુ છે તેમાં પરસ્પર સૂર્ય-અંધકાર જેટલો (જેવો) અંતરભેદ મૂળથી જ છે, તોપણ શબ્દ છે તે પરમાત્મા જ્ઞાનમયીની વાર્તા કહે છે.

પ્રશ્ન—શબ્દ, અજ્ઞાનવસ્તુ છે, તે સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માને જાણતો નથી તો પછી તે સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માની વાર્તા કેવી રીતે કહે છે?

ઉત્તર—જેમ કોઈ ચંદ્રદર્શનનો લોભી કોઈ ગુરુ-સંગથી નમ્રતાપૂર્વક જિજ્ઞાસાથી (પૂછે છે કે) 'ચંદ્ર કયાં છે?' ત્યારે ગુરુએ કહ્યું કે—'આ ચંદ્રમાં મારી આંગળીના ઉપર (છે)' હવે અહીં વિચાર કરો કે—શબ્દ, આંગળી અને ચંદ્રને જેટલો અંતરભેદ છે તેટલો જ ભેદ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માને તથા શબ્દને સમજવો.

એ પ્રમાણે કહેવાનો ગુણ તો શબ્દમાં છે પણ જાણવાનો ગુણ કેવલ જ્ઞાનમાં છે, જેમ જે નગરમાં અજ્ઞાની રાજા છે તેના ઉપર કેવલ જ્ઞાની રાજા થઈ શકે છે પરંતુ જે નગરમાં કેવલ જ્ઞાની રાજા છે તેના ઉપર કોઈ પણ અધિષ્ઠાતા રાજા થવો સંભવતો નથી.

હવે હે કેવલજ્ઞાનસ્વરૂપી સૂર્ય! તું મૂળ સ્વભાવથી જ જેવો ને તેવો—જેવો છે તેવો—તે નો તે જ છે, તું કેવલજ્ઞાનમયી સૂર્ય જ છે. તું ન સાંભળતો જ સાંભળ, તને કરમ-ભરમ પુદ્‌ગલનો વિકાર કાળો, પીળો, લાલ, ધોળો, લીલો (તથા અનેક પાપ-પુણ્યરૂપ વાદળ-વીજળી આદિ આડાં આવે-જાય તોપણ તું તને કેવલજ્ઞાનમયી સૂર્ય જ સમજ-માન! જો તું તને કેવલજ્ઞાનમયી સૂર્ય નહિ સમજે -નહિ માને તો તને તારો જ ઘાત કરવાનું પાપ લાગશે, અને 'આપઘાતી મહાપાપી' એવું પ્રસિદ્ધ વચન છે.

પ્રશ્ન—હાં! હાં! હાં! હું કેવલજ્ઞાનમયી સૂર્ય તો નિશ્ચય છું, પરંતુ હું તન-મન-ધન-વચનાદિકથી એવો ભિન્ન છું કે જેવો અંધારાથી સૂર્ય ભિન્ન છે તેવો, છતાં હું મને કેવલ જ્ઞાનમયીસૂર્ય શા વડે થઈને સમજું-માનું તે કહો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તર—ન સાંભળતો જ સાંભળ! શ્રી આત્મખ્યાતિ ગ્રંથમાં કુંદકુંદાચાર્યે ગ્રંથના પ્રથમ આરંભમાં જ કહ્યું છે કે—જીવદ્વાર, અજીવદ્વાર, આસ્રવદ્વાર, સંવરદ્વાર, નિર્જરાદ્વાર, બંધદ્વાર, મોક્ષદ્વાર, પાપદ્વાર, પુણ્યદ્વાર, સર્વવિશુદ્ધિદ્વાર, કર્તાદ્વાર અને કર્મદ્વાર એ બાર દ્વારા તું તને નિશ્ચયથી સમજ; તથા હું, તું, આ અને તે એ ચાર દ્વારા દ્વારરૂપ થઈને તું તને નિશ્ચય સમજ; વા તન-મન-વચન-ધનાદિ દ્વારા તું તને નિશ્ચય સમજ; વા પુદ્ગલ તો આકાર (રૂપ) તથા ધર્મ-અધર્મ-આકાશ-કાળ છે તે નિરાકાર (છે) માટે આકાર-નિરાકાર દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; તથા 'નહિ અને છે' એ બે દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; તથા નિશ્ચય-વ્યવહાર દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; વા નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; વા જન્મ-મરણ-સુખ-દુઃખ-શુભ-અશુભ એ વિચારો દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ તથા સંકલ્પ-વિકલ્પ-ભાવ-અભાવ દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; વેદ-પુરાણ-શાસ્ત્ર-સૂત્ર-સિદ્ધાંત દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; તથા દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ દ્વારા થઈને તું તને નિશ્ચય સમજ; અને પૂર્વોક્ત સમજથી વિશેષ સમજ, ગુરુના વચન-દ્વારા તું તને નિશ્ચય સમજ.

વળી સાંભળ! જેમ સૂર્ય અને પ્રકાશ એકમય છે તેમ પૂર્વોક્ત દ્વારને અને તું તને (પોતાને) એકમયી સમજીશ-માનીશ તો તું આપઘાતી-મહાપાપી-મિથ્યાદૃષ્ટિ થઈશ. જેમ કોઈ દ્વારને જ પોતાનું સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયીસ્વભાવ સમજશે-માનશે તો તે આપઘાતી-મહાપાપી-મિથ્યાદૃષ્ટિ બની રહેશે. જેમ એક મોટા ભારે નગરને અનેક સુંદર દ્વારો છે ત્યાં ઇચ્છામાં આવે તે કોઈ દ્વારમાં થઈને શહેરમાં પ્રવેશ કરો, પ્રવેશ કરવાવાળો તો નગરમાં પહોંચી જશે. વિચાર કરો! એ શહેરની અંદર મહેલ-મંદિર-મકાન છે તેને સહસ્ર લક્ષ આદિ દ્વાર છે તથા એ શહેરમાં પ્રવેશ કરવાવાળાના શરીરમાં દશ દ્વાર તો પ્રસિદ્ધ જ છે પણ વિશેષમાં રોમરોમ પ્રતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છિદ્ર છે માટે શહેરમાં પ્રવેશ કરવાવાળાના શરીરમાં જ લક્ષ-કોટિ આદિ દ્વાર છે માટે પૂર્વોક્ત વિચાર દ્વારા અનાદિ અનંત સંસાર-અપાર સંસાર દ્વારા થઈને પોતાનો પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને તથા પૂર્વોક્ત દ્વારને અગ્નિ-ઉષ્ણતાવત્, સૂર્ય-પ્રકાશવત્ એકપણું ન સમજો-ન માનો. જેમ 'રાજદ્વાર' એમ કહેતાં આવો ભાવ ભાસ્યમાન થાય છે કે— 'જે દ્વારની અંદર થઈને રાજા આવે છે-જાય છે તે' પરંતુ એમ ન સમજવું કે 'રાજા છે તે જ દ્વાર છે તે તથા દ્વાર છે તે જ રાજા છે' માત્ર કથનમાત્ર રાજદ્વાર છે પણ દ્વાર છે તે દ્વાર જ છે અને રાજા છે તે રાજા જ છે, એ જ પ્રમાણે સર્વ દ્વાર-દ્વાર પ્રત્યે સમજવું. કે જેનું જે તે જ દ્વાર છે. કારણ કે સૂર્યને દેખવાથી સૂર્યની જાણ થાય છે, તે જ પ્રમાણે જેને દેખવાથી જેની (તેની) જ જાણ થાય છે, આ બધી અણહોવા જેવી યુક્તિ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ માટે અમે કરી છે. બીજી પણ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુસૂચક યુક્તિ આગળ કહીશું, તમે એ દ્વારમાં થઈને આવો-જાઓ, અથવા અમુક દ્વારમાં થઈને આવો-જાવો; મોક્ષદ્વાર, જીવદ્વાર, અજીવદ્વાર, ધ્યાનદ્વાર ઇત્યાદિક દ્વારમાં થઈને આવો જાઓ. જો નહિ આવો નહિ જાઓ તો તમે તમારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં જેવા ને તેવા જેવા છો તેવા તેના તે જ છો—તેવા જ રહો.

હે સૂર્ય! તું તારા પ્રકાશગુણસ્વભાવને છોડી અમાવસ્યાની મધ્યરાત્રિના અંધકારવત્ ન થા! તે જ પ્રમાણે હે કેવલ જ્ઞાનમયી-સૂર્ય! તું તારા ગુણસ્વભાવથી નિરંતર સદાય ઉદયરૂપ છે તેવો ને તેવો રહે. કદી પણ કોઈ પ્રકારથી પણ તું તન-મન-ધન-વચન-શબ્દાદિક વા પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાલાદિવત્ ન થા! ન થા!

એ પ્રમાણે ચિત્રદ્વાર વિવરણ યુક્તિ સંપૂર્ણ. બે હસ્તઅંગૂલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્ર દ્વારા (ચિત્ર ક્રમાંક: ૧) પરસ્પર ઉપદેશરૂપ સૂચક છે તેનો અનુભવ આ પ્રમાણે લેવો—આ એક દ્વાર છે; તેમાં એક કહે છે કે આ દ્વારમાં થઈને તમે આ તરફ જશો તો તમને જીવ-ચેતન-જ્ઞાનનો લાભ થશે, તથા બીજો કહે છે કે આ દ્વારમાં થઈને તમે આ તરફ જશો તો તમને અજીવ-અચેતન-અજ્ઞાન અને જડનો લાભ થશે. જો તમે અમારા કહેવાથી જીવ-અજીવ, જ્ઞાન-અજ્ઞાનનાં લક્ષ-લક્ષણ અને જાતિ આદિ પરસ્પર ભિન્ન અભિન્ન સમજીને દુવિધા-દ્વૈતપણાના વિકલ્પ ત્યાગી બંને તરફ નહિ જાઓ તો તમે તમારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં સ્વભાવથી જ જેવા ને તેવા, જેવા છો તે ના તે જ, જ્યાં ને ત્યાં જ, ચલાચલ રહિત રહેશો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ૐ નમઃ

# અથ વસ્તુસ્વભાવ વિવરણ

સમ્યગ્જ્ઞાનસ્વભાવમેં, લીન થયા જિનરાજ;
ધર્મદાસ ક્ષુલ્લક કરે, નમું નમું નિશદિન જાસ.

મૂળ વસ્તુ બે છે, એક જ્ઞાન તથા બીજી અજ્ઞાન. વળી અજ્ઞાન વસ્તુ પાંચ છે—પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ. એ પાંચ દ્રવ્ય છે; તેમાં પુદ્‌ગલનો તો મૂર્તિક-આકાર છે તથા બાકીનાં ચાર દ્રવ્ય અમૂર્તિક-નિરાકાર છે તેમાં જ્ઞાનગુણ નથી. જીવ પણ અમૂર્તિક-નિરાકાર છે પરંતુ જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે તેમ જીવમાં જ્ઞાનગુણ છે માટે જીવવસ્તુ ઉત્તમ છે; પણ જે જીવ, ગુરુઉપદેશથી પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્-જ્ઞાનમયી સ્વભાવવસ્તુને જાણી ગયો તે ( જીવ ) તો ઉત્તમ છે—પૂજ્ય છે—માન્ય છે—ધન્યવાદ યોગ્ય છે. પરંતુ જેમ બકરાના મંડળમાં જન્મસમયથી જ પરવશતાથી કોઈ સિંહ રહે છે તે પોતાને સિંહસ્વરૂપ સમજતો નથી–માનતો નથી, તે જ પ્રમાણે જે જીવ, અનાદિ કર્મવશ સંસારકારાગૃહમાં છે તે પોતાના પોતામાં પોતામય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવગુણને તો જાણતો નથી–માનતો નથી પણ અનાદિ કર્મવશ પોતાને આવો માને છે કે—આ જન્મ, મરણ, નામ, અનામ, આકાર, નિરાકાર, તન, મન, ધન, વચન, વિચાર, બુદ્ધિ, સંકલ્પ, વિકલ્પ, રાગ, દ્વેષ, મોહ, કામ, કર્મ, ક્રોધ, માન, માયા, લોભ અને પાપ-પુણ્યાદિક છે તે જ હું છું, અર્થાત્ સ્વરૂપજ્ઞાન રહિત છે તે જીવ તો છે પરંતુ અશુદ્ધસંસારી જીવ છે.

હવે એક, બે, સંખ્યાત, અસંખ્યાત, એકાંત, અનેકાંત, એક, અનેક, દ્વૈત, અદ્વૈત, આદિથી સર્વથા પ્રકારે ભિન્ન એક સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ચલાચલ રહિત છે. વિશેષ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભવ આગળ ચિત્રદ્વારા લેવો તથા સાધારણ અહીં પણ લેવો—સર્વ વસ્તુ પોતપોતાના સ્વભાવમાં મગ્ન છે, કોઈ પણ વસ્તુ પોતાના સ્વભાવ ગુણને ઉલ્લંઘન કરીને તથા પરસ્વભાવગુણને ઉલ્લંઘન કરીને પરસ્વભાવગુણને ગ્રહણ કરતી નથી, જો વસ્તુ, પોતાના ગુણ-સ્વભાવને છોડી દે તો વસ્તુનો જ અભાવ થાય, અને વસ્તુનો અભાવ થતાં આત્મા પરમાત્મા તથા સંસાર મોક્ષાદિનો પણ અભાવ થશે. સંસાર-મોક્ષાદિનો અભાવ થતાં શૂન્યદોષ આવશે, માટે જેટલી કોઈ વસ્તુ છે તે બધીય વસ્તુ પોતપોતાના સ્વભાવમાં જેવી છે તેવી જ છે. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુ પણ સ્વભાવમાં જેવી છે તેવી છે માટે છે તે જ છે.

સ્વભાવમાં તર્કનો અભાવ છે તોપણ અનાદિકાલથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુથી સર્વથાપ્રકારે ભિન્ન એક અજ્ઞાનમય વસ્તુ છે, તેમાં કહેવાનો, વિચાર-ચિંતવન, સંકલ્પ-વિકલ્પ આદિ ઘણા ગુણો છે. તે જ વા જડમયી અજ્ઞાનવસ્તુ અનેક પ્રકારથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને માને છે-કહે છે પણ તે સમ્યગ્જ્ઞાનસ્વભાવમાં સંભવતા નથી માટે મિથ્યા છે, જેવી માને છે-કહે છે તેવી તે વસ્તુ છે નહિ, કારણ કે—વસ્તુ પોતાના સ્વભાવમાં જેવી છે તેવી છે (सोहैहीहै) તેવી જ શોભે છે; વા જડ અજ્ઞાનમયી વસ્તુ છે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને આ પ્રમાણે માને છે-કહે છે, તે જ કહીએ છીએ, તે સ્વસ્વરૂપી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો આપોઆપ પોતાના જ સ્વભાવમાં છે તે તો જ્યાંની ત્યાં જ જેવી ને તેવી જેવી છે તેવી તેની તે જ છે તે છે, જેને કોઈ તો નિરાકાર માને છે-કહે છે, તથા એ જ વસ્તુને કોઈ સાકાર માને છે-કહે છે, અર્થાત્ એ જ વસ્તુને કોઇ કેવી માને છે તથા કોઈ કેવી માને છે.

હવે જુઓ! ચિત્રહસ્ત (ચિત્ર ક્રમાંક : ૨) પરસ્પર સમ્યગ્જ્ઞાન-સ્વભાવવસ્તુને આંગળીથી સૂચવે છે. પૂર્વ (દિશા) વાસી કહે છે-માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પશ્ચિમમાં છે, પશ્ચિમ (દિશા)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાસી કહે છે-માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પશ્ચિમમાં નથી પણ તે વસ્તુ પૂર્વમાં છે, દક્ષિણવાસી કહે છે-માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પૂર્વમાં નથી તથા પશ્ચિમમાં પણ નથી તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો ઉત્તરમાં છે, ઉત્તરવાસી કહે છે કે— તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં પણ નથી પરંતુ તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ દક્ષિણમાં છે, એ જ પ્રમાણે અગ્નિખૂણાનો વાસી તે વસ્તુને વાયવ્યખૂણામાં માને છે, વાયવ્ય-ખૂણાનો વાસી તે વસ્તુને અગ્નિખૂણામાં માને છે, નૈઋત્યખૂણાનો વાસી તે વસ્તુને ઈશાનખૂણામાં માને છે, અને ઈશાનખૂણાનોવાસી તે વસ્તુને નૈઋત્યખૂણામાં માને છે, એ જ પ્રમાણે નિશ્ચયાવલંબી વ્યવહારને નિષેધે છે ત્યારે વ્યવહારાવલંબી નિશ્ચયને નિષેધે છે, યથા :—

( સવૈયો )

એક કહું તો અનેક જ દીખત
એક અનેક નહિ કછુ ઐસો,
આદિ કહું તો અંત હી આવત
આદિસુ અંતસુ મધ્યસુ કૈસો;
ગુપ્ત કહું તો ગુપ્ત હૈ કહાં
ગુપ્ત અગુપ્ત ઉભય નહિ ઐસો;
જોહિ કહું સો હૈ નહિ સુંદર
હૈ તો સહી પણ જૈસો કો તૈસો.

તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને કોઈ કેવી માને છે-કોઈ કેવી માને છે પરંતુ માનો ભલે પણ વસ્તુ એ માને છે તેવી નથી, ભાવાર્થ—વસ્તુ તો પોતાના સ્વભાવમાં જેવી છે તેવી છે-તે જ છે, વસ્તુના સ્વભાવમાં તર્કનો અભાવ છે.

( ચોપાઈ )

જ્ઞેયાકાર બ્રહ્મમલમાને, નાશકરણકો ઉદ્યમ ઠાને;
વસ્તુસ્વભાવ મિટે નહિ ક્યૂંહિ, તાતેં ખેદ કરે શઠ યુંહી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવે વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ તાકો નામ.
અનુભવ ચિંતામણિરતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસ્વરૂપ.

**આ જેટલાં નય, ન્યાય, એકાંત, અનેકાંત, નિશ્ચય, વ્યવહાર, સ્યાદ્‌વાદ, પ્રમાણ–નય–નિક્ષપાદિ છે તેટલાં જ વાદ–વિવાદ છે વળી જેટલા વાદ-વિવાદ છે તેટલા જ મિથ્યાત્વ છે અને જેટલાં મિથ્યાત્વ છે તેટલો જ સંસાર છે, માટે—**

(ચોપાઈ)

સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદ–વિવાદ કરે સો અંધા.

**તથા નાટક સમયસાર ગ્રંથમાં પણ કહ્યું છે કે—**

અસંખ્યાત લોકપરમાણ જો મિથ્યાતભાવ,
તેહી વ્યવહારભાગ કેવલી ઉક્ત હૈ.
જિનકે મિથ્યાત ગયો, સમ્યક્‌દરશ ભયો,
તે નિયતલીન વ્યવહારસે મુક્ત હૈ.
વળી :—નિશ્ચય વ્યવહારમેં જગત ભરમાયો હૈ.

**ભાવાર્થ :—તે સ્વસ્વરૂપ સમ્યક્ સ્વાનુભવગમ્ય જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો સ્વભાવથી જ જેવી છે તેવી છે. (જુઓ ચિત્ર હસ્તાંગુલી સૂચક છે.) પૂર્વપક્ષી જે વસ્તુને પશ્ચિમ તરફ માને છે, તે જ પ્રમાણે પશ્ચિમપક્ષી તે જ વસ્તુને પૂર્વ તરફ માને છે. વસ્તુ તો ન પૂર્વમાં કે ન પશ્ચિમમાં છે, નિરર્થક જ પૂર્વપક્ષી અને પશ્ચિમપક્ષી પરસ્પર વિરોધ જણાવે છે; કારણ કે વસ્તુ સ્વસ્વભાવમાં સ્વભાવથી જ જેવી ને તેવી જ્યાંની ત્યાં ચલાચલ રહિત છે. એ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યક્‌જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો જેને પૂર્ણ અનુભવ લેવો હોય તેણે પ્રથમ પોતાને પોતા દ્વારા વા ગુરુ ઉપદેશથી આવો કલ્પી લેવો–આવો પોતાને માની લેવો કે—સ્વસ્વરૂપ સ્વાનુભવ-**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યસ્વભાવવસ્તુ પોતાની પોતામાં સ્વસ્વભાવથી જ જેવી છે તેવી છે, જે સ્વભાવમયી વસ્તુમાં મૂળથી જ તર્કનો અભાવ છે, તે જ હું છું, એ પ્રમાણે પોતાના પોતાપણાને પોતાદ્વારા વા ગુરુવચન દ્વારા કલ્પી લેવો; ત્યાર પછી (ચિત્ર હસ્તાંગુલી) મૌન સહિત એકાંત સ્થાનમાં બેસીને દેખ્યા જ કરો, દેખતાં દેખતાં દેખવું જ રહેશે. નાચવામાં મજા નથી પણ નૃત્ય-નાચ દેખવામાં મજા છે.

(દોહરો)

સમ્યક્‌જ્ઞાન સ્વભાવથી સદા ભિન્ન અજ્ઞાન,
ધર્મદાસ ક્ષુલ્લક કહે પ્રેમચંદ તું માન.
ચિત્રાંગુલિકો દેખ કે, મનમેં કરો વિચાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, પાવેગા ભવપાર.

જેમ સૂર્યનો પ્રકાશ, પૃથ્વી, જલ, અગ્નિ આદિ કર્તા, કર્મ, ક્રિયા તથા શુભ અશુભ વસ્તુની ઉપર છે તે જ પ્રમાણે ચિત્રહસ્તાંગુલીની ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યક્જ્ઞાનમયી સ્વભાવસૂર્યનો જ્ઞાનગુણ પ્રકાશ છે, પરંતુ ચિત્રહસ્તાંગુલીથી તથા ચિત્રહસ્તાંગુલીનો ભાવ ક્રિયા કર્મ આદિ જેટલો કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી જ્ઞાનગુણ ન તન્મયી છે, ન તન્મયી થવાનો છે, કે ન તન્મયી થયો હતો, વળી જ્ઞાનગુણ તથા જે ગુણીનો જ્ઞાન ગુણ છે તે પણ ચિત્ર-હસ્તાંગુલીની સાથે તથા ચિત્રહસ્તાંગુલીના ભાવ ક્રિયા કર્મ આદિ જેટલા કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી ન તન્મયી થયા છે, ન થશે તથા ન છે.

વિશેષ અન્ય સમજવા યોગ્ય છે તે સાંભળો! જેમ એક મોટું પહોળું લાંબુ સ્વચ્છ સ્વભાવમય દર્પણ છે તેની સામે અનેક પ્રકારના કાળા, પીળા, લાલ, લીલા, સફેદાદિ રંગના વાંકા, ચૂંકા, લાંબા, પહોળા, ગોળ, તિરછા આદિ આકાર છે તેની પ્રતિછાયા-પ્રતિબિંબ તે સ્વચ્છ દર્પણમાં તન્મયવત્ દેખાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભવગમ્ય સમ્યક્‌જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં આ મનુષ્ય-દેવ-તિર્યંચ-નારકીના, સ્ત્રી-પુરુષ-નપુંસકના, તન-મન-ધન-વચનના તથા લોકાલોક આદિના શુભાશુભ જેટલા વ્યવહાર છે તેની પ્રતિછાયા-પ્રતિબિંબ તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યક્‌જ્ઞાનમયી સ્વચ્છસ્વભાવ-દર્પણમાં તન્મયવત્ દેખાય છે, જાણે તેમ કીલિત રાખ્યાં હોય, જાણે ચિત્રકારે લખી રાખ્યાં હોય તથા જાણે કોઈ શિલ્પકારે ટાંકીથી કોરી રાખ્યાં હોય. ભાવાર્થ—સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યક્‌જ્ઞાનમયી સ્વચ્છસ્વભાવમય દર્પણ છે તે પણ સ્વભાવથી જ સ્વભાવમાં જેવું છે તેવું છે. વળી તન-મન-ધન-વચનાદિ તથા એ તન-મન-ધન-વચનાદિના શુભાશુભ વ્યવહાર અને તેની પ્રતિછાયા-પ્રતિબિંબ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં તન્મયવત્ દેખાય છે તે પણ અજ્ઞાનમયી સ્વભાવથી છે. સ્વભાવમાં જેવા છે તેવા છે. પૂર્વોક્ત સ્વસ્વરૂપ સ્વાનુભગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણના સાક્ષાત્ સ્વાનુભવના પ્રાપ્તની પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુના ઉપદેશ વિના તથા ×કાળલબ્ધિ પાચક (પકવનાર) થયા વિના સ્વસ્વરૂપ-સમ્યગ્જ્ઞાનનો લાભ થતો નથી.

સાંભળો! જેમ સૂર્યમાં પ્રકાશ તન્મયી છે તેમ જે વસ્તુમાં જ્ઞાનગુણ તન્મયી છે તે વસ્તુને મુનિ, ઋષિ, આચાર્ય, ગણધરાદિક છે તેઓ જીવ કહે છે, નિશ્ચયદૃષ્ટિમાં તો સર્વ જીવરાશિ જીવમયી છે, નિશ્ચયદૃષ્ટિમાં જીવરાશિને પરસ્પર જાતિભેદ નથી, સ્વભાવથી ભેદ નથી, લક્ષલક્ષણ ભેદ નથી, નામભેદ નથી તથા સ્વરૂપભેદ નથી અર્થાત્ ગુણ-ગુણી અભેદ છે. જીવરાશિને પરસ્પર ગુણ-ગુણી ભેદ નથી. જે કથંચિત્ પરઅપેક્ષાએ ભેદ છે તે પરમયી જ છે એ અનાદિ સિદ્ધાંત વાર્તા-વચન છે. તે શબ્દથી તન્મયી છે. હવે હે મતવાળા! હે જૈનમતવાળા! હે વિષ્ણુમતવાળા! હે શિવમતવાળા! હે બૌદ્ધમતવાળા! આદિ ષટ્‌મત-વાળા છએ જન્માંધો હાથીના યથાવત્ સ્વરૂપને નહિ જાણીને પરસ્પર

× પોતાનો સત્ય પુરુષાર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિવાદ–વિરોધ કરતા કરતા મરી ગયા. તેમ હે ષટ્મતવાળા ! એ છ જન્માંધોની માફક પરસ્પર વિના સમજે તેમ વિવાદ–વેર વિરોધ ન કરો ! शास्त्रद्दष्टया गुरुवाक्यं तृतीयंचात्मनिश्चयं ' અર્થાત્ શાસ્ત્રમાં લખી હોય, તેની તે જ વાણી શ્રી ગુરુમુખથી ખરતી હોય તથા તે જ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં અચલપ્રમાણમાં આવે છે તેને હે મતવાળા મિત્રો ! તમે સમજો.**

સમજો સમજો સમજમાં સમજો નિશ્ચયસાર,
ધર્મદાસ ક્ષુલ્લક કહે, તબ પાવો ભવપાર.

**હવે, સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યવસ્તુ છે તેનાથી તન્મય થઈને તેનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો : એક નયથી તો જીવ દુષ્ટ એટલે દ્વેષી છે તથા બીજા નયથી દ્વેષી નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧. એક નયથી કર્તા છે અને બીજા નયથી કર્તા નથી, એમ આ ચૈતન્યમાં બે પક્ષપાત છે. ૨. એક નયથી ભોક્તા છે અને બીજા નયથી ભોક્તા નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૩. એક નયથી જીવ છે અને બીજા નયથી જીવ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૪. એક નયથી જીવ સૂક્ષ્મ છે અને બીજા નયથી સૂક્ષ્મ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૫. એક નયથી હેતુ છે અને બીજા નયથી હેતુ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૬. એક નયથી કાર્ય છે તથા બીજા નયથી કાર્ય નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૭. એક નયથી ભાવ છે તથા બીજા નયથી અભાવ છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૮. એક નયથી એક છે અને બીજા નયથી અનેક છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૯. એક નયથી સાંત એટલે અંત સહિત છે અને બીજા નયથી અંત રહિત છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૦. એક નયથી નિત્ય છે અને બીજા નયથી અનિત્ય છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૧. એક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયથી વાચ્ય એટલે વચનવડે કહેવામાં આવે છે તથા બીજા નયથી વચનગોચર નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૨. એક નયથી નાનારૂપ છે અને બીજા નયથી નાનારૂપ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૩. એક નયથી ચૈત્ય એટલે જાણવા યોગ્ય છે તથા બીજા નયથી ચિંતવવા યોગ્ય નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૪. એક નયથી દ્રશ્ય એટલે દેખવા યોગ્ય છે તથા બીજા નયથી દેખવામાં નહિ આવે તેવો છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૫. એક નયથી ભાવ એટલે વર્તમાન પ્રત્યક્ષ છે તથા બીજા નયથી તેવો નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૬. એક નયથી વેદ્ય એટલે વેદવા યોગ્ય છે અને બીજા નયથી વેદવામાં ન આવે તેવો છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૭.—એ પ્રમાણે ચૈતન્યમાં ઉપર કહ્યા તેવા સર્વ પક્ષપાત છે. પણ તત્ત્વવેદી છે તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ સૂર્યવસ્તુનો યથાર્થ સ્વાનુભવ કરવાવાળો છે, તેને ચિન્માત્રભાવ છે, તે ચિન્માત્ર જ છે, પક્ષપાતથી સૂર્ય–પ્રકાશવત્ એક તન્મયી ન છે–ન થશે કે ન થયો હતો, અર્થાત્ જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તેમ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય છે તે તો વિધિ–નિષેધ, અસ્તિ–નાસ્તિ, રાગ–દ્વેષ, અને વૈર–વિરોધરૂપ પક્ષપાત, દ્વૈતાદ્વૈતથી વા સંકલ્પ-વિકલ્પથી ભિન્ન છે. જેમ સૂર્યના પ્રકાશમાં એક લઘુ છે તો બીજો સ્થૂલ છે, એક મૂર્ખ છે તો બીજો પંડિત છે, એક ભોગી છે તો બીજો જોગી છે, એક લે છે તો બીજો દે છે, એક મરે છે તો બીજો જન્મે છે, એક ભલો છે તો બીજો બૂરો છે. એક મૌની છે તો બીજો વક્તા છે, એક અંધો છે તો બીજો દેખતો છે, એક પાપી છે તો બીજો પુણ્યવાન છે, એક ઉત્તમ છે તો બીજો નીચ છે, એક કર્તા છે તો બીજો અકર્તા છે, એક ચલ છે તો બીજો અચલ છે, એક ક્રોધી છે તો બીજો ક્ષમાવાન પણ છે, એક ધર્મી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો બીજો અધર્મી છે, કોઈ કોઈથી નજીક છે તો કોઈ કોઈથી ભિન્ન છે, કોઈ બંધાયેલો છે તો કોઈ મુક્ત છે-ખુલ્લો છે, કોઈ ઉલટો છે તો કોઈ સુલટો છે—ઇત્યાદિક જેમ આ સૂર્યના પ્રકાશમાં સર્વ જ્ઞેય છે તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-સૂર્યમાં પૂર્વોક્ત પક્ષપાતના વિવાદ પરસ્પર છે તેઓ તે પક્ષપાતથી અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયી છે. વળી જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તેમ પૂર્વોક્ત પક્ષપાત છે તે સ્વસમ્યક્જ્ઞાનમયીસૂર્યથી ભિન્ન છે. પ્રથમ ગુરુ ઉપદેશથી સર્વ ચિત્ર, હસ્તાંગુલીની વચમાં છે તેને અચલ બનીને ત્યાર પછી પરસ્પર ચિત્ર, હસ્તાંગુલીથી સૂચવે છે-કહે છે-માને છે તેમ સમજવાં અને સમજણદ્વારા પોતાને પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમાં સંભવે તે તો સ્વસમ્યગ્જ્ઞાનાનુભવથી તન્મય છે તથા બાકીના ન સંભવે તે અતન્મય છે. સ્વભાવમાં સંભવે તે તો આપણી છે તથા સ્વભાવમાં ન સંભવે તે આપણી કદાપિ કોઈ પ્રકારથી પણ નથી-ન થશે-ન થઈ હતી, હવે અવગાહતા અર્થે ચેત કરો (બરાબર સમજો).

પીતામ્બરદાસજી આદિ જેટલા મુમુક્ષુ મારા પ્યારા, મારા વચનોપદેશદ્વારા સ્વસ્વાનુભવગમ્યસમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ લેવા યોગ્ય લઈ ચૂક્યા છો તો આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને આદિથી અંત સુધી બે મહિનામાં એકવાર વાંચ્યા કરો, જ્યાંસુધી દેહાદિ ભાસે છે ત્યાં સુધી, આ મારું લખવું સદ્‌ભૂતવ્યવહાર-ગર્ભિત સમજવું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# જ્ઞાનાવરણી કર્મવિવરણ

| | |
|---|---|
| ૧ મતિ | જ્ઞાન |
| ૨ શ્રુત | જ્ઞાન |
| ૩ અવધિ | જ્ઞાન |
| ૪ મનઃપર્યય | જ્ઞાન |
| ૫ કેવલ | જ્ઞાન |
| ૬ કુમતિ | જ્ઞાન |
| ૭ કુશ્રુત | જ્ઞાન |
| ૮ કુઅવધિ | જ્ઞાન |

(દોહરો)

જ્ઞાનાવરણી ઘાતકે, હુવા જ્ઞાનકો જ્ઞાન,
ધર્મદાસક્ષુલ્લક કહે, જિન આગમ પરમાણ.

જેમ દેવમૂર્તિને આડે મલમલના વસ્ત્રનો પડદો હોય ત્યારે અન્યને દેવમૂર્તિ સ્પષ્ટ દેખાતી નથી, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનને એક પર્દા જેવું કર્મ છે તે આડું આવી જાય ત્યારે નિરંતર દૃષ્ટિરહિતને અંતરજ્ઞાન દેખાતું નથી. અથવા જેમ સૂર્યને આડાં વાદળાં આવી જાય ત્યારે અન્યને સૂર્ય સ્પષ્ટ દેખાતો નથી તે જ પ્રમાણે કેવળજ્ઞાનમયીસૂર્યને પટલ જેવાં કર્મ આવી જાય ત્યારે જ્ઞાન-રહિતને (સૂર્ય) દેખાતો નથી. જેમ સૂર્યને આડાં પર્દાની જેમ અનેક વાદળ આવી જાય છે તો પણ સૂર્ય તે તો સૂર્ય જ છે અને વાદળ રહિત હોય ત્યારે સૂર્ય તો સૂર્ય જ છે. અને સૂર્યને આડા વાદળ આવી જાય ત્યારે પણ જે સૂર્યને સૂર્ય જ નથી માનતો-નથી સમજતો-નથી કહેતો, તે પણ મિથ્યાદૃષ્ટિ છે તથા સૂર્યને આડા વાદળાં આવી જાય ત્યારે કોઈ વાદળને જ સૂર્ય સમજે છે-માને છે-કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. આ પ્રમાણે દેવમૂર્ત્તિને આડા પટ તથા સૂર્યને આડા વાદળ એ બે દૃષ્ટાંતદ્વારા (ઉપર પ્રમાણે) સમજવું.

વળી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુને પર્દા જેવું એક જ્ઞાનરહિત કર્મ છે તે આડું આવી જાય તો પણ સમ્યગ્જ્ઞાન સ્વભાવમયવસ્તુ છે તે તો તેની તે જ છે-તે છે; અને જડ અજ્ઞાનમય પર્દા સમાન કર્મ છે તેનાથી રહિત થાય ત્યારે પણ સ્વ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ જેવી ને તેવી સ્વભાવમાં જ છે. અર્થાત્ જેમ સૂર્યને અને અમાવસ્યાની મધ્યરાત્રિને પરસ્પર અત્યંત ભેદ છે, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને અને જ્ઞાનાવરણીકર્મને પરસ્પર અત્યંત ભેદ છે, કારણ કે—કર્મ અજ્ઞાન છે અને તે જ્ઞાન છે, કર્મ અચેતન છે અને તે ચેતન છે, કર્મ અજીવ છે અને તે જીવ છે. જ્ઞાન કર્મને જાણે છે પણ કર્મ જ્ઞાનને જાણતાં નથી. જ્ઞાન અને કર્મ એ વસ્તુ તો બે છે પણ બંનેનાં લક્ષ-લક્ષણ એક નથી. જેમ સૂર્ય અને પ્રકાશ એક છે તેમ જ્ઞાન અને અજ્ઞાન ન એક છે-ન થશે કે ન થયાં હતાં. જ્ઞાન અને અજ્ઞાનને મેળ છે તે એવો નથી કે જેવો ફૂલ-સુગંધનો, તલ-તેલનો તથા દૂધ-ઘૃતનો મેળ છે. વળી જ્ઞાન અને અજ્ઞાનનો અંતરભેદ છે તે આવો છે કે જેવો સૂર્ય અને અંધકારનો અંતરભેદ છે. આ અનાદિ વાર્તા છે. શ્રીગુરુ વિના તેના સારનો લાભ થતો નથી.

જેમ સૂર્યમાં પ્રકાશગુણ સૂર્યના સ્વભાવથી જ છે તેમ જે વસ્તુમાં કેવલજ્ઞાનાદિ જ્ઞાનથી તન્મયી ગુણ છે તે કેવલજ્ઞાન છે અર્થાત્ જેમાં કેવલજ્ઞાનાદિ ગુણો નથી તે અજ્ઞાનવસ્તુ છે અને જેમાં જ્ઞાનગુણ છે એવો કેવલ જ્ઞાન (ગુણ) છે; તે પરઅપેક્ષાએ આઠ પ્રકારથી છે. પણ જેમ સૂર્ય-પ્રકાશ એક તન્મયી છે તેમ કેવલજ્ઞાન-વસ્તુ પોતાના ગુણ સ્વભાવ લક્ષણને છોડીને જડ અજ્ઞાનમયી વસ્તુથી કદી પણ ન એક તન્મયી થઈ છે-ન થશે કે ન છે. માટે હે સજ્જન! આઠ પ્રકારના જ્ઞાનાવરણી કર્મનો તું વિચાર કર કે જ્ઞાનને અને આ કર્મને તન્મયતા છે કે નથી? તેનો વિચાર કર. (ચિત્ર ક્રમાંક: ૩)

(દોહરો)

પ્રકાશ સૂરજ એક છે, જડ ચેતન નહીં એક;
ધર્મદાસ ક્ષુલ્લક કહે મનમેં ધાર વિવેક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# દર્શનાવરણીકર્મ વિવરણ

(સોરઠા)

જ્ઞાનભાનુ જિનરાજ, સર્વ જગતના ઉપરે,
ધર્મદાસ કહે સાર, સોહી સુખકો કાજ હૈ.

જેમ ગઢમાં જે વડે દેખવાની શક્તિ તો એક પુરુષમાં છે પરંતુ દ્વારપાલ અંદર જવા દેતો નથી. તે જ પ્રમાણે જેમ સૂર્યમાં પ્રકાશ છે તેમ જીવમાં દેખવા-જાણવાનો ગુણ સ્વભાવથી જ છે, પરંતુ દર્શનાવરણી જાતિના દ્વારપાલ જેવું એક કર્મ છે તે દેખવા દેતું નથી. [ ચિત્ર ક્રમાંક : ૪ ]

અહીં આવો અનુભવ લેવો કે—દ્વારપાલ તેને દેખવા માટે જવા દેતો નથી અને કહે છે કે—ગઢની અંદર શું જોવા જાવ છો ?

ઉત્તર:—જેમાં દેખવા-જાણવાનો ગુણ છે તેને જોવા માટે હું અંદર જાઉં છું. ત્યારે દ્વારપાલ તેને રોકે છે અને કહે છે કે ન જાઓ, જેવો તારામાં દેખવા-જાણવાનો ગુણ છે તેવો જ તેમાં છે, સૂર્ય, સૂર્યને દેખવાનો ઉદ્યોગ-ઇચ્છા કરે છે તે વ્યર્થ છે, જેમ એક અગ્નિ રાખની અંદર દબાયલી છે તથા બીજી અગ્નિ પ્રગટ છે તે જ પ્રમાણે તારામાં અને તું જેને અંદર દેખવા જાય છે તેનામાં અંતર સમજવું, રાખની અપેક્ષાવત્ ભેદ સમજવો બાકી સ્વસ્વરૂપમાં અભેદ છે, જેવો અંદર ગઢમાં છે તેવો જ તું છે.

પ્રશ્ન :—જેવો અંદર ગઢમાં છે તેવો જ હું કેવી રીતે છું ? હવે દ્વારપાલ દૃષ્ટાંતદ્વારા ઉત્તર આપે છે. સાંભળ ! તું આ દ્વાર ભુવનમાં તારી સ્વમુખથી ઊંચા સ્વરથી કહે કે 'તું હી' ત્યારે દ્વારપાલના કહેવા પ્રમાણે એ જ પ્રમાણે ઊંચસ્વરથી તેણે અવાજ કર્યો કે 'તું હી' ત્યારે પ્રતિઅવાજ પણ તેવો જ આવ્યો કે 'તું હી'. એટલે તેણે નિશ્ચયથી સમજી લીધું કે જેવો દેખવાનો ગુણ અંદરમાં છે તેવો જ દેખવાનો ગુણ મારામાં છે, હવે હું કોને દેખવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર ગઢમાં જાઉં ? અર્થાત્ મારામાં દેખવા-જાણવાનો ગુણ સ્વભાવથી જ છે. હવે હું કોને દેખું અને કોને ન દેખું ?

દર્શનાવરણીકર્મનો, પ્રગટ બતાવ્યો ભેદ,
તોપણ ગુરુવિણ ન મળે, ઘણો કરો તુમ ખેદ.

જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે, તેમ જે વસ્તુમાં દેખવાનો ગુણ છે તે જ વસ્તુ દર્શન છે, તે દર્શનના પરઅપેક્ષાએ ચાર ભેદ છે, તે પણ સમ્યગ્દર્શન તો સ્વભાવને ઉલ્લંઘીને ચક્ષુ (દર્શન) કાંઈ ચક્ષુ થતું નથી, જેમ જન્માંધ (મનુષ્ય) પોતાના અને પરના શરીરને દેખતો જાણતો નથી. તે જ પ્રમાણે અજ્ઞાન વસ્તુ છે તે સ્વ-પરને જાણતી દેખતી નથી. વળી જેમ સડકના રસ્તાની એક તરફ એક દ્વારનું મકાન-સ્થાન છે તેની અંદર એક સ્થાન અર્થાત્ મકાનની અંદર મકાન છે ત્યાં અંધારામાં એક પુરુષ બેઠો બેઠો તે મકાન-દ્વારા બહાર રસ્તામાં (કોઈ) આવે-જાય છે, તેને પણ જાણે છે તથા પોતાને પણ જાણે છે, તે જ પ્રમાણે દર્શન છે તે સ્વ-પરને દેખે છે, જેમ સૂર્યથી પ્રકાશ ભિન્ન નથી તેમ દર્શનથી દેખવું-જાણવું કદી પણ ભિન્ન નથી. સર્વને દેખે છે તે દર્શન છે.

ઇતિ દર્શનાવરણીકર્મ વર્ણન સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વેદનીયકર્મ વિવરણ

( દોહરો )

વિષયસુખ તે દુઃખ છે, નિશ્ચયનય પરમાણ;
ધર્મદાસ ક્ષુલ્લક કહે સમજ દેખ મતિમાન.

શહદ ( મધ )થી લપેટેલી તલવારની ધારને ( કોઈ ) પુરુષ જીભથી ચાટે છે ત્યાં તેને કંઈક તો મિષ્ટસ્વાદનો ભાસ થાય છે અને વધારે તો જિહ્વાખંડનના દુઃખનો ભાસ થાય છે. [ ચિત્ર ક્રમાંક : ૫ ] તે જ પ્રમાણે વેદનીયકર્મ બે પ્રકારની શાતા-અશાતારૂપ છે. ત્યાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો અનુભવ આ પ્રમાણે લેવો કે :—જેમ સૂર્યપ્રકાશમાં વા આકાશમાં કોઈ સુખી વા દુઃખી છે તેનું સુખ વા દુઃખ આકાશથી વા સૂર્ય અને સૂર્યપ્રકાશથી એક તન્મયી થઈને લાગતાં નથી તે જ પ્રમાણે સંસારનાં સુખ-દુઃખ અને શાતા-અશાતાકર્મ તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસૂર્યને પહોંચતાં નથી, જ્ઞાનમયીસૂર્યને લાગતાં નથી અર્થાત્ સમ્યગ્જ્ઞાનમયી સૂર્યને અને આ શાતા-અશાતાવેદનીયકર્મને પરસ્પર સૂર્ય અને અંધકાર જેવો અંતરભેદ ( તફાવત ) પરસ્પરના સ્વભાવથી જ છે. એ બંનેને સૂર્ય પ્રકાશવત્ એક તન્મયતા નથી, ન થશે કે ન થઈ હતી; સ્યાત્ જેમ દર્પણમાં જલઅગ્નિની પ્રતિછાયા ભાસ્યમાન થાય છે તે જ પ્રમાણે સ્યાત્ કેવલજ્ઞાનમયીદર્પણમાં એ શાતા-અશાતા-રૂપ વેદનીય-કર્મની ભાવવાસના ભાસ્યમાન થાય છે તોપણ શાતા-અશાતા-વેદનીયકર્મની સાથે તે કેવલજ્ઞાનમયી દર્પણ તન્મયી થયો નથી-ન થશે કે ન છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યક્જ્ઞાનમયી સ્વભાવનો અભાવ ન સમજવો-ન માનવો કે ન કહેવો યથા :—

જૈસે કાહુ ચંડાલી જુગલપુત્ર જણે તીહાં,
એક દિયો બ્રાહ્મણકું એક રાખલિયો હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે બ્રાહ્મણને ઘેર ગયો તેણે તો મદિરા–માંસ છોડી દીધું. તેને તો ઉત્તમ બ્રાહ્મણપણાનું અભિમાન આવ્યું તથા બીજો ચંડાલણીના ઘરમાં જ રહ્યો તે મદિરામાંસાદિકના ગ્રહણનિમિત્તથી હીનપણાથી પોતાને નીચ માનવા લાગ્યો. અહીં વિચાર કરીને જોઈએ તો તે બંને ઉત્તમ અને હીણ એક ચંડાલણીના પેટમાંથી જ ઉત્પન્ન થયા છે, તે જ પ્રમાણે એક કર્મક્ષેત્રમાંથી જ આ શાતા–અશાતા વેદનીય કર્મના બે પુત્ર સમજવા. નિશ્ચયદ્રષ્ટિએ જુઓ તો સોની સુવર્ણનું આભૂષણ કરે તોપણ તે સોની સોની જ છે તથા સ્યાત્ તે જ સોની તામ્ર–લોહમય આભૂષણ બનાવે તો પણ જેવો ને તેવો સોની છે તે સોની જ છે. વળી જેમ તે સોની શુભાશુભ આભૂષણાદિકર્મ કરે છે તે કાંઈ શુભાશુભ આભૂષણાદિકર્મની સાથે તન્મયી થઈને કરતો નથી તે જ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિ શુભાશુભકર્મ કરે છે પરંતુ તે શુભાશુભકર્મથી તન્મયી બનીને કરતો નથી, માટે ગુરુઉપદેશથી સમ્યગ્દ્રષ્ટિ થવું યોગ્ય છે.

એક વેદનીયકર્મકા, ભેદ હોય પરકાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, શાતાશાત વિચાર.

હે જીવ! આ શાતા–અશાતા વેદનીયકર્મ તારું છે ત્યારે તું જ તેનો અધિષ્ઠાતા છે તથા આ શાતા-અશાતા વેદનિયકર્મ તારું નથી તો પછી ફિકર શું છે? તું ન કોઈનો તથા કોઈ ન તારું, તારો તું જ છે (એમ) નિર્ધાર.

ઇતિ વેદનીય કર્મવિવરણ સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મોહનીયકર્મ વિવરણ

( દોહરો )

પર સ્વભાવ પરરૂપને, માને અપનો આપ,
એ વિકલ્પ સબ છોડકે, નયે સિદ્ધગુણ થાપ.

જેમ મદિરા પીવાવાળો પોતાને અને પરને જાણતો નથી પણ મદિરાવશ યદ્વાતદ્વા વચન બોલે છે. [ ચિત્ર ક્રમાંક : ૬ ] તે જ પ્રમાણે મોહનીયકર્મવશ જીવ પોતાનો પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવને જાણતો નથી પણ પરને આ પ્રમાણે માને છે કે 'આ તન-મન-ધન-વચનાદિક છે તે જ હું છું' એ જ મોહ છે. હવે નિશ્ચય મોહના વચનને કહું છું તે સાંભળો. એ તન-મન-ધન-વચનાદિક છે તે જ હું છું, એક તો આ વિકલ્પ તથા બીજો આવો વિકલ્પ છે કે 'આ તન-મન-ધન-વચનાદિક છે તે હું નથી' અર્થાત્ આ છે તે જ હું છું તથા આ છે તે હું નથી એ બંને વિકલ્પ જ છે, અને એ જ નિશ્ચય મોહ છે; તથા એ બંને વિકલ્પને અને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને એક તન્મયી અગ્નિ-ઉષ્ણતાવત્ સૂર્ય-પ્રકાશવત્ માને છે-જાણે છે, કહે છે તે મોહી મિથ્યાદૃષ્ટિ છે. એનાથી ભિન્ન છે તે સમ્યગ્દૃષ્ટિ છે. હું તું આ અને તે તથા એ ચારનો જેટલો ખેલ-વિલાસ છે તે સર્વ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી તન્મય-એકમય સમજવા. હાય હાય મોહનીકર્મવશ જેને ભલા માને છે તેને જ પાછાં બૂરા માને છે; જેને ઇષ્ટ માને છે તેને જ અનિષ્ટ માને છે. મોહી જીવને આ નિશ્ચય નથી કે જેમાં જ્ઞાનગુણ છે તે જ હું છું, અને જો નિશ્ચય છે તો માત્ર કહેવા પૂરતો, પણ સ્વસ્વરૂપ સ્વાનુભવ નથી. કારણ કે તન-મન-ધન-વચન આદિ અજીવ-વસ્તુને અને જ્ઞાન ગુણમય જીવને સૂર્ય-અંધકાર જેવો અંતરભેદ પરસ્પર સ્વભાવથી જ છે; આ ભેદવિજ્ઞાન જેના અંતઃકરણમાં ગુરુઉપદેશથી આકાશવત્ અચલ ટકે છે તે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( અડિલ્લ છંદ )

કહે વિચક્ષણ પુરુષ સદા મેં એક હૂં,
અપને રસમેં ભર્યો આપની ટેક હૂં;
મોહ કરમ મમ નાહિ નાહિ ભ્રમ કૂપ હૈ,
શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.

જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે, તેમ હે સજ્જન! હે પ્રેમી! તારામાં જ્ઞાનગુણ છે, તું નિશ્ચય સમજ કે તું જ્ઞાન છે, અને આ મોહાદિક અજ્ઞાન છે, ભાવાર્થ—જ્ઞાન અને અજ્ઞાનને સૂર્ય-પ્રકાશવત્ એક જ માને છે-સમજે છે, કહે છે તે મિથ્યાદૃષ્ટિને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવો વ્યર્થ છે. મોહ કોને કહે છે? ઉત્તર—નદીના તટ ઉપર કોઈ પુરુષ વહેતા પાણી પ્રત્યે એકાગ્ર મન કરી દેખતાં દેખતાં એમ સમજવા લાગ્યો કે 'હું પણ વહ્યો જાઉં છું; તેનું નામ મોહ છે, તથા દશ પુરુષ પરસ્પર ગણત્રી કરીને નદી પાર ઉતરવાની ઇચ્છા કરી, તેમાં એક પુરુષ ગણત્રી કરીને 'આપણે ઘેરથી દશ આવ્યા હતા અને નવ જ રહી ગયા' પોતાને દશમો સમજતો નથી-માનતો-નથી કહેતો નથી, તેનું નામ મોહ છે, અર્થાત્ પુદ્ગલાદિને અને સમ્યગ્જ્ઞાનમયી પોતાને જે એક જ સમજે છે; તે જ મોહ છે.

ઇતિ મોહનીયકર્મ વિવરણ સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આયુકર્મ વિવરણ

(ચોપાઈ)

ખંડનમંડન આયુ નાશ, ભયે સિદ્ધપરમાતમપાશ;
અચલાયુસમઅચલઅભેદ, લીન ભયે નિજરૂપ અખેદ.

જેમ કોઈ ચોર બેડી-ખોડાથી બંધાયો છે. [ચિત્ર ક્રમાંક : ૭] તે જ પ્રમાણે જીવ, આયુકર્મવશ મનુષ્યાયુ-દેવાયુ-નર્કાયુ અને તિર્યંચાયુમાં જ્યાં ત્યાં બંધાઈ જાય છે, આયુ પૂર્ણ થયા વિના એક આયુને છોડી બીજી આયુમાં જતો નથી. હવે અચલ આયુને માટે સ્વ-સ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે:-જેમ ઘટની અંદર ઘટાકાશ તથા મઠની અંદર મઠાકાશ બંધાયેલું છે; તે જ પ્રમાણે દેહરૂપ ઘટમાં આકાશની માફક એક જ્ઞાન-ગુણમયી જીવ બંધાયો છે; વિચાર કરો! જેમ ઘટની અંદરનું આકાશ છે તે મહાઆકાશથી ભિન્ન નથી, તે જ પ્રમાણે દેહરૂપ ઘટની અંદર જ્ઞાન છે તે કેવલ જ્ઞાનથી ભિન્ન નથી. હે જ્ઞાન! તું તને કેવલજ્ઞાનથી ભિન્ન ન સમજ-ન માન, કારણ કે કેવલજ્ઞાનથી ભિન્ન વસ્તુ છે તે તો અજ્ઞાનવસ્તુ છે. હે સજ્જન! તું જ્ઞાનવસ્તુ મૂળથી જ-સ્વભાવથી જ છે તો પછી તું તને અજ્ઞાન કેમ માને છે? હે જ્ઞાન! વ્યવહાર-નયથી તું મનુષ્યાયુ, દેવાયુ, નર્કાયુ અને તિર્યંચાયુમાં બંધાયું છે પણ નિશ્ચયનયથી હે કેવલજ્ઞાનસ્વરૂપી! તું સુણ! પુદ્ગલ તો મૂર્ત્તિક સાકારવસ્તુ છે અને તું કેવલજ્ઞાનમયી નિરાકાર અમૂર્ત્તિક વસ્તુ સ્વભાવથી જ છે, ઘણા આશ્ચર્યની વાત છે કે મૂર્ત્તિક સાકારવસ્તુ છે તે અમૂર્ત્તિક નિરાકારવસ્તુ જ્ઞાનમયીને કેવી રીતે બંધમાં નાખે છે? આવી અસંભવિત વાત કેમ સંભવે? હે જ્ઞાન! ભરમમાં ન ડૂબ, દેખવા-જાણવાનો ગુણ તારાથી તન્મયી છે, તું બંધને, બંધાયેલાને તથા બંધાવાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ આદિને સહજ જ જાણે-દેખે છે, જેમ સૂર્યનો પ્રકાશ સર્વે પૃથ્વી ઉપર સહજપણે જ છે તેમ હે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન ! તું બંધાયેલા બંધને સહજપણે જ જાણે છે, વ્યવહારનયવશ તું બંધાયું છે પણ તે વ્યવહાર એવો છે કે જેમ ઘૃતકુંભ, ઉખલી, સડક ચાલે છે, રસ્તો લુંટાય છે તથા અગ્નિ બળે છે, આ પાંચ દૃષ્ટાંતદ્વારા સર્વ વ્યવહારને સમજ. નિશ્ચય-વ્યવહારથી સર્વથા પ્રકારે ભિન્ન છે તે જ પરમાત્મા-સિદ્ધપરમેષ્ઠિ-જ્ઞાન ઘન છે, જેમ સૂર્યની અંદર અંધકાર નથી; તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનસ્વભાવમાં શુભાશુભ આયુષ્ય નથી, મનુષ્યાયુ-દેવાયુ-તિર્યંચાયુ અને નર્કાયુ એ ચાર આયુ છે તેને કેવલજ્ઞાન જાણે છે પણ અચલ-અખંડ આયુ પંચમાયુ છે. બીજું સમજો કે જેમ કોઈ પગમાં લોખંડની બેડીથી બંધાયો છે તે પણ દુ:ખી છે તથા કોઈ પગમાં સોનાની બેડીથી બંધાયો છે તે પણ દુ:ખી છે તે જ પ્રમાણે દાન-પૂજા-વ્રત-શીલ-જપ-તપાદિ શુભભાવ-શુભક્રિયા અને શુભકર્માદિ શુભબંધ છે તે પણ સોનાની બેડી માફક દુ:ખનું જ કારણ છે તથા પાપ-અપરાધ-કામ-કુશીલાદિ અશુભભાવ-અશુભક્રિયા-અશુભકર્માદિ અશુભબંધ છે તે પણ લોખંડની બેડીવત્ દુ:ખનાં જ કારણ છે, આ શુભાશુભથી સર્વથા પ્રકારે ભિન્ન થવું એ નિશ્ચય જ છે પણ તે સદ્‌ગુરુના ઉપદેશ વિના પ્રાપ્તની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્ન :—પ્રાપ્તની અપ્રાપ્તિ સંભવિત છે?

ઉત્તર :—દહીંમાંથી ઘી કાઢી લીધા પછી તે દહીંમાં મળતું નથી એમ જ અહીં સમજવું.

ઇતિ આયુકર્મ વિવરણ સમાપ્ત.

# નામકર્મ વિવરણ

(ચોપાઈ)

તુમરો નામ નહિ હૈ સ્વામિ,
નામકરણ તુમસેં અલગામી.
શુદ્ધ વ્યવહારમેં નામ અનંતા,
વ્યક્તરૂપ શ્રી જિનઅરિહંતા.

(દોહરો)

જિનપદ નહિ શરીરકો, જિનપદ ચેતન માંહિ;
જિનવર્ણન કછુ ઔર હૈ, યહ જિનવર્ણન નાહિ.

જેમ ચિત્રકાર [ચિત્ર ક્રમાંક : ૮] નાનાપ્રકારનાં આકારનાં નામ લખે છે-કરે છે ત્યાં જેટલાં કાળા-પીળા-લાલ-લીલા-ધોળા રંગના ચિત્ર આકાર દેખાય છે તે (સર્વ) પુદ્ગલના છે, પણ સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને નામ શું? એ જ વસ્તુનું નામ વ્યવહારનયથી જીવ છે, તે પણ પરસંગવશથી અનેક નામ છે. જેમ માટીના ઘટને ઘૃતના સંગથી વ્યવહારીજનો કહે છે કે—'પેલો ઘૃતકુંભ લાવો' અથવા સમુદાયવસ્તુનું નામ લશ્કર છે, તથા જેટલાં કાંઈ વચનથી કહેવામાં આવે છે તે બધાં નામ છે, નામ દેશમાં એક જ નામ છે. અહીં સ્વ-સ્વરૂપ-સ્વાનુભવગમ્ય-સમ્યગ્જ્ઞાનમયી-સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે—જેમ સૂર્યમાં પ્રકાશાદિક ગુણ સૂર્યસ્વભાવથી જ છે તેમ કોઈ વસ્તુ એવી પણ છે કે જેમાં સ્વપરને દેખવું-જાણવું એ (તેના) ગુણસ્વભાવથી જ છે. વિચાર કરો! સર્વ નામ અનામને દેખે-જાણે છે તેનું નામ શું છે? અથવા સર્વ નામ અનામને કહે છે તેનું નામ શું છે? 'વચન' અને 'મૌન' એ પણ બે નામ છે,

સં. ૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા એક જ વસ્તુ પોતાના સ્વભાવગુણમયી સ્વસ્વભાવમાં જેવી છે તેવી અચલ બિરાજમાન છે તેનાથી તન્મયી (રૂપ) ગુપ્ત વા પ્રગટ અનેક નામ રહ્યાં છે. જેમ સુવર્ણ, પોતાના સ્વભાવગુણાદિક પોતે પોતામાં જ લઈને અચલ બિરાજમાન છે અને તેમાં જ કડુ-મુદ્રિકા-ગીની વગેરે આભૂષણાદિક અનેક નામ સુવર્ણમાં તન્મયી છે. વળી નામ છે તે પણ અપેક્ષાથી છે, જેમ પિતાની અપેક્ષાએ પુત્ર નામ છે, તે જ પ્રમાણે પુત્રની અપેક્ષાએ પિતા નામ છે, તે જ પ્રમાણે જીવની અપેક્ષાએ અજીવ નામ છે તથા અજીવની અપેક્ષાએ જીવ નામ છે, એ જ પ્રમાણે જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન નામ છે તથા અજ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન નામ છે. હા! હા! હા! ધન્ય-ધન્ય-ધન્ય સર્વ પક્ષાપક્ષરહિત જ્ઞાનગુણસંપન્ન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ સ્વભાવથી જ જેવી ને તેવી, જેવી છે તેવી છે, તેને અંતરદષ્ટિ વા સમ્યગ્જ્ઞાનદષ્ટિથી જોઈએ તો તે ન નામ છે કે ન અનામ છે અર્થાત્ વસ્તુ પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય જ્ઞાનસ્વભાવમાં જેવી છે તેવી છે, નામ કહો અથવા ન કહો. નામ અને જન્મ-મરણ તો આ પાંચ પ્રકારનાં શરીર છે તેના છે. એમ શ્રી પદ્મનંદીપચ્ચીશી ગ્રંથમાં શ્રી પદ્મનંદીમુનિ કહી ગયા છે.

( દોહરો )

નામકર્મની ભાવના, ભાવે સુરતી સંભાળ;
ધર્મદાસક્ષુલ્લક કહે, મુક્ત થાય તત્કાલ.
અપનો આપો દેખકે, હોય આપકો આપ;
હોય નિશ્ચિંત તિષ્ટયો રહે, કિસકા કરના જાપ!
નામકર્મ કર્તારકો, નામ નહિ સુણ સાર;
જો કદાપિ યો નામ હૈ, તાકો કર્તા નિર્ધાર.

ઇતિ નામકર્મ વિવરણ ચિત્રસહિત સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ગોત્રકર્મ વિવરણ

( દોહરો )

ગોત્રાદિક સબ કર્મકુ, ત્યાગ ભયે જિનરાજ;
ધર્મદાસક્ષુલ્લક કરે, વંદન સુખકે કાજ.

જેમ કુંભકાર નાનાં-મોટાં માટીનાં વાસણ કરે છે [ ચિત્ર ક્રમાંક : ૯ ] તેમ સ્વસ્વરૂપ જ્ઞાનરહિત કોઈ જીવ છે તે નીચ-ઉચ્ચ ગોત્રકર્મને કરે છે, તેથી નીચગોત્ર-ઉચ્ચગોત્ર છે. અહીં આમ સમજવું કે—માતાપક્ષને તો જાત કહે છે તથા પિતાપક્ષને કુલ કહે છે, જાતિ અને ગોત્ર એવા બે ભેદ કહેવામાત્ર છે; અભેદવસ્તુમાં એ બે ભેદ જલ-તરંગવત્ તન્મયી છે. જેમ આંબાના વૃક્ષને કેરી જ લાગે છે ત્યાં વિચાર કરો! આમ્રની જાતિ પણ આમ્ર જ છે તથા આમ્રનું કુલ છે તે પણ આમ્ર જ છે, જેમ મિશ્રી ( સાકર ), ફટકડી, લૂણ અને નૌસાર આદિ છે તે જલની જાતિ છે કારણ કે તેને પાણીમાં ભેળવો તો તે ( પાણીમાં ) ભળી જાય છે અર્થાત્ ભળી જાય તે નિશ્ચય જાતિ છે, તે જ પ્રમાણે નીચગોત્ર-ઉચ્ચગોત્રનાં જ નીચ ઉચ્ચગોત્ર છે. અહીં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે—જેમ કુંભાર, માટીનાં નાનાં-મોટાં વિવિધપ્રકારનાં વાસણ બનાવે છે-કરે છે પરંતુ માટી, ચક્ર, દંડ અને નાનાં-મોટાં વિવિધ-પ્રકારનાં વાસણોથી તન્મયી બની કરતો નથી, કારણ કે કુંભાર આ વિચાર ચિંતવન ન કરે તો પણ તેના અંતઃકરણમાં આવો અચલ નિશ્ચય છે કે—હું માટી નથી તથા માટીનાં નાનાં-મોટાં વાસણાદિક કર્મ છે તે પણ હું નથી તથા દંડ ચક્રાદિક કર્મ છે તે પણ હું નથી અને આ હાડ-માંસ-ચર્માદિમય શરીર છે તે પણ હું નથી, તથા તન-મન-ધન-વચનાદિક છે તે પણ હું નથી, ઇત્યાદિક ( નિશ્ચય )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુંભારનાં અંતઃકરણમાં અચલ છે; તો અહીં નિશ્ચય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસ્વભાવમાં આ જ ભાવ ભાસન થાય છે કે જેમ માટીનું કાર્ય ઘટ છે, માટીની અંદર-બહાર માટી છે તથા જલ-ફીણ-તરંગ-બુદબુદ ઉપજે છે તે જલથી જુદાંજુદાં નથી, તેમ જે જેનાં કાર્ય-કારણરૂપ છે તે છાનાં નથી, એ જ પ્રમાણે જે વસ્તુનાં કર્મ કારણ કાર્ય અને કર્તા છે તે જેનાં જે છે તેનાં તે જ છે. અર્થાત્ જેમ વ્યવહારદષ્ટિથી જોઈએ તો માટીનાં વાસણનો કુંભકાર કર્તા છે પણ નિશ્ચયદષ્ટિથી-પરમાર્થ-સત્યાર્થદષ્ટિથી જોઈએ તો કુંભકાર, માટીનાં વાસણ, માટી, અને ચક્ર-દંડાદિકને (પરસ્પર) એકમયપણું નથી તેથી માટીના વાસણરૂપ કર્મની કરવાવાળી માટી જ છે, એ જ પ્રમાણે વ્યવહારથી તો નીચગોત્ર-ઉચ્ચગોત્ર જીવ કરે છે તથા નિશ્ચયથી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનદષ્ટિ દ્વારા જોઈએ તો જ્ઞાનમયજીવ નીચગોત્ર-ઉચ્ચગોત્રને કરતો નથી, અર્થાત્ ગોત્રકર્મને કરવાવાળું ગોત્રકર્મ જ છે. કર્મનાં વિધિ-નિષેધ કર્મનાં કર્મ જ કરે છે, નિશ્ચય સમ્યગ્જ્ઞાનદષ્ટિથી દેખવું કે જ્ઞાનગુણમયીવસ્તુ અમૂર્ત્તિક છે, અને કર્મ મૂર્ત્તિક છે, કૃત્રિમ છે. જેમ સૂર્ય અને અંધકારનો તત્સ્વરૂપ મેળ નથી તે જ પ્રમાણે કર્મ અને કેવલજ્ઞાનનો (તત્સ્વરૂપ) મેળ નથી.

ઇતિ ગોત્રકર્મ વિવરણ ચિત્રસહિત સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અંતરાયકર્મ વિવરણ

( દોહરો )

ત્યાગગ્રહણથી ભિન્ન છે, સદા સુખી ભગવાન;
ધર્મદાસક્ષુલ્લક કહે, સ્વાનુભવ પરમાણ.

જેમ રાજાએ ભંડારીને કહ્યું કે 'આને એક હજાર રૂપિઆ આપ' પરંતુ ભંડારી આપતો નથી, [ ચિત્ર ક્રમાંક : ૧૦ ] એ જ પ્રમાણે અંદર અંતઃકરણમાં મનરાજા તો હુકમ કરે છે કે—'સર્વ માયા-મમતા છોડી દે' પરંતુ ભંડારીવત્ અંતરાયકર્મ છોડવા દેતું નથી. અહીં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો —જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે, તેમ મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી આ તન-મન-ધન-વચનાદિક-પાપ-પુણ્ય-જગત અને સંસાર અલગ છે, તો પછી એને હું શું છોડું તથા શું ગ્રહણ કરું? જો જેમ સૂર્યથી પ્રકાશ અલગ નથી તે પ્રમાણે મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી આ તન-મન-ધન-વચનાદિક-પાપ-પુણ્ય-જગત-સંસાર અલગ નથી તો પણ શું છોડું અને શું ગ્રહણ કરું? અથવા જેમ સૂર્ય, સૂર્યને કેવી રીતે ગ્રહણ કરે? તથા સૂર્ય અંધકારને કેવી રીતે ગ્રહણ કરે? અને સૂર્ય અંધકારને કેવી રીતે ત્યાગે? એ જ પ્રમાણે હું મારા કેવલજ્ઞાનમયી સ્વભાવને કેવી રીતે ત્યાગ કરૂં? તથા ગ્રહણ પણ કેવી રીતે કરૂં? વળી મારા કેવલજ્ઞાનમયી સ્વભાવથી જે સર્વથા પ્રકારે ભિન્ન છે-વર્જિત છે-ત્યાજય જ છે તેને શી રીતે ત્યાગું અને તેને ગ્રહણ પણ શી રીતે કરૂં?

રાજા ભંડારીને કહે છે કે 'આને ૧૦૦૦ હજાર રૂપિઆ આપ' પરંતુ આમ નથી કહેતો કે 'હું રાજા છું મને જ ઉઠાવીને આને આપી દે' અર્થાત્ રાજા પરવસ્તુને આપવાનો હુકમ કરે છે પરંતુ પોતાના સ્વભાવ-લક્ષણને આપવાનો હુકમ નથી કરતો. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પોતાના વસ્તુપણાને ન તો કોઈને આપે છે કે ન કોઈની પાસેથી સ્વસ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુત્વસ્વભાવને લે છે; ભાવાર્થ—સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયીસ્વભાવમાં પુદ્‌ગલાદિક જડ અજ્ઞાનમયી વસ્તુનો લેવા-દેવાનો વ્યવહાર સંભવતો નથી. જેમ સૂર્યમાં પ્રકાશગુણ સૂર્યસ્વભાવથી જ છે તેમ જે વસ્તુમાં દેખવા-જાણવાનો ગુણ સ્વભાવથી જ છે તે વસ્તુ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને માત્ર જાણે જ છે પણ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને કરતી નથી કારણ કે જ્ઞાન-અજ્ઞાનને પરસ્પર અંધકાર-પ્રકાશવત્ તો અંતરભેદ છે તથા જ્ઞાન-અજ્ઞાનને પરસ્પર જલ-કમળવત્ મેળ છે, વિચાર કરો! આ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે તે સ્વભાવથી જ અજ્ઞાનવસ્તુનો ભેદ છે તેનો કર્તા કેવલ જ્ઞાનસ્વભાવમાં કોણ છે? વળી આ જ્ઞાનાવરણી આદિ આઠકર્મ છે તે બધાય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે તેને કેવલજ્ઞાનમયી આત્મા કરતો નથી પણ જે જાણે છે તે જાણે જ છે. નિશ્ચયથી જ્ઞાનાવરણીરૂપ પરિણામ છે તે જેમ ગોરસમાં વ્યાપકરૂપે દહીં-દૂધ ખાટા-મીઠા પરિણામ છે તેમ પુદ્‌ગલદ્રવ્યમાં વ્યાપ્તપણા વડે હોતા થકા પુદ્‌ગલદ્રવ્યના જ પરિણામ છે, તેને જેમ ગોરસની નિકટ બેઠેલો પુરુષ તેના પરિણામને દેખે-જાણે છે, તે જ પ્રમાણે આત્મા જ્ઞાનમયી છે તે એ પુદ્‌ગલના પરિણામનો જ્ઞાતા-દ્રષ્ટા છે પણ અષ્ટ કર્માદિકનો કર્તા નથી, તો શી રીતે છે? જેમ જેમ ગોરસની નિકટ બેઠેલો પુરુષ તેને દેખે છે, તે દેખવારૂપ પોતાના પરિણામથી વ્યાપ્તપણારૂપ થતો થકો તેને વ્યાપીને દેખે જ છે; તે જ પ્રમાણે પુદ્‌ગલપરિણામ છે નિમિત્ત જેને એવા પોતાના જ્ઞાનને પોતાથી વ્યાપ્યપણારૂપ થતો થકો તેને વ્યાપીને જાણે જ છે. એ પ્રમાણે જ્ઞાની, જ્ઞાનનો જ કર્તા છે અર્થાત્ જ્ઞાની છે તે અજ્ઞાનમયી વસ્તુથી તન્મયી બનીને કદાચિત્ કોઈ પ્રકારથી પણ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ અજ્ઞાનમયી કર્મનો કર્તા નથી; ઘણું શું કહું? જ્ઞાન અને અજ્ઞાન સૂર્ય પ્રકાશવત્ (કદી) એક થયું નથી-છે નહિ-થશે નહિ.

ઇતિ અંતરાયકર્મ વિવરણ સમાપ્ત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ભ્રાંતિખંડન દ્રષ્ટાંત

સ્વસ્વરૂપ સમભાવમાં, નહિ ભરમનો અંશ;
ધર્મદાસક્ષુલ્લક કહે, સૂણ ચેતન નિરવંશ.

દ્રષ્ટાંત છે તે દ્રઢતા માટે છે, સ્વભાવ સમ્યગ્જ્ઞાન દ્રષ્ટિ રહિત જીવ છે તે તો પોતાને અને ભ્રમ-ભ્રાંતિ-સંકલ્પ-વિકલ્પને એક જ તન્મયવત્ સમજ છે-માને છે-કહે છે. વળી કોઈ જીવ, ગુરુ ઉપદેશ પામીને સ્વભાવ સમ્યગ્જ્ઞાનદ્રષ્ટિ થયા પછી વિભ્રાંત-ભ્રમમાં દુ:ખી થઈને આમ સમજે છે-માને છે-કહે છે કે તન-મન-ધન-વચનથી તથા તન-મન-ધન-વચનના જેટલાં શુભાશુભ વ્યવહાર ક્રિયાકર્મ છે તેનાથી અતત્-સ્વરૂપ ભિન્ન કોઈ પરબ્રહ્મ પરમાત્મા જ્ઞાનમયી સદાકાલ જાગતી જયોત નથી. તેના સમાધાન અર્થે દ્રષ્ટાંત:—

જેમ કોઈ ગુરુએ શિષ્યને કહ્યું કે હે શિષ્ય! આ એક લૂણનો કાંકરો આ જલના ભરેલા તાંસળામાં (કે) તપેલામાં નાંખ. ત્યારે શિષ્યે ગુરુઆજ્ઞાનુસાર તે લૂણના કાંકરાને તે જલ ભરેલા તાંસળા (કે) તપેલામાં નાખ્યો, એક તરફ એકાંતમાં મૂકયો. પછી બીજા દિવસે ગુરુએ શિષ્યને કહ્યું કે—હે શિષ્ય! ગઈ કાલે જલભરેલા તાંસળા-તપેલામાં તેં જે લૂણનો કાંકરો નાખ્યો હતો તે લાવ! ત્યારે ગુરુ-આજ્ઞાનુસાર શિષ્ય શીઘ્રતાપૂર્વક જઈને તે જલ ભરેલા તપેલામાં હસ્તસ્પર્શ દ્વારા ખોળવા, જોવા લાગ્યો. ઘણા વખત સુધી તાંસળા (કે) તપેલામાં તે જલને મંથન કર્યું તોપણ તેને લૂણના અનુભવનો ભાસ ન થયો અર્થાત્ લૂણ ન દીઠું. ત્યારે શિષ્યે કહ્યું કે હે ગુરુજી! જલમાં લૂણ નથી. ગુરુ કહે કે હે શિષ્ય, તું કહે છે કે નથી (પણ) ત્યાં જ છે. શિષ્ય કહે છે કે નથી. ત્યારે ગુરુએ કહ્યું કે હે શિષ્ય!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ તાંસળામાં જલ છે તેમાંથી તું એક અંજલિ જેટલું જળ પી. ત્યારે શિષ્ય જળ પીવા લાગ્યો, કંઈક થોડું પીધું, પીતાંની સાથે જ શિષ્યને લૂણનો અનુભવ તે જ સમયે થયો અને કહ્યું કે—હે ગુરુજી! લૂણ છે. એ જ પ્રમાણે તન-મન-ધન-વચનથી તથા તન-મન-ધન-વચનના જેટલાં કોઈ શુભાશુભવ્યવહાર ક્રિયાકર્માદિક તેનાથી સર્વથા પ્રકારે ભિન્ન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરમબ્રહ્મ-પરમાત્મા સદાકાલ જાગતી જ્યોત જ્યાં (તેનો) નિષેધ છે ત્યાં જ છે અને તે સ્વાનુભવમાત્ર ગમ્ય છે.

કોઈ જીવ પોતાને આ પ્રમાણે માને છે-જાણે છે—કહે છે કે—'હું સિદ્ધપરમેષ્ઠિ-પરબ્રહ્મ—પરમાત્મા નથી' તેની એકતા-તન્મયતા અર્થે દૃષ્ટાંત દ્વારા ગુરુ સમાધાન આપે છે કે—હે શિષ્ય! આ ભુવનમાં તું ઉચ્ચ સ્વરથી આવો અવાજ કર કે 'તું હી' ત્યારે ગુરુ આજ્ઞાનુસાર શિષ્યે તે ભુવનમાં જઈને ઉચ્ચ સ્વરથી કહ્યું કે 'તું હી' ત્યારે તે ભુવનના આકાશમાંથી પ્રતિઅવાજ-ધ્વનિ એવી જ આવી કે 'તું હી' ત્યારે તે શિષ્યના અંતઃકરણમાં આવો અચલ નિશ્ચય થયો કે જે સિદ્ધ પરમાત્માની વાર્તા કર્ણ દ્વારા સાંભળતો હતો તે તો સ્વાનુ-ભવગમ્ય માત્ર હું જ છું.

સિદ્ધ પરમેષ્ઠિ પરમાત્માને જે પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી ભિન્ન સમજે છે—માને છે—કહે છે તેના સમાધાન અર્થે ગુરુ કહે છે કે—તમારું તમારા જ સમીપ છે; અહીં ત્રણ દૃષ્ટાંત દ્વારા સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનનો અનુભવ આપું છું, તે શ્રવણ કરો. જેમ એક સ્ત્રીએ પોતાની નથની નાકમાંથી કાઢીને પોતાના જ કંઠના આભરણમાં પરોવી દઈને પછી ઘરનો કાર્ય-ધંધો કરવામાં એકાગ્રચિત્ત થઈ, બે ચાર ઘડી પછી તે સ્ત્રીએ પોતાના નાકને હાથ લગાવ્યો ત્યારે તે સ્ત્રીને એવી ભ્રાંતિ થઈ કે 'નથની મારી સમીપ નથી, હાય! મારી નથની કયાં ગઈ?' ઇત્યાદિ ભ્રાંતિવડે તે દુ:ખી થઈ શ્રી ગુરુના ચરણશરણ આવીને ગુરુને કહ્યું કે—'સ્વામિ! મારી નથની મારી સમીપ નથી, ન જાણે કયાં ગઈ?' ત્યારે ગુરુએ કહ્યું કે 'તારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(નથની) તારા જ સમીપ છે; જો આ દર્પણમાં! ત્યારે તે સ્ત્રી દર્પણમાં પોતાનું મુખ જોવા લાગી, તે જ સમયે પોતાના કંઠઆભરણમાં લાગેલી નથની પોતાની પોતાના સમીપ દેખીને તે સ્ત્રીએ ગુરુને કહ્યું કે—'સ્વામી! મારી નથની મારા સમીપ જ છે'. એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠીથી સિદ્ધપરમેષ્ઠી ભિન્ન નથી.

પ્રશ્ન:—'હું તો સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન છું?'

ઉત્તર:—જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તે પ્રમાણે તું સિદ્ધ-પરમેષ્ઠીથી ભિન્ન છે ત્યારે તો તું ક્રોડ તપ-જપ-વ્રત-શીલ-દાન-પૂજાદિક શુભાશુભ કર્મ-ક્રિયા કરતો છતાં પણ કદાચિત્ કોઈ પ્રકારથી પણ સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મયી ન થયો છે, ન થઈશ કે ન છે; તથા જેમ સૂર્યથી પ્રકાશ એક-તન્મય-અભિન્ન છે તે પ્રમાણે તું સિદ્ધ-પરમેષ્ઠીથી એક-તન્મય-અભિન્ન છે તો પણ તું સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મય-અભિન્ન થવા માટે ક્રોડો જપ-તપ-વ્રત-શીલ-દાન-પૂજાદિક-શુભાશુભ કર્મ-ક્રિયા કરતો છતાં પણ કદાચિત્ કોઈ પ્રકારથી પણ સિદ્ધપરમેષ્ઠીથી એક તન્મયી થવાનો નથી, થયો નથી કે છે નહિ. સિદ્ધપરમેષ્ઠીથી એકતા અને ભિન્નતાની એ બંને ભ્રાંતિ-વિકલ્પપણું સ્વભાવ-સમ્યગ્જ્ઞાનમાં કદી પણ સંભવતું નથી.

જેમ કંઠમાં મોતીની માળા છે તે મોતીની માળા મોતીની માળાની સમીપ તન્મયી જ છે તેને ભ્રમ-ભ્રાંતિથી અન્ય સ્થાનમાં ગોતે છે [ચિત્ર ક્રમાંક: ૧૧] તેને ગુરુએ કહ્યું કે—અન્ય સ્થાનમાં મોતીની માળા નથી પણ તારા જ કંઠમાં મોતીની માળા છે, તે મોતીની માળાથી તન્મય સમીપ છે. એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠી છે તે સિદ્ધપરમેષ્ઠીથી તન્મય સમીપ જ છે.

જેમ સૂર્યને દેખવાથી સૂર્યની નિશ્ચયતા-સૂર્યનો અનુભવ થાય છે તે જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠી પરમાત્મા સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-સૂર્યને દેખવાથી સિદ્ધપરમેષ્ઠી પરમાત્મા સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ સૂર્યનો નિશ્ચય-સ્વાનુભવ થાય છે.

સ. ૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સોનાનું કડું-મુદ્રિકા-કંઠી-દોરો અને મહોર વગેરે નિશ્ચય-સ્વભાવદૃષ્ટિથી જોઈએ તો તે સોનાથી ભિન્ન નથી તે જ પ્રમાણે સ્વ-સ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠી પરમાત્માથી નિગોદથી માંડીને મોક્ષ પર્યંત જેટલી જીવરાશિ—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી છે, તે નિશ્ચયસ્વભાવદૃષ્ટિથી જોઈએ તો ભિન્ન નથી.

અપૂર્વ અનુભવ આપું છું--સાંભળો! કોઈ જીવ પોતાને જ સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન સમજે છે તથા પોતાને જ સિદ્ધપરમેષ્ઠીથી અભિન્ન સમજે છે એવી બંને કલ્પના જે જીવના અંતઃકરણમાં અચલ છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ લૌકિકમાં આવું કહેવું પ્રસિદ્ધ છે કે જુઓ ભાઈ! તમે સમજી કરીને કામ-કાર્ય-કર્મ કર્યું હોત તો તમને આ નુકશાન શા માટે થાત? અર્થાત્ સદ્‌ગુરુના ઉપદેશવચનદ્વારા કોઈ જીવ પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને સમજીને પૂર્વકર્મપ્રયોગવશાત્ શુભાશુભ કામ-કર્મ-કાર્ય કરે છે તેના સમ્યગ્જ્ઞાનસ્વરૂપ ધનને કદી પણ નુકશાન થવાનું નથી.

જેમ લૌકિકમાં આમ કહેવાનું પ્રસિદ્ધ છે કે જુઓ ભાઈ! માર્ગમાં કંટકાદિક વિઘ્ન ઘણાં છે માટે તેનાથી બચીને જવું, એ જ પ્રમાણે કોઈ જીવ સદ્‌ગુરુ ઉપદેશવચનદ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને તન-મન-ધન-વચનથી તથા તન-મન-ધન--વચનનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર ક્રિયા-કર્મોથી (પોતાને) બચાવીને-બચીને પછી ત્રણસો તેંતાલીસ ઘનરાજુ પ્રમાણ આ લોકમાં ભ્રમણ કરે તો પણ સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે તે સંસારમાં ફસવાનું નથી.

જેમ ચક્કીના પત્થર ઉપર બેઠેલી માંખ છે; તે ચક્કીનો પાટ (પત્થર) ચારે તરફ ગોળ ફરે છે તેમ તેના ઉપર બેઠેલી માંખ પણ ફરે છે, તે જ પ્રમાણે સ્વભાવથી અચલ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા સંસાર-ચક્ર ઉપર ફરે છે તોપણ તે અચલનો અચલ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સમુદ્ર સ્વભાવમાં તો જેવો છે તેવો છે, તો પણ વ્યવહાર-નયવશાત્ સમુદ્રને કિનારો હદપ્રમાણ છે માટે સમુદ્ર બંધાયલો છે; વળી સમુદ્રને કોઈએ બંધ કર્યો નથી માટે એ જ સમુદ્ર મુક્ત છે. એ જ પ્રમાણે સ્વયંસિદ્ધ પરમાત્મા વ્યવહારનયથી બંધ-મુક્ત (રૂપ) છે પણ સ્વભાવ સમ્યગ્જ્ઞાનમાં-સ્વાનુભવદૃષ્ટિમાં જોઈએ તો બંધ-મુક્ત તો દૂર રહો પરંતુ બંધ-મુક્તની કલ્પનાનો અંશ પણ તેને સંભવતો નથી.

જેમ સૂર્યની અંદર અંધકાર નથી તેમ આ જગત સંસાર (રૂપ અંધકાર) સ્વાનુભવ સમ્યગ્જ્ઞાનમયસૂર્યની અંદર નથી

જેમ સૂર્ય અને અંધકારની એકતા તન્મયતા નથી તે જ પ્રમાણે જ્ઞાનમય પરમાત્મા અને જગત સંસારની એક તન્મયતા નથી.

જેમ બકરાની મંડળીમાં જન્મ સમયથી જ ભ્રમથી પરવશપણે સિંહ રહે છે તથા બીજો સિંહ જંગલમાં સ્વાધીન રહે છે, એ બંને સિંહોનાં જાતિ-લક્ષણ-સ્વરૂપ અને નામાદિક એક જ છે પરંતુ પરસ્પરની અભેદતામાં નિશ્ચયે ભેદ છે. તે જ પ્રમાણે નિગોદથી માંડીને મોક્ષ સુધી વા સમ્યગ્જ્ઞાન સ્વભાવ સુધી જીવ રાશિ, નામ-જાતિ-લક્ષણાદિક સહિત એક જ છે, પરંતુ પરસ્પર અભેદસ્વરૂપમાં ભેદ છે: એ ભેદબુદ્ધિ તથા અભેદબુદ્ધિની કલ્પનાનું વિઘ્ન-દુઃખ શ્રી સદ્ગુરુના ચરણશરણ થવાથી મટશે.

જેમ એક મોટા-પહોળા-લાંબા ઘણા વિસ્તીર્ણ પ્રમાણના સ્વચ્છ દર્પણમાં અનેક પ્રકારની અનેક ચલ-અચલ રંગ-બેરંગી વસ્તુઓ દેખાય છે તે જ પ્રમાણે સ્વચ્છ જ્ઞાનમય દર્પણમાં આ અનેક વિચિત્રતામય જગત-સંસાર દેખાય છે.

જેમ સૂર્યના પ્રકાશમાં કોઈ પાપ કરે છે, કોઈ પુણ્ય કરે છે, કોઈ મરે છે, કોઈ જન્મે છે, ઇત્યાદિનું શુભાશુભ પાપ-પુણ્ય-જન્મ-મરણાદિક સૂર્યને લાગતા નથી, સૂર્યથી એ જન્મ-મરણ-પાપ-પુણ્ય તન્મયી થતાં નથી, તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકાશમાં પાપ-પુણ્ય-જન્મ-મરણ, કર્માદિક શુભાશુભ થાય છે તેનું ફલ અને મૂલાદિક છે તે સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યને પહોંચતાં નથી-લાગતાં નથી-તન્મય થતાં નથી.

જેમ સૂર્યને સૂર્ય દેખવાની ઇચ્છા સંભવતી નથી તે જ પ્રમાણે જ્ઞાનમય પરમાત્માને જ્ઞાનમય પરમાત્મા દેખવાની ઇચ્છા સંભવતી નથી.

જેમ ધોબી નિર્મળ જળના ભરેલા તળાવમાં કપડાં ધોવે છે તેને જળ પીવાની તરસ લાગી છે ત્યાં એ મૂર્ખ ધોબી વિચાર કરે છે કે—આ બે કપડાં ધોઈ પછી જળ પીશ, વળી એ બે વસ્ત્ર ધોયા પછી ફરી પણ એવો જ વિચાર કર્યો કે—આ ધોઈ પછી (જળ પીશ), પછી આ ધોઈ...પછી આ ધોઈ એમ અનુક્રમે સંકલ્પ (વિચાર) કરતો કરતો તે ધોબી નિર્મળ જળમાં ને નિર્મળ જળમાં મરી ગયો પરંતુ જળ પીધું નહિ. એ જ પ્રમાણે સર્વ જીવરાશિ નિર્મળ સમ્યગ્જ્ઞાનમય જળના ભર્યા સમુદ્રમાં પરવસ્તુને ઉજ્જવળ કરે છે–(એટલે સાફ કરે છે) "આ કર્યા પછી ગુરુઉપદેશ દ્વારા સમ્યગ્જ્ઞાનરૂપી નીર પી કરી સુખી થઈશ, પાછો વળી આ કર્યા પછી સમ્યગ્જ્ઞાન-મય નીર ગુરુઉપદેશથી પીશ." એમ કરતાં કરતાં મરણ કરીને ક્યાંયનો ક્યાંય ચાલ્યો જાય છે. ચિત્ર ક્રમાંક: ૧૨]

જેમ ધોબી મેલા કપડાને સાબુ ક્ષાર અને પત્થર આદિના નિમિત્તથી ધોવે છે પરંતુ તે ધોબી, વસ્ત્ર-સાબુ-ક્ષાર અને શિલાદિકની સાથે તન્મય થઈને નથી ધોતો, તેવી જ રીતે શુભાશુભ લાગેલી કાલિમાને સમ્યગ્દષ્ટિ ધોવે છે પરંતુ તે સમ્યગ્દષ્ટિ શુભાશુભથી અને શુભાશુભનાં જેટલાં વ્યવહાર ક્રિયા-કર્મ છે તેનાથી તન્મય થઈને નથી ધોતો.

(દોહરો)

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નીર;
ધોબી અંતર આત્મા, ધોવે નિજગુણ ચીર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કોરા નવીન પાકા માટીના કળશ ઉપર પવનના પ્રસંગથી રજરેણું આવી લાગે છે તેમ સમ્યગ્દૃષ્ટિને કર્મરજ આવી લાગે છે. વળી જેમ ઘણા વર્ષથી તેલના ભરેલા ચીકણા માટીના ઘડા ઉપર પવનના પ્રસંગથી રજરેણું આવીને લાગે છે તેમ મિથ્યાદૃષ્ટિને કર્મ-વર્ગણા આવી લાગે છે.

જેમ કોઈ મૂંગા પુરુષના મુખમાં સાકર-ગોળ-ખાંડ નાખી દીધા હોય અને તેને જે મિઠાશનો અનુભવ થયો તે પેલો મુંગો કહી શકતો નથી. તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુઉપદેશથી પોતાનો પોતાને પોતામાં પોતામય સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ થયો પરંતુ તે કહી શકતો નથી.

પ્રશ્નઃ—ગુરુ, સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ કેવી રીતે આપતા હશે?

ઉત્તરઃ—ગુરુની ગુરુ જ જાણે! તો પણ કંઈક કહું છું! જેમ કોઈ ચંદ્રદર્શનનો ઇચ્છક ગુરુને જિજ્ઞાસાથી પૂછે છે કે 'ચંદ્ર ક્યાં છે?' ત્યારે ગુરુએ કહ્યું કે—'એ ચંદ્રમા મારી આંગળીની ઉપર છે', ઇત્યાદિ અનેક પ્રકારથી ગુરુ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ આપે છે.

જેમ કોઈ પુરુષની સ્ત્રીએ પોતાના ભરથારને કહ્યું કે—તમે આ બાળકને રમાડો-ગોદમાં લ્યો તો હું ઘરકામ કરું, ત્યારે તે પુરુષ પોતાના પુત્રને પોતાની ગોદમાં લઈ રમાડવા લાગ્યો, તે જ સમયે બાળક રડવા લાગ્યો એટલે પિતા, પેલા બાળકની સ્થિરતા-સુખ માટે કહે છે કે—'હે પુત્ર! રૂદન ન કર! આપણી માતા (અંદર) બેઠી છે.' અહીં વિચારવું જોઈએ કે—માતા તો તે બાળકની છે, પુરુષની નથી, પુરુષની તો એ સ્ત્રી છે; અને સ્ત્રીને માતા કહેવી એ વ્યવહારવિરૂદ્ધ છે તોપણ બાળકની સ્થિરતા-શાંતિ માટે તે પુરુષ વ્યવહારવિરૂદ્ધ વચન પણ બોલે છે. તે જ પ્રમાણે શિષ્યમંડળનાં સુખ-સ્થિરતા માટે ગુરુ કોઈવાર અપભ્રંશ વચન બોલે છે પણ ગુરુનો હેતુ ઉત્તમ છે.

જેમ અગ્નિમાં કપૂર-ચંદનાદિક નાખવામાં આવે તેને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અગ્નિ સળગાવી દે છે તથા ચામડાં-મળાદિક નાંખવામાં આવે તો તેને પણ અગ્નિ સળગાવી દે છે, તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનાગ્નિમાં આ શુભાશુભ પાપ-પુણ્યાદિ સળગી જાય છે અર્થાત્ રહેતાં નથી.

જેમ એક જાતિનો એક સ્વરૂપનો એક તેજવાળો એક ગુણાદિ-સહિત રત્નનો ઢગલો દૂરથી એક જ દેખાય છે પરંતુ તે રતન (પ્રત્યેક) ભિન્ન ભિન્ન છે. જેમ અગ્નિના અંગારાનો ઢગલો દૂરથી એક સરખો દેખાય છે પણ તે અંગારા ભિન્ન ભિન્ન છે. તે જ પ્રમાણે જીવરાશિ ભિન્ન ભિન્ન છે પણ એ સર્વના ગુણ-લક્ષણ-જાતિ-નામાદિક એક છે.

જેમ દહીંને મંથન કરીને તેમાંથી માખણ કાઢી પાછું તે માખણને પેલા છાશ-મહામાં નાખી દે તો પણ તે માખણ પેલા છાશ-મહામાં મળી જઈને એકરૂપ થવાનું નથી, તે જ પ્રમાણે ગુરુ, સંસારસાગરમાંથી જીવને કાઢી પાછો એ જ સંસારસાગરમાં નાખી દે તોપણ તે જીવ, સંસારસાગરની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ મળીને એકરૂપ થવાનો નથી.

જેમ કોઈની પાસે સર્પ-વિષનિવારક જડીબૂટ્ટી કે મંત્ર છે તો તે સર્પથી ડરતો નથી તેમ કોઈની પાસે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય તન્મયતા છે તે સંસારરૂપી સર્પથી ડરતો નથી.

જેમ કુંભકારનું ચક્ર દંડાદિકના પ્રસંગથી ફરે છે અને દંડાદિકનો પ્રસંગ ભિન્ન થયા પછી પણ તે જ ચક્ર કંઈક થોડા વખત સુધી પણ ફરતું રહે છે તે જ પ્રમાણે કોઈ જીવનાં ચાર ઘાતિકર્મો ભિન્ન થયા પછી પણ પૂર્વ પ્રયોગવશ (અમુક દોષદ્વારા) કંઈક કિંચિત્ કાળ સુધી સંસારમાં ભમે છે.

જેમ છાણના સૂકા છાણાને એક કણિકામાત્ર પણ જો અગ્નિ લાગી ગઈ તો તે અગ્નિ એ સૂકા છાણના છાણાને અનુક્રમથી બાળી ભસ્મ કરી દે છે, તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુ-ઉપદેશથી એક સમયકાળમાત્ર પણ સમ્યગ્જ્ઞાનાગ્નિ તન્મયરૂપ લાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય તો અષ્ટ કર્માદિ નામકર્મ સુદ્ધાં બાળી નાખે છે ત્યાર બાદ જે બચવા જોગ છે તેનું તે જ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુ અખંડ અવિનાશી રહેશે.

જેમ કાષ્ટ-પાષાણની ચિત્રની સ્ત્રીના આકારની પૂતળીને તીવ્ર રાગભાવથી દેખતાં દેખતાં કોઈ કામીના વીર્યનો બંધ છૂટી જાય છે તે જ પ્રમાણે કોઈ ધાતુ-પાષાણની પદ્માસન, ખડ્ગાસન ધ્યાનમુદ્રા સહિત વૈરાગ્યસૂચક મૂર્તિને કોઈ મુમુક્ષુ પોતાના તીવ્ર વીતરાગભાવસહિત દેખે તો તેના અષ્ટકર્મના બંધ તત્કાલ છૂટી જાય છે.

જેમ વ્યભિચારણી સ્ત્રી પોતાનાં ઘરકાર્ય કરે છે પરંતુ તેના અંતઃકરણમાં વાસના તો વ્યભિચારી પુરુષ તરફ લાગી રહી છે, તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ સાંસારિક કામકાજ કરે છે પરંતુ તેના અંતઃ-કરણમાં સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનની દૃઢ-અચળ વાસના છે, અર્થાત્ સ્વસમ્યગ્જ્ઞાનને અને પોતાને અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મય સમજે છે, માને છે.

જેમ કોઈ મુનીમ, દુકાન વા ઘરનું કામ-કાજ રાગ-દ્વેષ મમતા-મોહ સહિત કરે છે પરંતુ તેના અંતઃકરણમાં અચળતા આવી છે કે—ધન પરિગ્રહ તથા ધન પરિગ્રહનું શુભાશુભ ફળ મારું નથી પણ શેઠનું છે. તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ, ચારિત્રના દોષથી સંસારના શુભાશુભ વ્યવહાર ક્રિયાકર્મ રાગ-દ્વેષ-મમતા-મોહ સહિત કરે છે પરંતુ તેના અંતઃકરણમાં દૃઢ અચલ અવગાઢ (વિશ્વાસ) આવ્યો છે કે—સંસારના જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર, ક્રિયાકર્મ, રાગ-દ્વેષાદિક તથા તેનાં શુભાશુભ ફળ છે તે મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુથી તન્મય નથી પણ આ સંસારના શુભાશુભ કર્માદિક છે તે બધાં તન-મન-વચનથી તન્મયી છે-તેનાં જ છે.

જેમ સ્વચ્છદર્પણમાં અગ્નિ અને જળની પ્રતિછાયા દેખાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ એ વડે તે દર્પણ ઉષ્ણ-શીતલ થતું નથી. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણમાં સંસારનાં શુભાશુભ ક્રિયા-કર્મની પ્રતિછાયાનો ભાસ થાય છે પણ એ વડે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમયદર્પણ રાગ-દ્વેષથી તન્મય થતું નથી.

જેમ આકાશમાં કાળા, પીળા, લાલ મેઘ-વાદળ-વીજળી આદિના અનેક વિકાર થાય છે તથા વિઘટી જાય છે તો પણ તે વડે આકાશ વિકારી થતું નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય આકાશમાં આ ક્રોધ-માન-માયા-લોભાદિક થવા છતાં પણ તે સ્વસમ્યગ્જ્ઞાનમય (આકાશ) રાગ-દ્વેષાદિકથી તન્મય થતું નથી.

જેમ જે ઘરમાં અગ્નિ લાગે છે તે ઘર તો સળગી જશે પરંતુ ઘરની અંદર-બહારનું જે આકાશ છે તે કદી પણ કોઈ પ્રકારથી પણ જળવા-બળવાનું નથી. તે જ પ્રમાણે દેહ-શરીરરૂપ ઘરમાં આધિ-વ્યાધિ-રોગાદિ અગ્નિ લાગે તો દેહ-શરીરરૂપ ઘર તો જળશે-બળશે, પરંતુ દેહ-શરીર વા લોકાલોકની અંદર-બહાર આકાશવત્ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય (આકાશ) છે તે કદી પણ કોઈ પ્રકારથી પણ જળશે-બળશે વા જન્મશે-મરશે નહિ.

જેમ સૂકા છાંણાને કણમાત્ર પણ અગ્નિ લાગી જાય તો તે અગ્નિના પ્રસંગથી એ સૂકું છાણું અનુક્રમે બળી જાય છે તે જ પ્રમાણે કોઈ જીવને શ્રી સદ્‌ગુરુ વચનોપદેશદ્વારા એક નેત્રના ટીમકાર સમયકાળ માત્ર પણ સમ્યગ્જ્ઞાનાગ્નિ તન્મયરૂપ લાગી જાય તો તે જીવનાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ અનુક્રમપૂર્વક જળી-બળી જાય છે, એમાં કદી પણ કોઈ પ્રકારથી સંદેહ નથી.

જેમ કોઈ સ્ત્રી પોતાના સ્વભર્તારને તજીને અન્ય પુરુષની સાથે સેવા-રમણ આદિ કરે છે તો તે સ્ત્રી વ્યભિચારણી-મિથ્યાત્વણી છે. તે જ પ્રમાણે કોઈ પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમયદેવને છોડીને અજ્ઞાનમયદેવની સેવા-ભક્તિમાં લીન છે તો તે મિથ્યાદષ્ટિ છે.

જેમ કોઈ મદિરાનો વ્યસની (મદિરા) પીવાનો સર્વથા પ્રકારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાગ કરે તો તેને મદોન્મત્તપણાનો ત્યાગ થશે. તે જ પ્રમાણે કોઈ જીવ, જાતિ-કુળ-રૂપ-તપ-બળ-વિદ્યા-લાભ અને અધિકાર એ આઠ મદનો સર્વથા પ્રકારથી ત્યાગ કરશે તો તે નિશ્ચય માર્દવ જે સ્વસ્વરૂપ-સમ્યગ્જ્ઞાનગુણથી તન્મય થશે.

જેને તિલ-તુષમાત્ર પણ પરિગ્રહ નથી તથા જે પાંચ પ્રકારનાં શરીરથી પણ કદી કોઈ પ્રકારથી તન્મય નથી તે જ સદ્ગુરુ છે.

જેમ કોઈ મદ્ય ભાંગ આદિ પીવાથી મદોન્મત્ત છે તેને લૌકિક-જન આ પ્રમાણે કહે છે કે 'આ મતવાળો છે' એ જ પ્રમાણે કોઈ અપૂર્વ મતિમંદ મદિરા પીને મદોન્મત્ત થઈ રહ્યો છે તેવા આ જૈન-મતવાળા, વિષ્ણુ મતવાળા, શિવ મતવાળા અને બૌદ્ધ મતવાળા ઇત્યાદિક છે, વળી તેને કોઈ કહે કે તમે કોણ છો? ત્યારે તે પોતાના મુખથી આપો આપ કહે છે કે—'અમે જૈન મતવાળા, અમે વિષ્ણુ મતવાળા, અમે શિવ મતવાળા, અમે બૌદ્ધ મતવાળા ઇત્યાદિ કહે છે, પણ એ બધા મતવાળા સ્વસ્વરૂપ-સ્વાનુભવગમ્ય-સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુથી તન્મયી નથી.

જેમ સૂર્ય, પોતાનો સ્વભાવ-ગુણ-પ્રકાશ છોડતો નથી તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન પોતાના જ્ઞાનગુણને છોડતું નથી.

જેમ કોઈ કાંબળ ઓઢી મધપૂડાને તોડવા લાગ્યો, તે સમયે હજારો મધુમક્ષિકા (મધપૂડામાં) લાગેલી છે તો પણ તે પુરુષ અડંક રહે છે, તે જ પ્રમાણે કોઈ જીવે, ગુરુવચનઉપદેશથી સ્વસમ્યગ્જ્ઞાનાનુ-ભવરૂપ કાંબળ ઓઢી લીધી છે તેથી તેને સંસારમક્ષિકા લાગતી નથી.

જેમ કાગપક્ષી બોલે છે તે જ પ્રમાણે કોઈને સ્વસમ્યગ્જ્ઞાના-નુભવની તન્મયતા-પરમાવગાઢતા તો થઈ નથી અને તે મોટાં મોટાં વેદ-સિદ્ધાંતશાસ્ત્ર-સૂત્ર ભણે છે, તે કાગભાષણ તુલ્ય જાણવાં.

જેમ કસ્તૂરીઆ મૃગની સમીપ જ કસ્તૂરી છે પરંતુ કસ્તૂરીની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુગંધ નાસિકા દ્વારા ધારણ કરીને કસ્તૂરીને જંગલમાં અહીં-ત્યાં ખોળતો ફરે છે-ધસ્યો ધસ્યો દોડે છે, તે જ પ્રમાણે જીવની સમીપ જ જીવથી તન્મયરૂપ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે છતાં તેને જીવ, આકાશ-પાતાળ-લોકાલોકમાં ખોળે છે. અજ્ઞાની જીવને એ ખબર નથી કે જેને હું શોધું છું તે વસ્તુ તો મારી મારા સમીપ જ છે-મારા સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મય છે અથવા હું પોતે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છું.

જેમ ઇન્દ્રજાલના ખેલ મિથ્યા છે તે જ પ્રમાણે આ સંસારના ખેલ મિથ્યા છે, માત્ર સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા સત્ય છે.

જેમ સ્વપ્નની માયા જૂઠી છે તે જ પ્રમાણે સંસારની માયા જૂઠી છે, માત્ર સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા સત્ય છે.

જેમ જ્યાં દેહ નથી ત્યાં જન્મ-મરણ-નામાદિક નથી અર્થાત્ જ્યાં દેહ છે ત્યાં જ તેનાથી તન્મય જન્મ-મરણ-નામાદિક છે.

જેમ ચાલતી ઘંટીના બે પત્થર વચ્ચે જેટલાં ઘઊં, ચણા, મગ, અડદ આદિ અનાજ નાખીએ તે બધાં પીસાઈ જઈ આટો બની જાય છે એક કણ-દાણો પણ બચતો નથી પરંતુ એ ચાલતી ચક્કીમાં કોઈ કોઈ દાણા લોખંડના ખીલડા નજીક રહે છે તે બચી જાય છે; તે જ પ્રમાણે સંસારચક્રની વચ્ચે પડેલો જીવ તો મરણાદિ દ્વારા નરક-નિગોદમાં જઈને પડે છે, પરંતુ કોઈ કોઈ જીવ ગુરુવચનોપદેશદ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માથી તન્મયી-શરણ થઈ જાય છે તે જીવ જન્મ-મરણનાં દુઃખથી બચી જાય છે.

જેમ સર્પણી ૧૦૮ પુત્ર જણે છે, જણીને ગોળાકાર થઈ પોતાના દેહગોળાકારની વચ્ચે તે સર્વ પુત્ર સમુદાયને રાખી અનુક્રમપૂર્વક સર્વને ભક્ષણ કરી જાય છે પરંતુ તે ગોળાકારમાંથી કોઈ કોઈ નીકળી જાય છે તે બચી જાય છે, તે જ પ્રમાણે ઉત્સર્પિણી-અવસર્પિણીના ગોળાકારમાંથી કોઈ જીવ નીકળીને જુદો પડયો તે તો બચી ગયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ બાકીના રહ્યા તે (સર્વ) ઉત્સર્પિણી–અવસર્પિણીના મુખમાં સમાઈ જાય છે.

જેમ વંધ્યાસ્ત્રીને પુત્ર ઉત્પત્તિનું આદિ અંતપૂર્વાપરનું બધું વર્ણન શ્રવણ કરાવો તો પણ તે વંધ્યાસ્ત્રીને પુત્રોત્પત્તિનો કોઈ પ્રકારથી પણ સાક્ષાત્ અનુભવ થતો નથી. તે જ પ્રમાણે વજ્રમિથ્યાદૃષ્ટિને સ્વ-સમ્યગ્જ્ઞાનોપ્રાપ્તિનું પૂર્વાપર સર્વ વિવરણ શ્રવણ કરાવો તો પણ તેને સ્વસમ્યગ્જ્ઞાનોપ્રાપ્તિનો સાક્ષાત્ અનુભવ થતો નથી.

જેમ કોઈનું નાક ખંડિત છે તેને કોઈ દર્પણ બતાવે તો તે નાક ખંડિત માણસ પોતાના દિલમાં આવો વિચાર કરે કે મારું નાક કપાયું છે તેથી આ મને દર્પણ બતાવે છે. તે જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિને સ્વસમ્યગ્જ્ઞાન દર્પણ બતાવવું વૃથા છે.

જેમ કોઈ વંધ્યા સ્ત્રીને પુરુષનો સંયોગ થવા છતાં પણ પુત્ર-ફળ-લાભાનુભવ થતો નથી તે જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષોનો સત્સંગ થવા છતાં પણ સ્વસમ્યગ્જ્ઞાન ફળનો લાભાનુભવ થતો નથી.

જેમ હંસ, દૂધ–પાણીને મળેલાં છતાં પણ ભિન્નભિન્ન સમજે છે તેમ સ્વસમ્યગ્જ્ઞાની આ લોકાલોકને પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનને ભિન્નભિન્ન સમજે છે.

જેમ સ્વપ્નઅવસ્થામાં ઘર–કુટુંબ, બેટા–બેટી, સ્ત્રી, માતા–પિતા, ધન–ધાન્યાદિક દેખાય છે તેને જાગ્રત સમયમાં જોઈએ તો તે નથી દેખાતાં અર્થાત્ સ્વપ્નાવસ્થાનાં માત, પિતા, સ્ત્રી–પુત્રાદિક સર્વે મરી જાય છે તેનું દુઃખ, હર્ષ, શોક જાગ્રતઅવસ્થામાં નથી થતાં, તે જ પ્રમાણે જાગ્રતઅવસ્થા વખતનાં માત–પિતા, સ્ત્રી–પુત્રાદિક છે તે સ્વપ્નામાં નથી દેખાતાં અર્થાત્ જાગ્રતઅવસ્થા વખતનાં માત–પિતા–સ્ત્રી–પુત્રાદિક સર્વ મરી જાય છે, તેનાં દુઃખ, શોક, હર્ષ, સ્વપ્નઅવસ્થામાં નથી થતાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સદા કાલ જે દેખે છે–જાણે છે તેની સન્મુખ જ આ સ્વપ્ન-સમય અને જાગ્રતસમયનો સંસાર થાય છે અને વિણસે છે.

જેમ સ્વપ્નાવસ્થામાં કોઈએ કોઈનું મસ્તક છેદન કર્યું, મારીને ગયો, તે વખતે પોતાને મર્યો સમજ્યો–માન્યો, વળી એ જ (પુરુષ) જાગ્રત થયો ત્યારે કહેવા લાગ્યો કે—'હું સ્વપ્નમાં મરી ગયો હતો.' એ જ પ્રમાણે આ જન્મ, મરણ, પાપ, પુણ્યાદિ (બધાં) સ્વપ્નના ખેલ છે પણ એ ખેલનો તમાસો જે દેખે–જાણે છે તે સ્વ-સ્વરૂપસ્વાનુભવગમ્યજ્ઞાન છે.

જેમ કોઈ મતવાળો પોતાની માતાને માતા જ કહે છે પરંતુ તેનો વિશ્વાસ શો? કારણ કે તે કોઈ વેળા પોતાની માતાને પોતાની સ્ત્રી માની લે તો તેનું પ્રમાણ શું? તે જ પ્રમાણે આ મતવાળો મતિ, મતરૂપી મદિરામાં મદોન્મત્ત આ જૈન મતવાળા વિષ્ણુ મત-વાળા, શિવ મતવાળા, વેદાંત મતવાળા અને બૌદ્ધ મતવાળા વગેરે ષટ્મતવાળા છે [ ચિત્ર ક્રમાંક : ૧૩ ] તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુને અન્યની અન્ય પ્રકારથી માની લે–કહી દે તો તેનું પ્રમાણ શું?

જેમ માટીના જૂઠા ઘોડાની સાથે બાળક પ્રીતિ કરે છે તે પણ દુઃખી છે તથા કોઈ સાચા ઘોડાની સાથે પ્રીતિ કરે છે તે પણ દુઃખી છે કારણ તેમના ઘોડાને કોઈ તોડે-ફોડે તથા બીજા સાચા ઘોડાને પણ કોઈ ચારો–દાણો ન આપે વા મારે (તો તે બંને દુઃખી જ છે); તે જ પ્રમાણે કોઈ જો માટી–પત્થરની ચિત્ર–કાષ્ટની જૂઠી દેવમૂર્તિની સાથે પ્રેમ-પ્રીતિ કરે છે તે પણ દુઃખનું જ કારણ છે તથા કોઈ સાચા સત્ય દેવની સાથે પણ પ્રેમ-પ્રીતિ કરે છે તે પણ દુઃખનું જ કારણ છે, અર્થાત્ સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વસ્વભાવવસ્તુથી ભિન્ન થઈને પરવસ્તુની સાથે જે પ્રેમ–પ્રીતિ કરશે તે દુઃખાનુભવમાં લીન જ રહેશે.

જેમ એક પુરુષ, પાષાણ–ધાતુ–કાષ્ટ અને ચિત્રની દેવમૂર્તિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણા પ્રેમભાવથી પૂજા-પ્રણામ કરે છે ત્યાં દૈવવશ પાષાણની મૂર્તિ તો ફૂટી ગઈ, તૂટી ગઈ; ધાતુની દેવમૂર્તિને ચોર-તસ્કર ઊઠાવી ગયા; કાષ્ટની દેવમૂર્તિ અગ્નિમાં સળગીને ભસ્મ થઈ ગઈ તથા ચિત્રની મૂર્તિ મેઘ-પવન-હસ્તસ્પર્શાદિક દ્વારા બગડી ગઈ, અર્થાત્ ધાતુ-પાષણાદિની દેવમૂર્તિમાં નાશ પામવા આદિ અનેક દૂષણનો પ્રત્યક્ષ અનુભવ થતો દેખીને પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુ-ભવગમ્ય સ્વભાવસ્વરૂપ પોતાને જ દેવ સમજી ચુપચાપ રહે છે. [ ચિત્ર ક્રમાંક : ૧૪ ]

જેમ કોઈ પુરુષે કોઈ શાહુકારની દુકાનનાં દ્રવ્ય સુવર્ણ રત્નાદિકને દૂરથી દેખીને કહ્યું કે મને આ જેટલાં દ્રવ્ય-રત્નાદિક મારાથી દૂર-અલગ દેખાય છે તેનો મારે ત્યાગ છે, એ જ પ્રમાણે સ્વસ્વરૂપ-સ્વાનુભવગમ્ય સમ્યક્કેવલજ્ઞાન છે તેને આ સંસાર, લોકાલોકનો સ્વભાવથી જ ત્યાગ છે.

જેમ કોઈ ધનનો અર્થી પુરુષ રાજાને જાણીને તેની દૃઢ શ્રદ્ધા કરી રાજાની ( ઇચ્છા ) અનુસાર ચાલતો રહે છે તેને ( તે ) રાજા દ્રવ્ય આપે છે, તે જ પ્રમાણે કોઈ જીવ છે તે પ્રથમ સ્વસમ્યગ્ કેવલજ્ઞાનરાજાને પોતાના સ્વભાવગુણથી તન્મય સમજીને-જાણીને તેની દૃઢ-પરમાવગાઢ શ્રદ્ધા કરીને તે કેવલજ્ઞાનરાજાના અનુસાર ચાલે છે-રહે છે તેને કેવલજ્ઞાનરાજા, સ્વભાવસમ્યગ્જ્ઞાનમય મોક્ષ આપે છે.

જેમ સંસ્કૃતભાષામાં મ્લેચ્છ ન સમજતો હોય તો ( તે ) મ્લેચ્છને મ્લેચ્છભાષામાં સમજાવવો. તે જ પ્રમાણે અજ્ઞાનીને અજ્ઞાનભાષામાં સમજાવવો.

જેમ કોઈ કહે કે 'બે રાજા પરસ્પર યુદ્ધ કરી રહ્યા છે,' ત્યાં વિચારપૂર્વક જોઈએ તો એકબીજાનું લશ્કર લડે છે પણ એ બંને રાજા તો પોતપોતાના સ્વસ્થાનમાં નિમગ્ન છે, એ જ પ્રમાણે જ્ઞાન-અજ્ઞાન બંને પોતપોતાના સ્વસ્થાનમાં-પોતપોતાના સ્વભાવમાં-પોતપોતાના સ્વભાવથી જ નિમગ્ન છે.

જેમ કોઈ કહે—'રાજા આ ગામને લૂંટે છે, બાળે છે, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગામને બાળી મૂક્યું, આ ગામને બચાવ્યું અને આ ગામની રક્ષા કરી' પરંતુ વિચારપૂર્વક જુઓ તો તે લૂંટવાં, મારવાં, બચાવવાં અને સળગાવવાં આદિ કાર્ય છે તેને લશ્કરના સિપાઈ-જમાદાર-ફોજદાર આદિ કરે છે પણ રાજા કરતો નથી, તે જ પ્રમાણે સ્વસમ્યક્ કેવલજ્ઞાન રાજા છે તે કિંચિત્ પણ શુભાશુભ ક્રિયાકર્મ કરતો નથી.

જેમ સુવર્ણના સુવર્ણમય કડાં-કુંડલાદિક ભાવ સુવર્ણમય જ થાય છે તથા લોખંડના લોખંડમય જ થાય છે તે જ પ્રમાણે સ્વ-સ્વરૂપસમ્યગ્જ્ઞાનના ક્રિયા-કર્માદિ ભાવ સમ્યગ્જ્ઞાનમય જ થાય છે તથા અજ્ઞાનના ક્રિયા-કર્માદિ ભાવ અજ્ઞાનમય જ થાય છે.

જેમ માતંગચંડાલના અને ઉત્તમ બ્રાહ્મણના ક્રિયા-કર્મ ભાવ એક નથી પરંતુ ભિન્ન ભિન્ન છે, તે જ પ્રમાણે જ્ઞાન અને અજ્ઞાનના ક્રિયા-કર્મ ભાવ એક નથી અર્થાત્ ભિન્ન ભિન્ન છે.

જેમ કોઈ પુરુષે કરેલો આહાર ઉદરાગ્નિના પ્રસાદથી માંસ-રૂધિર-મજ્જા-મળ અને મૂત્રાદિરૂપ થાય છે, એ જ પ્રમાણે જેને ગુરુ-વચનોપદેશ દ્વારા અંતઃકરણમાં સાક્ષાત્ સમ્યગ્જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત થઈ હોય તેને સર્વ કર્મો સ્વયં પોતપોતાની પરિણતિમાં પરિણમી જાય છે.

જેમ વૈદ્યની સમીપ વિષનાશક દવા છે તો તે વૈદ્ય મરણ થવા યોગ્ય વિષભક્ષણ કરવા છતાં પણ મરતો નથી, એ જ પ્રમાણે સ્વ-સમ્યગ્દષ્ટિ પૂર્વકર્મ પ્રયોગથી વિષયભોગ ભોગવતો છતો પણ કર્મથી બંધાતો નથી.

લોકમાં પ્રસિદ્ધ છે કે કોઈ સ્ત્રીને ભોગવે તે પુરુષ છે. એ જ પ્રમાણે જે ક્રોધ-માન-માયા-લોભ-મોહ-મમતાને ભોગવે તે સાચો પુરુષ છે પણ જેની છાતી ઉપર એ ક્રોધ-માન-માયા-લોભ-મોહ-મમતા ચઢી બેઠા છે, તે પુરુષ નથી પણ સાચી સ્ત્રી છે.

જેમ સુવર્ણ કીચડની મધ્યમાં પડ્યું હોય તોપણ તે સુવર્ણ, કીચડની સાથે એક તન્મય લિપ્ત થવાનું નથી, તે જ પ્રમાણે સ્વ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સર્વ કર્મોની મધ્યમાં પડયો હોય તોપણ તે સર્વ કર્મોથી તન્મયીપણે લપટાતો નથી.

જેમ ઘટની અંદર, બહાર અને મધ્યમાં જે આકાશ છે તે ઘટોત્પત્તિ થવા છતાં પણ ઉપજતું નથી તથા ઘટનો વિનાશ થવા છતાં (તે) આકાશનો નાશ થતો નથી, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે તે દેહનો વિનાશ થવા છતાં વિણસતા-મરતા નથી તથા દેહના ઊપજવા છતાં તે ઊપજતા નથી-જન્મતા નથી.

સહજ સ્વભાવથી જ જે સ્વ-પરને જાણે છે તે જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

જેમ તુષ (ફોતરાં) છે તે તાંદુલ (ચોખા) નથી તેમ પાંચ પ્રકારનાં (ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ) શરીર છે તે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા નથી.

જેમ વાંસની સાથે વાંસ પરસ્પર ઘસાય છે ત્યારે સહજ સ્વભાવથી જ અગ્નિ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે આત્માથી આત્મા તન્મયરૂપ મળે છે ત્યારે સહજ સ્વભાવથી જ સ્વસમ્યગ્જ્ઞાનાગ્નિ ઉત્પન્ન થાય છે.

જેમ સૂર્યોદય સમયે કમળ સ્વયં જ પ્રફુલ્લિત થાય છે, તે જ પ્રમાણે કોઈના અંતઃકરણમાં સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્યોદય થતાં (તેનું) મનરૂપ કમળ પ્રફુલ્લિત થાય છે અર્થાત્ તેના મનમાં ઘણો જ હર્ષ થાય છે કે અહોહો! જેના પ્રકાશમાં આ લોકાલોક પ્રગટ દેખાય છે એવા સૂર્યદર્શનનો લાભ થયો! અથવા વિશેષ હર્ષ-પ્રફુલ્લિતપણું આ પ્રમાણે થાય છે કે જે સૂર્યના પ્રકાશમાં આ લોકાલોક, જગત-સંસાર, જન્મ-મરણ, નામ-અનામ અને બંધ-મોક્ષાદિક છે તે સૂર્ય, સ્વભાવથી જ હું જ છું.

જેમ ફોજ છે પરંતુ તેમાં જો ફોજદાર નથી તો તે ફોજ વૃથા છે તે જ પ્રમાણે વ્રત-શીલ-જપ-તપ-જ્ઞાન-ધ્યાન-દયા-ક્ષમા-દાન-પૂજાદિક તો છે પરંતુ તેમાં સ્વસમ્યગ્જ્ઞાનમયી ગુરુ નથી તો તે વ્રત-શીલાદિ (બધાં) વૃથા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કોઈ સ્ત્રીનો પતિ પરદેશમાં ગયો અને ત્યાં જ મૃત્યુ પામ્યો, હવે તે સ્ત્રી તે પતિની આશા ધારણ કરીને ભોગાદિક ઉત્પત્તિનો શણગાર કાજળ, ટીકી, નથની વગેરે શણગાર કરે છે તે વૃથા છે, તે જ પ્રમાણે નિર્ગ્રંથગુરુ મોક્ષમાં ગયા-સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મય થઈ ગયા તે તો હવે પલટાઈને પાછા આવતા નથી. જેમ લવણની પુતળી ક્ષારસમુદ્રમાં ગઈ તે પલટાઈને પાછી આવતી નથી તે પ્રમાણે જ અહીં સમજવું; હવે ચાલ્યા ગયેલા નિર્ગ્રંથગુરુની આશા ધારણ કરીને સાંસારિક શુભાશુભ-ભોગાદિ ઉત્પત્તિનાં (હેતુરૂપ) શુભાશુભ ક્રિયા-કર્માદિક કરવાં વૃથા છે.

જેમ કોઈએ જન્મ સમયથી માંડીને આજ સુધી કદી ગોળ-સાકર ખાધાં નથી અને તે ગોળ-સાકરની વાર્તા વર્ણન કરે છે તે વૃથા છે, તે જ પ્રમાણે કોઈ કદી કોઈ પ્રકારથી પણ સ્વસ્વરૂપ સ્વયંસિદ્ધ સમ્યગ્જ્ઞાનમય પરમાત્માથી તો તન્મય થયો નથી અને તેનાં ગીત-વેદ-પુરાણ-શાસ્ત્ર-સૂત્ર પોતાના મુખથી ભણે છે-બોલે છે-કહે છે તે સર્વ પોપટની માફક વૃથા છે.

જેમ શીલવાન સ્ત્રી પોતાનું ઘર છોડી કોઈ વખત પરઘર પ્રત્યે પણ જાય-આવે તો પણ ફિકર નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિ ચારિત્રની નબળાઈ વશ થોડોક કાળ સંસારમાં પણ ભ્રમણ કરે તોપણ ફિકર નથી.

જેમ સૂર્યોદય થતાં માત્રમાં તત્કાલ-તે જ સમયે અંધકાર મટી જાય છે, તે જ પ્રમાણે કોઈના અંતઃકરણમાં સ્વસમ્યગ્જ્ઞાનસૂર્યોદય થતાં માત્રમાં તત્કાલ તે જ સમયે મોહાંધકાર મટી જાય છે.

જેમ વ્યભિચારણી સ્ત્રી પોતાનું ઘર છોડીને પરઘર જતી-આવતી નથી તો પણ તેની વાસના વ્યભિચારીપુરુષ તરફ લાગી જ રહે છે, તે જ પ્રમાણે જેને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવની અચલ અવગાઢતા-પરમાવગાઢતા નથી એવા મિથ્યાદૃષ્ટિની વાસના શુભાશુભભાવસંસાર તરફ જ લાગેલી રહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ જે ઘરનું વા દુકાનનું કામકાજ માયા–મમતા–મોહ સહિત શેઠ કરે છે તે જ પ્રમાણે ગુમાસ્તો પણ માયા–મમતા–મોહ સહિત કરે છે પરંતુ (તે બંનેમાં) અંદર પરિણામ ભેદ ભિન્ન ભિન્ન છે, તે જ પ્રમાણે કોઈને ગુરુવચનોપદેશદ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થવા જોગ હતો તે થઈ ચૂકયો, એક તો એ. તથા બીજું એ કે કોઈ સંસારને વા લોકાલોકને તથા પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનને સૂર્ય–પ્રકાશવત્ નિશ્ચયથી એક સમજે છે–માને છે, બીજો એવો છે. હવે એ બંને સંસારનાં કામકાજ કરે છે તેમાં એક દોષિત છે તથા બીજો નિર્દોષ છે.

જેમ પોપટ સ્વમુખથી રામ રામ બોલે છે, પરંતુ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમાં તન્મયપણે બીજ–વૃક્ષ તથા જળ–કલ્લોલ માફક રમે તે રામ છે એવા રામને તો જાણતો નથી; અને તે પોપટ (માત્ર) સ્વમુખથી જ રામ રામ બોલે છે તે વ્યર્થ છે. એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ, સ્વયંસિદ્ધ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સિદ્ધને તો જાણતો નથી અને (માત્ર) સ્વમુખથી જ णमो सिद्धाणं એમ બોલે છે તે વ્યર્થ છે. અહીં વિધિ–નિષેધથી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુ તન્મય ન સમજવી.

જેમ દીપક-જયોતની અંદર કાળું કાજળ કલંક છે, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનદીપક-જયોતના પ્રકાશમાં કર્મથી તન્મય કર્મકલંક છે. અહીં કોઈ મિથ્યાદૃષ્ટિ દૃષ્ટાંતમાં તર્ક સ્થાપન કરીને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ તો ગ્રહણ કરતો નથી અને શૂન્યદોષ ગ્રહણ કરશે કે 'દીપકજયોતમાં કાળું કલંક કાજળ છે પરંતુ તે દીપકજયોત બુઝાઈ ગયા પછી કાજળ પણ કયાં છે? અને દીપકની જયોતિ પણ કયાં છે? એવા તર્ક દ્વારા શૂન્યદોષ ગ્રહણ કરે છે, તો તે સ્વસ્વરૂપ-સમ્યગ્જ્ઞાનાનુભવથી જરૂર શૂન્ય છે, મિથ્યાદૃષ્ટિ છે.

જેમ પાંચ ઇન્દ્રિયોને તથા પાંચ ઇન્દ્રિયોના જેટલાં શુભાશુભ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય વા ભોગાદિને સહજસ્વભાવથી જ જે જાણે છે દેખે છે તે જ કેવલ જ્ઞાન છે, પણ એમ ન સમજવું-માનવું-કહેવું કે ઘ્રાણેન્દ્રિયના વિષય-ભોગને જાણે છે તે કંઈક જ્ઞાન અન્ય છે, તથા જિહ્વા ઇન્દ્રિયના વિષય-ભોગને જાણે છે તે કંઈક જ્ઞાન અન્ય છે, એ જ પ્રમાણે કર્ણેન્દ્રિયના અને સ્પર્શેઇન્દ્રિયના વિષય-ભોગાદિકને જાણે છે તે જ્ઞાન અન્ય છે તથા તન-મન-ધન-વચનાદિક અને તન-મન-ધન-વચનાદિકનાં જેટલાં શુભાશુભ ક્રિયા-કર્મને અને તેના ફળને જાણે છે તે જ્ઞાન અન્ય છે, એવી ભેદાભેદની કલ્પના કદી કોઈ પ્રકારથી પણ સ્વભાવસમ્યગ્જ્ઞાનથી તન્મય (રૂપ) સંભવતી નથી.

જેમ સૂર્યના પ્રકાશમાં પડેલી રસ્સી રાત્રિના સમયમાં સર્પરૂપ ભાસે છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ વિના જ્ઞાન છે તે જગત-સંસારવત્ ભાસે છે.

જેમ છીપમાં ચાંદી તથા મૃગતૃષ્ણામાં જળનો ભાસ થાય છે તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમાં તન્મયવત્ આ સંસાર-જગતનો ભાસ થાય છે.

જેમ 'અંધસમૂહને દોરે નયન પ્રવીણ, તેમ આત્મજ્ઞાન વિના થાય મોહમાં લીન.'

જેમ આકાશને ધૂળ-મેઘાદિક લાગતાં નથી, તે જ પ્રમાણે સ્વ-સમ્યગ્જ્ઞાનને પાપ-પુણ્ય અને પાપ-પુણ્યનું ફલ લાગતું નથી.

જેમ લોકાલોક જગત-સંસારને સ્વસમ્યગ્જ્ઞાન છે તે સહજ સ્વભાવથી જ જાણે છે તેનાં વિધિ-નિષેધ શી રીતે થાય?

જેમ કોઈ શૂરવીર રાજા મ્લેચ્છાદિકના દેશને જીતીને તે મ્લેચ્છાદિકના દેશમાં જ રહે છે તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાની ક્રોધ-માન-માયા-લોભ તથા વિષય-ભોગાદિકને જીતીને તે જ વિષય-ભોગાદિકમાં રહે છે, પણ તન્મય-તત્સ્વરૂપ થઈને નથી રહેતો.

જેમ ઘટની અંદર, બહાર અને મધ્યમાં આકાશ છે તે ઘટને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવી રીતે ત્યાગે તથા ગ્રહણ પણ કેવી રીતે કરે? તે જ પ્રમાણે આ જગત સંસારની અંદર-બહાર અને મધ્યમાં સ્વસમ્યગ્જ્ઞાનમય છે તે શું ત્યાગે અને શું ગ્રહણ કરે?

જેમ સમુદ્રના ઉપર કલ્લોલ ઉપજે છે અને વિણશે છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમુદ્રમાં તે સ્વપ્ન સમયનું જગત ઊપજે છે તથા જાગ્રત સમયનું જગત વિણશે છે વળી જાગ્રત સમયનું જગત ઉત્પન્ન થાય છે અને સ્વપ્ન સમયનું જગત વિણશે છે.

જેમ કોઈ જન્માંધ, રત્નસુવર્ણાદિકનાં આભૂષણ પહેરે છે તે વૃથા છે, તે જ પ્રમાણે સ્વસમ્યક્ભાવ-સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા વિના વ્રત-શીલ-તપ-જપ-નિયમાદિક સંપૂર્ણ વૃથા છે.

જેમ કોઈ પુરુષ, વૃક્ષને પકડી [ચિત્ર ક્રમાંક: ૧૫] પોતાના મુખથી કહે કે 'હું બંધ-મોક્ષથી કયારે ભિન્ન થઈશ.' એ જ પ્રમાણે જે બંધ-મોક્ષથી ભિન્ન થવાની ઇચ્છા કરે છે તે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાન રહિત મૂર્ખ-મિથ્યાદૃષ્ટિ છે. ભાવાભાવ વિકાર છે તે પોતપોતાના સ્વભાવથી જ છે.

જેમ તોલમાં ગુંજો (વજન) અને સોનું બરોબર છે પરંતુ મૂળસ્વભાવમાં તે બરાબર નથી, તે જ પ્રમાણે જગત અને જગદીશ એ બંને બરાબર જ છે પરંતુ મૂળસ્વરૂપ સમ્યગ્જ્ઞાન સ્વભાવમાં એ બંને બરાબર નથી.

જેમ ધૂમાડા વિનાની અગ્નિ શોભાયમાન છે, તે જ પ્રમાણે ભ્રમરૂપ ધૂમાડા રહિત સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુ શોભાયમાન ભાસે છે.

જેમ જ્વરના અંત સમયે ભોજન પ્રિય લાગે છે, તે જ પ્રમાણે શુભાશુભ સંસારના અંત (રૂપ) સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ પ્રિય લાગે છે.

જેમ કુકર્દમરાજા સ્વવર્ગને તજી પરવર્ગથી મિશ્રિત બની મરણાદિક દુ:ખને પ્રાપ્ત થયો, તે જ પ્રમાણે કોઈ સ્વસ્વભાવસમ્યગ્જ્ઞાનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છોડી પરસ્વભાવ-પરવર્ગથી જે પોતાને તન્મયવત્ સમજે છે-માને છે તે જન્મ-મરણાદિ સંસારના દુઃખ ભોગવે છે.

જેમ મહીમંડળ ઉપર નદીનો પ્રવાહ એક છે તેમાં અનેક પ્રકારથી નીરની ઝરણા (વહી રહી છે) જ્યાં પત્થરનું જોર છે ત્યાં ધારની મરોડો થાય છે, જ્યાં કાંકરાની ખીણ છે ત્યાં ઝાગની ઝરણ (ફીણનો જમાવ) છે, જ્યાં પવનનો ઝકોર છે ત્યાં ચંચલતરંગો ઊઠે છે તથા જ્યાં ભૂમિની નીચાણ છે ત્યાં પાણીની ભમરો પડે છે, એ જ પ્રમાણે એક સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય આત્મા છે તથા અનંત રસમય પુદ્ગલ છે એ બંનેનો પુષ્પ-સુગંધવત્ તથા ઘટ-આકાશવત્ સંયોગ થતાં વિભાવની ભરપૂરતા છે.

સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થયા પછી પણ થોડા કાલ સુધી ચારિત્ર-દોષથી સમ્યગ્દષ્ટિ સંસારમાં ભ્રમણ કરે છે, કેવી રીતે? જેમ કુંભ-કારનું ચક્ર, દંડ-કુંભાર આદિના પ્રસંગથી પરિભ્રમણ કરે છે પરંતુ દંડ-કુંભાર આદિનો પ્રસંગ ભિન્ન થયા પછી પણ થોડા કાલ સુધી (તે ચક્ર) પરિભ્રમણ કરે છે તેમ.

જેમ પર જે તન-મન-ધન-વચનાદિક અને તેના શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મફલને જાણે તે જ પ્રમાણે એથી પલટાઈને પોતાને જાણે કે આ તન-મન-ધન-વચનાદિકને તથા એ તન-મન-ધન-વચના-દિકનાં જેટલાં કોઈ શુભાશુભ-વ્યવહાર-ક્રિયા-કર્મફલ છે તેને મારા દ્વારા જાણું છું પણ એ મારા સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનને જાણતાં નથી, એ પ્રમાણે પોતાને જાણે (છે;) તે સંબંધમાં કહ્યું છે કે યથા :-' આપ સમજકર ઘર નહિ જાણે, દૂજાકું કયા સમજાવે; ભ્રમણ કરે સંસાર જગતમેં, હૃદય હાથમેં નહિ આવે, તથા :—

હે ભાઈ! જ્યાંસુધી અજ્ઞાન છે ત્યાંસુધી કુટુંબ-કબીલો છે પણ જ્ઞાન થયા પછી તો આત્મા પોતે જ પોતામાં સમાય છે.

જેવો જેવો ઘરકુટુંબ-બેટાબેટીથી પ્રીત-પ્રેમ છે તેવો જ સ્વ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાનમય પરમાત્માથી તન્મય અચલ પ્રીત–પ્રેમ થાય તો સહજમાં વગર યત્ને–વગર પરિશ્રમે જ સંસાર શુભાશુભથી પ્રેમ-રાગ તૂટી જાય.

જેમ સૂર્યને સહજપણે જ અંધકારનો ત્યાગ છે તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનસૂર્યને સહજપણે સ્વભાવથી જ આ ભ્રમજાળરૂપ સંસારનો ત્યાગ છે.

જેમ કોઈ પુરુષ સ્ત્રીને ભોગવે છે પરંતુ પોતે સ્ત્રીથી તથા તેનાં ભાવ–ક્રિયા–કર્મફલથી તન્મય-તત્સ્વરૂપ થઈને સ્ત્રીને ભોગવતો નથી. તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા–પુરાણપુરુષોત્તમ પુરુષ છે તે સર્વસંસાર–ભ્રમજાળ–માયાથી 'જેમ અંધકારથી સૂર્ય ભિન્ન છે' તે જ પ્રમાણે સંસાર ભ્રમજાળ માયાથી ભિન્ન થઈને ભોગવે છે, અર્થાત્ સંસારભ્રમજાળ–માયાસ્ત્રીથી તથા તેનાં ભાવ–ક્રિયા-કર્મ-ફલથી તન્મય–તત્સ્વરૂપ થઈને નથી ભોગવતો, જ્ઞાતા જ રહે છે.

જેમ સ્ત્રી પણ પુરુષને ભોગ આપે છે તે કાંઈ પુરુષથી તન્મય બનીને નથી આપતી; તે જ પ્રમાણે સંસાર ભ્રમજાલ માયા સ્ત્રી છે તે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય પુરાણ પુરુષોત્તમને ભોગ આપે છે તે પુરુષથી અલગ થઈને આપે છે પણ તન્મય બનીને ભોગ નથી આપતી.

જેમ કાજલથી કાળુંકલંક તન્મયી છે તે જ પ્રમાણે તન-મન–ધન–વચનાદિકથી તથા તન–મન–ધન–વચનાદિનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહારક્રિયા–કર્મફળ છે તેનાથી અજ્ઞાન તન્મયી છે.

જેમ સ્વચ્છ દર્પણમાં કાળાવસ્ત્રથી પ્રતિછાયા કાળી તન્મયવત્ જેવી દેખાય છે તે પેલા દર્પણની નથી પણ કાળા વસ્ત્રની છે, અને કાળા વસ્ત્રથી તન્મયી છે, તે જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવદર્પણમાં આ દ્રવ્યકર્મ-ભાવકર્મ–નોકર્મમય સંસારની પ્રતિછાયા કર્મકલંકમય તન્મયી જેવી દેખાય છે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણની નથી પણ દ્રવ્યકર્મ-ભાવકર્મ–નોકર્મમય સંસાર છે તેની છે અને તે તેનાથી તન્મયી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જેમ સ્વચ્છદર્પણમાં અગ્નિની પ્રતિછાયા તન્મયીવત્-સરખી દેખાય છે તોપણ તેનાથી તે દર્પણ ઉષ્ણ (ગરમ) થતું નથી તથા એ જ સ્વચ્છ દર્પણમાં જળની પ્રતિછાયા તન્મયવત્ દેખાય છે તો પણ તે દર્પણ શીતલ થતું નથી, એ જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણમાં રાગમય કામ-કુશીલાદિકની છાયારૂપ ભાવભાસ થવાં છતાં પણ તે (સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણ) રાગમય થતું નથી તથા શીલ-વ્રતાદિક-વૈરાગ્ય-મમતાની છાયારૂપ ભાવભાસ થવાં છતાં પણ તે વૈરાગ્યમય થતું નથી, એ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવથી એ રાગ-દ્વેષ તન્મયરૂપ નથી.

જેમ જળમાં ચંદ્રનું પ્રતિબિંબ છે તે હાથથી પકડવામાં આવતું નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સિદ્ધપરમેષ્ટી દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માદિક બંધમાં આવતા નથી.

જેમ ગૌમટ્ટ નામના પર્વત ઉપર બાહુબલિજી રાજ્યસંપદા, ધનધાન્ય, સુવર્ણ-રતન-વસ્ત્રાદિ સર્વ બાહ્ય પરિગ્રહ છોડી નગ્ન-દિગંબર થઈને ઊભા ઊભા ધ્યાનમાં એવા લીન થયા કે પોતાના શરીર ઉપર વજ્રપાતાદિક પડે તોપણ ચલાયમાન થાય નહિ, વળી આખા અંગ ઉપર સર્પ અને વૃક્ષલતાઓ લપેટાઈ ગઈ અને મૌન-અચલ આદિ અવસ્થા સુધી પહોંચી એક વર્ષ સુધી ઊભા રહ્યા તોપણ તેઓ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતાથી તન્મયરૂપ ન થયા, કારણ તેમના અંતઃકરણમાં સૂક્ષ્મ અનિર્વચનીય એવી વાસના રહી હતી કે 'હું ભરતની ભૂમિ ઉપર ઊભો છું' પણ જ્યારે પૂર્વોક્ત દશા-(અવસ્થા)થી સર્વથા પ્રકારે ભિન્ન થયા ત્યારે જ તેઓ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતાથી સૂર્ય-પ્રકાશવત્ તન્મયરૂપ મળી ગયા.

ગુરુ, ભ્રમજાળરૂપ સંસારથી સહજમાં જ ભિન્ન કરી દે છે. જેમ જળકુંડમાં જળની ઉપર તેલબિંદુ તરે છે તે જ પ્રમાણે લોકાલોક, જગતસંસાર ઉપર વા પંચભૂત પુદ્દગલપિંડ વા રાગદ્વેષભાવની ઉપર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા કામ-ક્રોધ-કુશીલાદિ જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ છે અને તેનાં જેટલાં ફલ છે તે સર્વ ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસ્વરૂપ પરબ્રહ્મપરમાત્મા સિદ્ધપરમેષ્ઠી તરે છે તે આ ભ્રમજાળરૂપ સંસારમાં **શી રીતે** ડૂબશે વા **શી રીતે** ગુપ્ત થશે?

'જેમ જ્યાં ઘટ કહીએ ઘીવકો; ઘટકો રૂપ ન ઘીવ'
તેમ ત્યાં વર્ણાદિક નામસેં, જડતા લહે ન જીવ.
જેમ ખાંડો કહીએ કનક કો, કનક મ્યાન સંજોગ;
(તેમ) ન્યારો નિરખત દેખીએ, લોહ કહે સબ લોક.

જેમ કોઈ અગ્નિથી સળગતા ઘરમાંથી નીકળીને બહાર સડક વા માર્ગ-ચોગાનમાં ઊભો રહી પોકાર કરે છે કે—'પેલી વસ્તુ સળગે છે'—અમુક વસ્તુ બળે છે, ત્યારે તેને કોઈ કહે છે કે—'તું તો નથી સળગ્યો-નથી બળ્યો? વા તું તો નથી સળગતો-નથી બળતો?' ત્યારે તે કહે છે કે—'હું તો નથી સળગતો-નથી બળતો, વા હું તો નથી સળગ્યો-નથી બળ્યો. પણ આ ઘર સળગે છે-બળે છે વા ઘરની અંદરની અમુક અમુક વસ્તુ સળગે છે-બળે છે' એ જ પ્રમાણે કોઈ મુમુક્ષુ ગુરુઉપદેશથી આ ભ્રમજાળરૂપ સંસારથી અલગ થઈને આ પ્રમાણે પોકારે છે કે—'ફલાણો મર્યો વા ફલાણો મરે છે પણ હું તો નથી મર્યો કે ન મરું છું' ઇત્યાદિ કોઈ મુમુક્ષુ તો ઉપર પ્રમાણે બોલે છે. વળી જેમ બળતા-સળગતા ઘરમાંથી કોઈ નીકળીને બહાર સડક-ચોગાનમાં પોતાના મનોમનથી આવો વિચાર કરે છે કે ઘર સળગી ગયું, તથા ઘરની અંદરની શુભાશુભ અમુક અમુક વસ્તુ હતી તે પણ સળગી ગઈ-બળી ગઈ, હવે હું કોને શું કહું? અગર કહું તો પણ હવે તે વસ્તુનો વા અમુક શુભાશુભનો લાભ થવાનો નથી માટે બોલવું વૃથા છે, એ જ પ્રમાણે કોઈ મુમુક્ષુ ગુરુઉપદેશથી ભ્રમજાળ સંસારથી અલગ થયા પછી વિચાર દ્વારા દેખે છે કે—પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ-કાળ એ પાંચમાં તો જ્ઞાનગુણ સ્વભાવથી જ નથી અને મારો સ્વરૂપસ્વભાવ છે તે તો હવે ગુરુકૃપાદ્વારા જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે તન્મયરૂપ છે માટે બોલવું વૃથા છે, એમ કોઈ મુમુક્ષુ બોલતા નથી.

જેમ જ્વર (તાવ)ના જોરથી ભોજનની રુચિ જતી રહે છે, તે જ પ્રમાણે મોહકર્મની સાથે પોતાના સ્વભાવસમ્યગ્જ્ઞાનને એક તન્મય સમજે છે-માને છે-કહે છે એવા મિથ્યાદૃષ્ટિને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવસૂચક ઉપદેશ પ્રિય લાગતો નથી.

જેમ સૂર્યના પ્રકાશમાં અનેક પ્રકારની શુભાશુભ વસ્તુ; તથા કાળા, પીળા, ધોળા, લીલા, રત્ન-દીપક-ચમક-દમક-પાપ-અપરાધ-લેવું-દેવું-દાન-પૂજા અને ભોગ-જોગાદિને દેખે છે; પણ સૂર્યપ્રકાશને તથા સૂર્યને દેખતો નથી તો તે મૂર્ખ છે. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યના પ્રકાશમાં આ લોકાલોક, જગત-સંસાર, કામ-કુશીલ અને ક્રોધ-માન-માયા-લોભાદિક દેખાય છે તેને તો મિથ્યાદૃષ્ટિ દેખે છે પણ એથી ઉલટો પલટાઈને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યપરમાત્મા છે તેને નથી દેખતો તો તે મિથ્યાદૃષ્ટિ જ છે.

સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે, તેનાથી કોઈ વસ્તુ તન્મયરૂપ નથી, એ વસ્તુનો સ્વભાવ સમ્યગ્જ્ઞાનને ત્યાગ છે.

મરી જાય, સળગી જાય, ગળી જાય કે બળી જાય, ઇત્યાદિ અનેક પ્રકારનાં શુભાશુભ કષ્ટ કરવા છતાં પણ સ્વસ્વરૂપ સ્વાનુભવ-ગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મપરમાત્મા સિદ્ધપરમેષ્ઠીના પ્રત્યક્ષ અનુભવની પરમાવગાઢતા અને અચલતાનો અખંડ લાભ નહિ થાય, પણ સદ્‌ગુરુમહારાજ સહજમાં વિનાપરિશ્રમે શુભાશુભ કષ્ટ નહિ કરવા છતાં પણ સદાકાલ જ્ઞાનમય જાગતી જ્યોતનો તન્મયી મેળ કરાવી દે છે, ધન્ય છે ! શ્રીગુરુને.

વેદ અર્થાત્ કેવલીની દિવ્યધ્વનિ અને શાસ્ત્ર અર્થાત્ મહામુનિનાં વચન તેનાથી પણ એ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સદાકાલ જાગતી જ્યોત પરબ્રહ્મનો પ્રત્યક્ષ અનુભવ જાણવામાં આવતો નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા તે સમ્યગ્જ્ઞાનમય સદાકાલ જાગતી જ્યોત પરમાત્મા છે તેનો પ્રત્યક્ષ અનુભવ પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનથી પણ જાણવામાં આવતો નથી પણ શ્રી સદ્‌ગુરુ સહજ સ્વભાવથી જ વિના પરિશ્રમે જ એ સદાકાળ જાગતી જ્યોત જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધ પરમેષ્ઠીની તન્મયતા કરાવી દે છે, શ્રીગુરુને ધન્ય છે!

મનમાં ઘણું આશ્ચર્ય થાય છે, કારણ કે પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનથી, કેવલીની દિવ્યધ્વનિથી તથા વેદ, પુરાણ, શાસ્ત્ર, સૂત્ર ભણવા-વાંચવાથી તો એ સમ્યગ્જ્ઞાનમય સદાકાલ જાગતી જ્યોત જાણવામાં નહિ આવે તો પછી શ્રીગુરુ કેવી રીતે દર્શાવતા હશે! કેવી રીતે જણાવી દેતા હશે! શું કહેતા હશે અને શિષ્ય પણ કેવી રીતે સમજતો હશે! અહો! અહો! અહો! શ્રીગુરુને ધન્ય છે. હાય! ખેદ છે કે શ્રીગુરુ ન હોત તો હું આ ભ્રમજાળરૂપ સંસારથી ભિન્ન કેવી રીતે થાત!

જેમ એકડાના અંક વિના બિંદુ પ્રમાણભૂત નથી, તેમ એક શ્રીગુરુ વિના ત્યાગીપણું-પંડિતપણું-જોગી-સંન્યાસીપણું અને વ્રત-શીલ-દાન-પૂજાદિક શુભાશુભ પ્રમાણભૂત નથી.

જેમ કિસાન (ખેડૂત) બીજ રાખીને જગતમાં સુખ ભોગવે છે, તેમ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દૃષ્ટિ છે તે પોતાના પોતામાં પોતામય સ્વભાવધર્મને પોતાના પોતામાં પોતામય સમજીને પૂર્વ પુણ્યપ્રયોગથી વિષય-ભોગાદિ સુખ ભોગવે છે.

જેમ સફેદ કાષ્ઠ, અગ્નિની સંગતિથી કાળા કોલસારૂપ થઈ જાય છે અને પાછો તે કોલસો કારણ પામી અગ્નિની સંગતિ કરે તો પલટાઈને જળી-બળીને સફેદ રાખ થઈ જાય છે; તે જ પ્રમાણે કોઈ જીવ વિષય-ભોગાદિકની સંગતિ પામીને અશુદ્ધ થઈ જાય છે, પણ પાછો પલટાઈને ગુરુઆજ્ઞાનુસાર વિષય-ભોગાદિકને પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનથી ભિન્ન સમજીને વિષય-ભોગાદિકથી અતન્મયી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનીને પછી વિષય-ભોગાદિકની સંગતિ કરે તો તે જીવ પરમ પવિત્ર શુદ્ધ થઈ જાય છે. વસ્તુસ્વભાવમાં એ શુદ્ધ-અશુદ્ધ છે તે સ્યાત્ એટલે કથંચિત્ પ્રકારથી છે.

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુથી તું, હું, તે અને આ એ ચાર (વિકલ્પ) શબ્દ તન્મયરૂપ નથી.

જેમ કોઈ સૂર્યના પ્રકાશમાંથી એક અણુ-રેણુ ઉઠાવીને અંધકારમાં નાખી દે તો તેથી કાંઈ સૂર્ય-પ્રકાશ કમતી થતો નથી તથા કોઈ અંધકારમાંથી એક અણુરેણુ ઉઠાવીને સૂર્યના પ્રકાશમાં નાખી દે તો તેથી કાંઈ સૂર્યપ્રકાશ વૃદ્ધિ થતો નથી, એ જ પ્રમાણે સ્વસ્વરૂપ-સ્વાનુભવ સમ્યગ્જ્ઞાન સૂર્યોદયમાંથી આ અનંત સંસાર નીકળી કરીને કોઈ વેળા ક્યાંય જતો રહે તો (તેથી) તે સમ્યગ્જ્ઞાનસૂર્યોદય શૂન્ય કે કમતી થતો નથી તથા કોઈ વેળા ક્યાંયથી એ અનંતસંસાર છે તેવો ને તેવો સ્વસમ્યગ્જ્ઞાન સૂર્યોદયમાં આવી પડે તો તેથી કાંઈ તે સમ્યગ્જ્ઞાનસૂર્યોદયની વૃદ્ધિ થતી નથી.

જેમ એક દીપકના બુઝાઈ જવાથી બધાય અનંત દીપકો પૂર્ણ બૂઝતા નથી, તેવી જ રીતે એક જીવના મરી જવાથી બધા પૂર્ણ અનંત જીવથી તન્મયી જિનેન્દ્ર મરતા નથી.

સર્વ ભાવ, પદાર્થ વા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, ભોગ, જોગ અને પાપ-પુણ્યાદિક સંસાર છે તેનાથી સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તન્મયરૂપ નથી તેથી સ્વસ્વરૂપજ્ઞાન છે તે સર્વ સંસાર પાપ-પુણ્યભાવ (અને) પદાર્થાદિક જેટલા શુભાશુભ વ્યવહાર છે તેનું નિશ્ચયસ્વભાવથી જ ત્યાગી છે, અર્થાત્ સ્વસમ્યગ્જ્ઞાન છે તેને પરવસ્તુનો સહજ સ્વભાવથી જ ત્યાગ છે. જેમકે:— "यथा नाम कोऽपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुंचति ज्ञानी।"

જેમ નાટકની રંગભૂમિમાં કોઈ સ્વાંગ ધારણ કરીને નાચે છે તેને કોઈ જાણભેદુ જાણી લે છે કે 'તું તો અમુક છે' ત્યારે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાંગ ધરનારો પુરુષ નાટકની રંગભૂમિમાંથી નીકળીને યથાવત્ એટલે જેવો હતો તેવો બનીને રહે છે, તે જ પ્રમાણે આ લોકાલોક રંગભૂમિમાં જીવ-અજીવ (બન્ને) પુષ્પ-સુગંધની માફક એક બનીને ચોરાશી લાખ યોનિમાં નાચે છે. તેને જ્ઞાતા સદ્‌ગુરુએ કહ્યું કે—તું તો જેમાં જ્ઞાનગુણ તન્મયરૂપ છે તે જ તું છે, આ મનુષ્ય-દેવ-તિર્યંચ -નારકી વા સ્ત્રી-પુરુષ-નપુંસકાદિક (બધા) સ્વાંગ છે (પણ) તું સ્વાંગ નથી. વળી સ્વાંગની અને તારી સૂર્ય-પ્રકાશ માફક એક તન્મયતા નથી, તું એ સ્વાંગને જાણે છે પણ એ સ્વાંગ તને જાણતો નથી, તું જ્ઞાનવસ્તુ છે, અને આ મનુષ્યાદિક સ્વાંગ છે તે અજ્ઞાન-વસ્તુ છે, જેમ સૂર્ય અને અંધકારનો મેળ નથી તેમ આ મનુષ્યાદિક સ્વાંગ છે તેનો અને તારો એક મેળ નથી, જેમ સૂર્યપ્રકાશ આ પૃથ્વી ઉપર છે તેનો અને પૃથ્વીનો મેળ છે તેમ હે જ્ઞાનસૂર્યોદય! તારો અને આ મનુષ્યાદિક સ્વાંગનો મેળ છે. હે જ્ઞાન! જો, તું સર્વ માયાજાળરૂપ સંસારસ્વાંગથી વ્યતિરેક-ભિન્ન છે. શ્રવણ કરી સમજ, હું કહું છું—અંતમાં બે અક્ષર આવે છે તેના દ્વારા તારો તું જ સ્વાનુભવ લે. કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન એ પ્રમાણે હે જ્ઞાન! તું બધાં ય સંસારસ્વાંગથી સ્વભાવથી જ ભિન્ન છે, તું મનુષ્ય નથી, દેવ નથી, તિર્યંચ નથી, નારકી નથી, તું સ્ત્રી-પુરુષ, નપુંસક નથી તથા મનુષ્યાદિકના અને સ્ત્રી-પુરુષ-નપુંસકના જેટલાં કોઈ શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મફલ છે તે પણ તું નથી, તું તો એક નિર્મળ-નિર્દોષ-નિરાબાધ-શુદ્ધ-પરમ-પવિત્ર જ્ઞાન છે. જેમ કાચની હાંડીમાં દીપક છે તેનો પ્રકાશ એ કાચની હાંડીથી અંદર તથા બહાર બન્ને તરફ છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદીપિકાનો પ્રકાશ લોકાલોકની અંદર તથા બહાર બન્ને તરફ એક જ પ્રકારનો છે.

જેમ સોનાની છરીથી પણ કલેજું ફાટી જાય છે તથા લોખંડની છરીથી પણ કલેજું ફાટી જાય છે, તે જ પ્રમાણે જ્ઞાનમય જીવનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાપથી પણ ભલું થતું નથી તથા પુણ્યથી પણ ભલું થતું નથી.

પ્રશ્ન:—પાપ-પુણ્ય કરવાં કે ન કરવાં?

ઉત્તર:—પાપ-પુણ્યની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મય બનીને પાપ-પુણ્ય કરે છે તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે તથા જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તે જ પ્રમાણે કોઈ પાપ પુણ્યથી ભિન્ન થઈને પછી પૂર્વકર્મપ્રયોગવશાત્ પાપ-પુણ્ય કરે છે તે જ્ઞાની, સમ્યગ્જ્ઞાનીદૃષ્ટિ છે.

જેમ વૈશાખ-જેઠ માસમાં મધ્યાહ્નકાળમાં સૂર્યના પ્રકાશમાં મારવાડની ભૂમિમાં મૃગમરિચનું જળ દેખાય છે, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયસૂર્યના પ્રકાશમાં આ લોકાલોક (મૃગમરિચના જળ જેવું) જ્ઞાનને દેખાય છે.

અભેદમાં અનેક ભેદ અભેદથી તન્મયી છે. જેમ:—વૃક્ષ અભેદ છે, તેનાથી તન્મયી અનેક ભેદ—મૂળ, શાખા, લઘુશાખા, ફળ, પત્ર છે, વળી એ ફળમાં અનેક ફળ છે, એ અનેક ફળમાં અનેક વૃક્ષ છે, એ એક વૃક્ષમાં અનેક નાની-મોટી શાખા આદિ અનંત ભેદ છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય જિનેન્દ્રમૂળમાં અનંત જીવરાશિ ભેદ છે તે જિનેન્દ્રથી તન્મયી-અભેદ છે.

જેમ ગંગા-જમનાદિક નદી સમુદ્રની સાથે મળી છે, તે જ પ્રમાણે ગુરુઉપદેશ પામીને સમ્યગ્દૃષ્ટિ જીવ જિનેન્દ્ર સાથે તન્મયરૂપે મળે છે.

જેમ એક સુવર્ણથી અનેક નામરૂપ જે કડુ, વીંટી, કંઠી, દોરો, મહોર, કંચન, કનક, હેમ આદિ છે તે તન્મયવત્ છે તે, જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુમાં આ જિનેંદ્ર, શિવ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ, નારાયણ, હરિહર, મહેશ્વર, પરમેશ્વર, ઈશ્વર, જગન્નાથ અને મહાદેવ આદિ અનંત નામ તન્મયવત્ છે.

જેમ કોઈ પુરુષ, સ્ત્રીનાં કપડાં-આભૂષણાદિક ધારણ કરીને અર્થાત્ સુંદર દેવાંગના જેવો બનીને નાટકની રંગભૂમિ ઉપર નાચવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગ્યો તે સમયે નાટક જોવાવાળી પુરુષમંડળી કહે છે કે—'અહો હો! શું સુંદર સ્ત્રી છે?' એવાં સભામંડળનાં વચન સાંભળીને તે સ્ત્રી (સ્વાંગી પુરુષ) પોતે પોતાના દિલમાં જાણે છે-માને છે કે—'હું મૂળથી જ સ્ત્રી નથી પરંતુ આ સભામંડળના પુરુષો મારા સ્વભાવ-ગુણ-લક્ષણને તો જાણતા નથી, માત્ર વગર સમજે જ તેઓ મને સ્ત્રી કહે છે-જાણે છે પણ એ વૃથા છે.' એ જ પ્રમાણે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દૃષ્ટિ પોતે પોતાના અંતઃકરણમાં આમ નિશ્ચયથી સમજે છે-માને છે કે 'આ બાહ્યદૃષ્ટિવાન લોક મને સ્ત્રી-પુરુષ-નપુંસકાદિક માને છે-જાણે છે-કહે છે પણ તે વૃથા છે, કારણ મારો સ્વભાવ તો સમ્યગ્જ્ઞાન છે, તે તો ન સ્ત્રી છે-ન પુરુષ છે કે ન નપુંસકાદિક છે, અર્થાત્ કોઈ પણ કિંચિત્માત્ર સ્વાંગ મારા સ્વસ્વરૂપ-સમ્યગ્જ્ઞાનની સાથે તન્મયરૂપ નથી.'

જેમ એક પુરુષ તો નિર્મળ જળના ભરેલા તળાવ કિનારે બેસીને ઇચ્છા પ્રમાણે દરરોજ નિર્મળ જળ પીને સુખી છે તથા બીજો કોઈ પુરુષ તે તળાવથી લાખ યોજન દૂર જુદો એક ક્ષિરોદધિ સમુદ્ર કે જે નિર્મળ જળથી ભરેલો છે તેના કિનારે બેસીને ઇચ્છાનુસાર નિર્મળ જળ પીને સુખી છે, એ જ પ્રમાણે સંસારમાં પૂર્વકર્મપ્રયોગથી કિંચત્ સંખ્યાપ્રમાણ કાળ સુધી રહેવાવાળા સમ્યગ્દષ્ટિનું તથા સંસારથી ભિન્ન મોક્ષ છે તેમાં રહેવાવાળા સ્વસમ્યગ્જ્ઞાનમય સિદ્ધ-પરમેષ્ઠીનું, એમ બંનેનું સુખ સરખું-સમાન છે.

જેમ દૂધના ભરેલા કળશમાં એક નીલમણિરત્ન નાખવાથી તે દૂધનો તથા નીલમણિરત્નનો રંગ એક જ સરખો નીલમણિરત્નના તેજ જેવો સમાન ભાસે છે, તે જ પ્રમાણે જ્ઞાન અને જ્ઞેયનો એક સરખો ભાસ થાય છે પરંતુ જ્ઞાન-અજ્ઞાન કદી કોઈ પ્રકારથી પણ એક તન્મયરૂપ થતા નથી.

જેમ માટીના ઘડામાં ઘી ભર્યું હોય તેથી તે ઘડાને (લોકો) ઘીનો ઘડો કહે છે, ભલા ભલે કહો! પરંતુ માટીનો ઘટ માટીમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, માટીના ઘડાને તથા ઘીને અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયતા થઈ નથી થવાની નથી, કે છે નહિ, એ જ પ્રમાણે જ્ઞાનમય જીવને તથા (જ્ઞાનહીન) અજીવ જે તન-મન-ધન-વચનાદિકના અને તન-મન-ધન-વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ છે તેને પરસ્પર સૂર્ય-પ્રકાશવત્ એક તન્મયતા થઈ નથી, થવાની નથી કે છે નહિ.

જેમ લાલ લાખ ઉપર લાગેલા લાલ રત્નને તે રત્નમાં લાખ અને રત્ન બન્નેની લાલાશ એક સરખી તન્મયવત્ દેખાય છે તોપણ તે બંનેની લાલાશ ભિન્ન-ભિન્ન છે, તેને ખરો ઝવેરી હોય તે એ બન્નેની લાલાશને ભિન્ન-ભિન્ન સમજે છે-માને છે-કહે છે. એ જ પ્રમાણે આકાશ અમૂર્તિક-નિરાકાર અજીવમય છે તેનું અને સ્વ-સમ્યગ્જ્ઞાનમય-અમૂર્તિક-નિરાકાર જીવમય છે તેનું પરસ્પરનું અમૂર્તિક-અમૂર્તિકપણું તથા નિરાકાર-નિરાકારપણું એક તન્મયવત્ મિથ્યાદ્રષ્ટિને ભાસે છે પણ સૂક્ષ્મદ્રષ્ટિવાન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાની-સમ્યગ્દ્રષ્ટિ છે તે પેલા બન્નેના અમૂર્તિકપણાને તથા બન્નેના નિરાકારપણાને ભિન્ન-ભિન્ન સમજે છે-માને છે-કહે છે.

પરમાત્મા સ્વસમ્યગ્જ્ઞાનમય છે તે આદિ-અંતપૂર્ણ સ્વભાવ સંયુક્ત છે તથા પરસંયોગ અને પરરૂપ કલ્પના રહિત મુક્ત છે. પ્રશ્ન—તે કેવી રીતે? ઉત્તર—સાંભળો, જેમ પ્રથમ-આદિમાં પૂર્ણ ચિહ્ન બિન્દુ છે, તેનું તે જ અંતમાં પણ પૂર્ણ ચિહ્ન બિન્દુ છે, જુઓ સ્વાનુભવદ્રષ્ટિ દ્વારા આદિ ૦ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ અંત ૦. વળી જેમ સૂર્યનો પ્રાતઃકાલ આદિ છે તે જ સૂર્યનો સાયંકાલ અંત છે તો શું મધ્યાહ્નકાલ નથી? અર્થાત્ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્ય સદાકાળ છે.

'જેમ જેવું પીએ પાણી તેમ તેવી બોલે વાણી' એ જ પ્રમાણે જેને ગુરુઉપદેશ દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ અચલ થઈ તે પોતાના મુખથી એમ બોલે છે કે 'સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે તે જ સોઽહં.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન—એ પ્રમાણે તો બધાય બાળ-ગોપાળ બોલે છે ?

ઉત્તર—જેમ રાત્રિના વખતમાં એક કૂતરું ચોરને પ્રત્યક્ષ દેખીને ભૂં-ભૂં બોલે છે [ ચિત્ર ક્રમાંક : ૧૬ ] ત્યારે તેનો શબ્દ સાંભળીને શહેરનાં ઘણાં કૂતરાં પણ તે જ પ્રમાણે ભૂં-ભૂં બોલે છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવી જ્ઞાનીના સ્વમુખથી શબ્દ સાંભળીને સમ્યગ્જ્ઞાનાનુભવરહિત મિથ્યાદૃષ્ટિ પણ એ જ પ્રમાણે બોલે છે કે ' અમે જ પરમાત્મા છીએ ' પણ એ મિથ્યાદૃષ્ટિને આવો નિશ્ચય નથી કે શબ્દને તથા સમ્યગ્જ્ઞાનીને પરસ્પર સૂર્ય-અંધકાર જેવો અંતરભેદ છે.

વળી જેમ ' જેવું ખાય અન્ન, તેને તેવું થાય મન ' એ પ્રમાણે કોઈ મુમુક્ષુને ગુરુઉપદેશ દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિની અચલ અવગાઢતા થઈ તેનું મન એવું થઈ જાય છે કે ઉપરથી તો વ્યવહાર કરે પણ અંદરમાં બધું સ્વપ્ન-સમાન ભાસે છે તથા તેનું મન એવું થઈ જાય છે કે—મારે મન તો છે પરંતુ હું મન નથી, વળી મનનાં જેટલાં શુભાશુભ વ્યવહાર છે તે પણ હું નથી અને શુભાશુભ વ્યવહારનાં સુખ-દુઃખરૂપ ફળ છે તે પણ હું નથી, ' હું ' છે એ એક શબ્દ છે, હું શબ્દને તથા મનાદિકને જાણું છું એ જ ' सोऽहं ' આ સ્થળ પર્યંત મન થઈ જાય છે ( મન સાથેનો સંબંધ હોય છે ).

જેમ મેલા મળ-મૂત્રમાં રત્ન પડયું છે તે લેવા યોગ્ય છે પણ કોઈ મળ-મૂત્રની મલીન દુર્ગંધથી દ્વેષ-ગ્લાનિભાવ ધારણ કરીને રત્નને ગ્રહણ કરતો નથી તો તે મૂર્ખ છે. એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન-રત્ન, તન-મન-ધન-વચનાદિમાં પડયું છે તેને કોઈ તન-મન-ધન-વચનાદિના શુભાશુભ વિકાર ભાળીને તેનાથી ગ્લાનિભાવ ધારણ કરીને સ્વસમ્યગ્જ્ઞાનરત્નને તન્મયરૂપ ધારણ કરતો નથી તો તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ કોઈએ પૂછયું કે—' સૂર્ય કયાં રહે છે ? ' તેનો ઉત્તર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ છે કે—'સૂર્ય, સૂર્યની અંદર તન્મયરૂપ રહે છે' એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનસૂર્ય છે તે નિશ્ચયનયથી સ્વસમ્યગ્જ્ઞાનસૂર્યમાં જ રહે છે.

જેમ પુષ્પમાં સુગંધ છે, તલમાં તેલ છે તથા દૂધમાં ઘૃત છે, એ જ પ્રમાણે આ લોકાલોકમાં તથા તન-મન-ધન-વચનમાં અને તન-મન-ધન-વચનનાં જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ છે તેમાં અતન્મયપણે સહજસ્વભાવથી જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

હે મુમુક્ષુમંડળ! સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ થઈને જુઓ તો કોણ વિધિ? અને કોણ નિષેધ?

જેમ દર્પણમાં કાળો, પીળો, લાલ અને લીલો આદિ અનેક રંગબેરંગી વિકાર દેખાય છે તે દર્પણથી તન્મયી નથી. એ જ પ્રમાણે સ્વચ્છ સ્વસમ્યગ્જ્ઞાનમયદર્પણમાં આ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને કામ-કુશીલાદિકના વિકાર તન્મય જેવા દેખાય છે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય પરમાત્માના નથી.

જેમ કોઈ નૌકા રંગ-રંગીલી છે તે પણ (ઉતારૂને) પાર ઉતારી દે છે તથા રંગરંગીલી નૌકા ન હોય તે પણ પાર ઉતારી દે છે, તે જ પ્રમાણે કોઈ ન્યાય, વ્યાકરણ, કોષ, અલંકાર, કાવ્ય અને છંદાદિ યુક્ત સ્વાનુભવજ્ઞાનમય ગુરુ છે તે પણ સંસારસાગરથી પાર ઉતારી દે છે તથા કોઈ ગુરુ છે તે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવી તો છે પરંતુ ન્યાય, વ્યાકરણ, કોષ, અલંકાર, કાવ્ય, છંદાદિક રહિત છે છતાં તે પણ સંસારસાગરથી પાર ઉતારી દે છે.

જેમ ગોરસ પોતાના દૂધ, દહીં, ઘી, માખણ વગેરે પર્યાયોથી ભિન્ન નથી અને તે દૂધ, દહીં, ઘી, માખણ વગેરે છે તે ગોરસથી ભિન્ન નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માથી સુખ, સ્વસત્તાચેતન, જીવ-જ્ઞાનાદિક ભિન્ન નથી તથા સુખ, સ્વસત્તાચેતન, જીવ-જ્ઞાનાદિક છે તે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માથી ભિન્ન નથી.

જેમ ધૂળ ધોવાવાળો ન્યારીયો જો સોનાની કણિકાને જાણતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી તો તે ધૂળ ધોવાનું ઇચ્છામાં આવે તેટલું કષ્ટ કરે તોપણ તેને કદી પણ સુવર્ણ લાભ થતો નથી. તે જ પ્રમાણે મુનિ, સાધુ, સંન્યાસી, ભોગી, જોગી કે ગૃહસ્થ આદિ કોઈ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માને તો જાણતા નથી અને વ્રત, જપ, તપ, ધ્યાન, દાન, પૂજાદિક ઘણા પ્રકારનાં કષ્ટ કરે છે તો ભલે કરો પરંતુ તેને કદી પણ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માનો લાભ થતો નથી.

જે યતિ, વ્રતી, યોગી, જંગમમુનિ, પરમહંસ, ભોગી અને ગૃહસ્થ આદિ વેષમાં સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ અચળ થયો તે યતિ, વ્રતી, યોગી, જંગમ મુનિ, પરમહંસ, ભોગી અને ગૃહસ્થને ધન્ય છે ! ધન્ય છે ! ધન્ય છે !! હજાર વાર ધન્ય છે !!!

જેમ અગ્નિ દ્રવ્ય છે અને તેમાં ઉષ્ણતાનો ગુણ છે. હવે જો તે અગ્નિ, ઉષ્ણગુણથી ભિન્ન થાય તો તે ઇંધનને સળગાવી શકે નહીં તથા જો કદી અગ્નિથી ઉષ્ણગુણ ભિન્ન થાય તો તે શી રીતે સળગાવે ? વળી અગ્નિ જો ભિન્ન થયો તો પછી ઉષ્ણગુણ કોના આશ્રયે રહે ? નિરાશ્રય થયેલો તે ( ઉષ્ણગુણ ) સળગાવવાની ક્રિયાથી રહિત થાય, ( કારણ ) ગુણ-ગુણી એકબીજાથી જુદાં થતાં તે કાર્ય-કારણપણાને અસમર્થ છે. પણ જો બંનેની એકતા-તન્મયતા થાય તો જ તે ક્રિયામાં સમર્થ થાય. એ જ પ્રમાણે સદ્‌ગુરુ ઉપદેશથી કેવલ જ્ઞાન-ગુણીની અને તેના દેખવા-જાણવારૂપ ગુણની એમ બન્નેની એકતા-તન્મયતા થાય ત્યારે તે સહજસ્વભાવથી જ અષ્ટકર્મકાષ્ટને સળગાવવાની ક્રિયામાં સમર્થ થાય.

જેમ સૂર્યને મેઘપટલ આચ્છાદિત થવાથી પ્રભા રહિત કહીએ છીએ પરંતુ તે સૂર્ય પોતાના સ્વભાવથી તો તે પ્રભાથી ત્રણકાળમાં ભિન્ન થતો નથી, તે જ પ્રમાણે સ્વસમ્યક્ કેવળજ્ઞાનમય સૂર્ય કર્મ-ભ્રમ વા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મસ્વરૂપ વાદલપટલથી આચ્છાદિત થતાં તેને જ્ઞાનપ્રભારહિત કહીએ છીએ પરંતુ તે સ્વસમ્યક્ કેવલ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનમયસૂર્ય પોતે પોતામાં પોતામય પોતાના ગુણસ્વભાવ જ્ઞાન-પ્રકાશથી ત્રણકાળમાં કોઈ પ્રકારથી પણ ભિન્ન થતો નથી.

જેમ પાકતી સીજાતી હાંડીમાંથી એક ચોખાનો દાણો જોઈને જો 'આ સીજી ગયો' (એવો નિશ્ચય આવ્યો તો બધાય ચોખાના દાણાનો નિશ્ચયાનુભવ થઈ જાય છે કે 'બધાય દાણા સીજી ગયા.' એ જ પ્રમાણે અનંત ગુણમય સ્વસમ્યક્જ્ઞાન પરમાત્માના એક પણ ગુણનો કોઈને ગુરુ ઉપદેશ દ્વારા અચલ અનુભવ થયો તો નિશ્ચય સમજવું કે પરમાત્માના જેટલા ગુણ છે તે સર્વ ગુણોનો તેને અચલ અનુભવ થઈ ચૂકયો છે.

જેમ ઘટની પહેલાં કુંભકાર છે, તેમ તન-મન-ધન-વચન અને તન-મન-ધન-વચનના શુભાશુભ વ્યવહાર ક્રિયા-કર્મની પહેલાં આદિનાથ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે.

જેમ કુંભકાર, ઘટ-ચક્રાદિકથી તન્મય થઈને ઘટકર્મને કરતો નથી, તેમ જ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે તે તન મન-ધન-વચનાદિકથી તન્મય થઈને શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ કરતો નથી.

જેમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા નય બે છે, જેમ સુવર્ણ સુવર્ણપણાવડે નથી ઉપજતું કે નથી વિણસતું, પણ તેનાથી જ તન્મયરૂપ કડા-કંકણાદિક પર્યાય વિણસે છે-ઉપજે છે, તે પણ કથંચિત્ પ્રકારથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરમાત્મા સ્વસ્વભાવથી તો નથી ઉપજતો કે નથી વિણસતો, પણ તેનાથી જ તન્મયરૂપ જીવ ચેતનાદિ પર્યાય છે તે ઉપજે છે-વિણસે છે, તે પણ કથંચિત્ પ્રકારથી.

જેમ સમુદ્ર, પોતાના જળસમૂહ વડે તો ઉત્પાદ-વ્યય અવસ્થાને પ્રાપ્ત થતો નથી, પણ પોતાના સ્વરૂપથી સ્થિર રહે છે; પરંતુ ચારે દિશાઓના પવનથી કલ્લોલોનો ઉત્પાદ-વ્યય થાય છે તો પણ તે સદાય નિત્ય ટંકોત્કીર્ણ જેવો ને તેવો છે. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાર્ણવ કેવલ જ્ઞાનમય સમુદ્ર, પોતાના સ્વગુણ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ સમરસ નીર સમૂહથી તો તે ઉત્પાદ-વ્યય અવસ્થાને પ્રાપ્ત થતો નથી, પોતાના સ્વસ્વરૂપથી તો સ્થિર રહે છે; પરંતુ મનુષ્ય-દેવ-તિર્યંચ અને નારકી એ ચારે દિશાઓના પવનથી સંકલ્પ-વિકલ્પ અને રાગ-દ્વેષાદિક કલ્લોલોનો ઉત્પાદ-વ્યય થાય છે, તોપણ તે સદાય નિત્ય ટંકોત્કીર્ણ જેવો ને તેવો છે.

જેમ સોની, આભૂષણાદિક કર્મને કરે છે પરંતુ આભૂષણાદિક કર્મથી તન્મય-તત્સ્વરૂપ થઈને કરતો નથી તેમ જ તે આભૂષણાદિક કર્મના ફલને તત્સ્વરૂપ-તન્મય થઈને ભોગવતો નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્સ્વાનુભવી જ્ઞાની, સર્વ સંસારનાં શુભાશુભકર્મને કરે છે પરંતુ તન્મય-તત્સ્વરૂપ થઈને કરતો નથી, તેમ જ સંસારના શુભાશુભકર્મનાં ફલથી તત્સ્વરૂપ-તન્મય થઈને ભોગવતો નથી.

અધુનાચેત્ (હવે સમજો)—

વસ્તુનો સ્વભાવ વચનથી તન્મય નથી અર્થાત્ વચનગમ્ય નથી. લોકાલોકને તથા લોકાલોકમાં પોતપોતાના ગુણ-પર્યાયસહિત અનાદિથી અચલ જેટલાં દ્રવ્યો છે તેને જેવાં છે તેવાં એક જ સમયમાં સહજ જ નિરાબાધપૂર્વક જાણે છે-દેખે છે તે જ સર્વજ્ઞદેવ છે. એવા સર્વજ્ઞદેવથી (—એવા નિજ મૂળસ્વભાવથી) તન્મયરૂપ થઈને તેના જ (પોતાના) સ્વસ્વાનુભવજ્ઞાનમાં જે લીન છે તે સંદેહ, શંકા ઉપજાવતા નથી.

જેમ ચંદનવૃક્ષને ઝેરી-વિષમય સર્પ લપેટાયેલો રહે છે તો પણ ચંદન પોતાના સુગંધ-શીતલપણારૂપ ગુણસ્વભાવને છોડી ઝેરી-વિષમય-વિષવત્ થતું નથી. એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિને ચારિત્રદોષથી શુભાશુભકર્મ લાગી રહ્યાં છે (તોપણ) તેનાથી તે તન્મય થતો નથી.

જેમ સૂર્યની અંદર સૂર્યથી અંધકાર તન્મયરૂપ નથી, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સૂર્યની અંદર અજ્ઞાન તન્મયરૂપ નથી.

જેમ જે નગરમાં અજ્ઞાની રાજા છે, તેના ઉપર તો કેવલ જ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજા હોઈ શકે છે, પરંતુ જ્યાં કેવલ જ્ઞાની જ રાજા છે તેના ઉપર કોઈ પણ અધિષ્ઠાતા સંભવતો નથી, એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય ત્રૈલોકયનાથ પરમાત્માના ઉપર તેનાથી અધિક કોઈ છે નહિ, થશે નહિ કે કોઈ થયો નથી.

જ્યાં ભ્રમ થાય છે ત્યાં જ ભ્રમ નથી, જેમ સરલ માર્ગમાં સંધ્યાકાલ સમયમાં રસ્સીને પડેલી જોઈને કોઈ શંકાવાન થયો કે 'હાય! સર્પ છે' ત્યારે કોઈ ગુરુએ કહ્યું કે—હે વત્સ! ભય ન કર, આ તો રસ્સી છે-સર્પ નથી.

તન-મન-ધન-વચનથી તથા તન-મન-ધન-વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ છે તેનાથી જ તત્સ્વરૂપ-તન્મયરૂપ થવાની જેને સ્વભાવથી જ ઇચ્છા નથી તે મનુષ્ય જ્ઞાની છે.

કર્તાથી થાય તેનું નામ કર્મ છે; દાન, પૂજા, વ્રત, જપ, તપ, સામાયિક, સ્વાધ્યાય અને ધ્યાનાદિક શુભકર્મ છે તથા પાપ, અપરાધ, ચોરી, હિંસા અને કુશીલાદિક અશુભકર્મ છે, અર્થ એ છે કે—એ શુભાશુભકર્મનો કર્તા છે તે શુભાશુભકર્મની સાથે પોતાને અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયરૂપ સમજીને-માનીને કર્તા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે તથા એ શુભાશુભકર્મથી પોતાને સર્વથા પ્રકારથી ભિન્ન સમજીને પછી શુભાશુભ પૂર્વ કર્મ નબળાઈ વશ કરે છે તે સ્વસમ્યગ્દૃષ્ટિ છે.

જેમ સૂર્યની અંદર પ્રકાશ તન્મયરૂપ છે તેમ જે વસ્તુમાં દેખવા-જાણવાનો ગુણ તન્મયરૂપ છે તે જ વસ્તુ દર્શન છે; અનેરી વસ્તુને દર્શન માને છે-સમજે છે કહે છે, તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે.

જ્યાં સુધી ઘરમાં અંધકાર છે ત્યાં જ પ્રકાશ છે. કારણ કે જો પ્રકાશ ન હોત તો અંધકારની ખબર કયાંથી પડત-કેમ જાણત? જેના પ્રકાશમાં સૂર્ય અને અંધકાર દેખાય છે તે જ સ્વ-પર પ્રકાશક સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધ-પરમેષ્ઠી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ પૃથ્વી ઉપર જ્યાં કૂવો ખોદવામાં આવે ત્યાં જ પાણી નીકળે છે, તે જ પ્રમાણે તન-મન-ધન-વચનાદિકની અંદર તથા તન-મન-ધન-વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયા-કર્મ છે તેમાં જ્ઞાનદૃષ્ટિથી આકાશની માફક વ્યાપક સ્વસમ્યગ્જ્ઞાનમયબ્રહ્મને કોઈ શોધશે તો તે પ્રગટ પ્રસિદ્ધ થાય છે.

જો આ શરીરપિંડથી સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા તન્મયરૂપ હોત તો કદાચિત્ કોઈ પ્રકારથી કોઈ પણ (જીવ) મરત નહિ, તથા જે આ લોકાલોક-જગતસંસાર દેખાય છે તેનાથી જો એ સ્વસમ્યગ્જ્ઞાન-મય પરમાત્મા તન્મયરૂપ હોત તો તે હરકોઈને દેખાત. અહો! અહો! અહો! આવા અપૂર્વ વિચારની પૂર્ણતા શ્રી સદ્ગુરુના ચરણના શરણ વિના નહિ થાય. જેમ જ્યાંસુધી પક્ષી બે પાંખોથી તન્મયી છે ત્યાં સુધી તો તે પક્ષી અહીં-તહીં ભમે છે-ઉડે છે-બેસે છે પરંતુ જે સમયે એ પક્ષીની બંને પાંખો ખંડન-નિર્મૂળ થઈ જાય તે વેળા તે પક્ષી અહીં-તહીં ભ્રમણરહિત થઈ જ્યાંનું ત્યાં સ્થિર-અચળ રહે છે. એ જ પ્રમાણે જ્યાંસુધી જીવને નિશ્ચય-વ્યવહાર (રૂપ બે પક્ષોની) તન્મયતા છે-અવગાહતા છે, ત્યાંસુધી તે ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે, પરંતુ જે સમય જીવને કાળલબ્ધિ પાચક દ્વારા તથા શ્રી સદ્ગુરુ ઉપદેશ દ્વારા નિશ્ચયવ્યવહારરૂપ બે પક્ષનું ખંડન-નિર્મૂળ થઈ જતાં તે જ સમયે ચારગતિ ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણરહિત થઈ તે જ્યાં નો ત્યાં જ અચળ-સ્થિર રહે છે.

જેમ અડદ અને મગની બે દાળ થઈ ગયા પછી તે મળતી નથી તથા તેને વાવે તો તે ઉગતી નથી, એ જ પ્રમાણે શ્રીગુરુપ્રસાદથી જીવાજીવની જ્યાં સર્વથા પ્રકારથી ભિન્નતા છે ત્યાં જીવાજીવની તન્મયતા-એકતા નથી અને એ બંનેની એકતાથી જે સંસાર ઉત્પન્ન થતો હતો તે હવે થવાનો નથી.

જેમ આંધળાના સ્કંધ (ખંભા) ઉપર પાંગળો બેઠો છે. હવે, અહીં વિચાર કરો-જુઓ તો આંધળો તો ચાલે છે અને પાંગળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખે છે, એ જ પ્રમાણે અંધમનુષ્યવત્ આ સંસારચક્ર છે, તેના ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન છે તે પાંગળાની માફક સંસાર-ચક્ર ઉપર બેઠું થકું માત્ર દેખે છે-જાણે છે. દેખવું-જાણવું એ નિજ-ધર્મ કેવલ જ્ઞાનનો છે.

પ્રશ્ન:—સંસારને 'ચક્ર' સંજ્ઞા કેવી રીતે છે?

ઉત્તર:—જાગ્રતિમાં આ સંસાર દેખાય છે, તે જ પલટાઈને સ્વપ્નમાં દેખાય છે તથા જે સંસાર સ્વપ્નમાં દેખાય છે તે જ પલટાઈને જાગ્રતિમાં દેખાય છે, એ પ્રમાણે આ સંસારચક્ર ફરે છે.

પ્રશ્ન:—આ સંસારચક્ર કઈ ભૂમિકા ઉપર ફરે છે?

ઉત્તર:—અલોકાકાશમાં અણુરેણુવત્ આ સંસારચક્ર પોતે પોતાના જ આધારે જળ-કલ્લોલવત્ ફરે છે.

પ્રશ્ન:—સુસુપ્તિ અને તુર્યા સમય સંસારચક્ર કયાં રહે છે? કયાં ફરે છે?

ઉત્તર:—એક પુરુષ સુલોચન છે અર્થાત્ તેને નેત્ર તો છે પરંતુ તેને તન-મન-ધન-વચનાદિક મૂળથી જ નથી. તેની આગળ આ સંસારચક્ર ભ્રમણ સહિત નાચે છે, ત્યાં સ્વલોચનપુરુષ દેખે છે ખરો પણ કહેતો નથી.

જેમ ઓછું-વધતું ભોજન જમવાથી બીમારી-દુઃખ થાય છે, તે જ પ્રમાણે કોઈ સંસારના વિષય ભોગ ઓછા-વધતા ભોગવે છે-કરે છે તે જ દુઃખી-બીમાર થાય છે, અર્થાત્ જ્યાં બરાબરના વ્યવહારક્રિયા-કર્મ છે ત્યાં વિરોધભાવ સંભવતો નથી.

શબ્દાતીતનો શબ્દ સૂચક છે.

જે વસ્તુ નિરંતર છે તેમાં વિધિ-નિષેધનો અવકાશ કદી પણ તેનાથી તન્મયરૂપ સંભવતો નથી.

જેમ વૈદ્યપુરુષ છે તે વિષને ઉપભોગવતો છતાં મરણને પ્રાપ્ત થતો નથી, કારણ એ વૈદ્યની પાસે બીજી વિષનાશક દવા છે, તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણે જેની પાસે સ્વસમ્યગ્જ્ઞાન તન્મયરૂપ છે તે કર્મજનિત વિષય-ઉપભોગ ભોગવતો છતાં પણ મરતો નથી.

જેમ સુવર્ણ, અગ્નિથી તપ્ત થવા છતાં પણ પોતાના સુવર્ણપણા આદિ ગુણસ્વભાવને છોડતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદૃષ્ટિ, પૂર્વ કર્મના પ્રયોગથી કર્મ વેદના-દુઃખરૂપ અગ્નિમાં તપ્તાયમાન થવા છતાં પણ પોતાના સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાદિ ગુણને છોડતો નથી.

જેમ સળગતી તેલની કડાઈમાં પુરીપુડલાવત્ સૂર્યનું પ્રતિબિંબ સળગે છે-બળે છે તોપણ આકાશમાં સૂર્ય છે તે જલતો નથી-મરતો નથી, એ જ પ્રમાણે સંસારદશામાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરમાત્મા મરે છે જન્મે છે તોપણ તે સ્વસ્વભાવમાં કદાચિત્ કોઈ પ્રકારથી પણ મરતો કે જન્મતો નથી.

જેની ગુરુઉપદેશથી સ્વભાવદૃષ્ટિ અચલ થઈ તે હજારોવાર ધન્યવાદ યોગ્ય છે.

જેમ મદિરાના અતિ તીવ્રભાવને જાણીને જે એ મદિરાને કમ પણ પીતો નથી તથા વધારે પણ પીતો નથી, એ પ્રમાણે મદિરા પીવા છતાં પણ તે મદોન્મત્ત થતો નથી. તેવી જ રીતે સ્વસમ્યગ્દૃષ્ટિ, મોહમદિરાના અતિ તીવ્રભાવને જાણીને એ મોહમદિરાને કમ પણ ગ્રહણ કરતો નથી તથા અધિકવિશેષ પણ ગ્રહણ કરતો નથી, એ પ્રમાણે મોહમદિરાને સ્વસમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરતો છતાં પણ સ્વસમ્યગ્જ્ઞાનસ્વભાવને છોડી મોહમદિરાની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયરૂપ થતો નથી.

જેમ વૃક્ષને લાગેલાં ફળ એક વાર પરિપક્વ થઈ પડી જાય તો તે ફળ ફરીથી પલટાઈને તે વૃક્ષને લાગતાં નથી, તે જ પ્રમાણે કોઇ જીવ, અવસર પામી ગુરુઉપદેશ દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવનો અચલ પરિપક્વ પૂર્ણાનુભવ થઈને એક વાર સંસાર-જગતથી ભિન્ન થયા પછી તે ફરી પલટાઈને સંસાર-જગતથી તન્મયરૂપ થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્ય પણ ત્રણ દૃષ્ટાંત દ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ લેવો. ૧. જેમ દહીંમાંથી માખણ-ઘૃત ભિન્ન થયા પછી ફરી પલટાઈને તે દહીંમાં મળતું નથી. ૨. વૃક્ષની જડ ઉખડી ગયા પછી કેટલાંક વખત સુધી તેનાં ફળ-ફૂલ-પાંદડાં લીલાં રહે છે પરંતુ પાંચ દશ દિવસમાં (તે) પોતાની મેળે જ સૂકાઈ જાય છે. ૩. ચણીક-ચણા શેકાયા પછી વાવે તો તે ઉગતા નથી પણ ખાવામાં આવે તો સ્વાદિષ્ટ લાગે છે; તથા તલમાંથી તેલ નીકળી ગયા પછી તે પલટાઈને (તલની સાથે) મળતું નથી. ઇત્યાદિ...

જેમ સમુદ્ર છે તે ઘણાં રત્ન આદિ અનેક વસ્તુઓથી ભર્યો હોય છે, તે એક જળથી ભરેલો છે તોપણ તેમાં નિર્મળ નાની-મોટી અનેક લહેરો-કલ્લોલો ઉઠે છે તે બધી એક જળરૂપ જ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમુદ્ર છે તે રત્નત્રય-સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્ન આદિ અનેક શુભ-અશુભ-શુદ્ધાદિક વસ્તુઓથી ભરેલો છે તોપણ તેમાં નિર્મળ કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન તથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન.પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન આદિ નાની-મોટી તેમાં અનેક લહેરો-કલ્લોલો ઊઠે છે તે બધી એક સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વસમરસ જળ-નીર જ છે.

જેમ લોદ અને ફટકડીના પુટ વિના મજીઠના રંગમાં ઘણા કાળ-સુધી વસ્ત્ર ભીંજાયલું રહે તોપણ તે વસ્ત્ર સર્વથા લાલ થતું નથી, એ જ પ્રમાણે જીવ, સંસારમાં ચિરકાળથી છે (તોપણ) તે સર્વથા-પ્રકારે કદી કોઈ પ્રકારથી પણ પોતાના જીવસ્વભાવને છોડીને અજીવની સાથે એક તન્મયરૂપ થતો નથી.

જેમ નિશ્ચયથી સુવર્ણ છે તે કર્દમની (કાદવની) વચ્ચે પડયું છે તોપણ તે કર્દમની સાથે તન્મય-લિપ્ત થતું નથી-સુવર્ણને તન્મય-રૂપ કાઈ (કાટ) લાગતો નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિ જીવ નિશ્ચયથી સંસાર-કર્દમની વચ્ચે પડયો છે તોપણ તેને રાગ-દ્વેષરૂપ કાટ તન્મય-લિપ્ત થતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ શંખ, શ્વેત સ્વભાવે છે, તે શંખ સચિત્ત અચિત્ત અને મિશ્ર અનેક પ્રકારનાં દ્રવ્યોને ભક્ષણ કરે છે તોપણ તેના શ્વેતભાવને કૃષ્ણ કરવાને સમર્થ થઈ શકાતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિનો સ્વસમ્યગ્જ્ઞાનમય વિશુદ્ધસ્વભાવ છે તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર અનેક પ્રકારનાં દ્રવ્યોનો ભોગ, ઉપભોગ ભોગવતો છતો પણ તેનો સ્વસમ્યગ્જ્ઞાનમય વિશુદ્ધસ્વભાવ છે તેને અજીવ–અચેતન–અજ્ઞાનમય ભાવ કરવાને સમર્થ થઈ શકાતું નથી.

જેમ હજારો મણ કાચના કટકામાં એક સાચું રત્ન પડ્યું છે તોપણ તે સાચું રત્ન પોતાના રત્નસ્વભાવ–ગુણ–લક્ષણાદિકને છોડી તે કાચના કટકા જેવું થતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિ, અનંત અજ્ઞાનમય સંસારમાં પડ્યો છે તોપણ તે પોતાના સ્વસમ્યગ્જ્ઞાન-સ્વભાવને છોડી અજ્ઞાનમય સંસારથી તન્મયરૂપ-તત્સ્વરૂપ થતો નથી.

જેમ દૂધ અને જળ મળેલાં હોય તેમાં હંસ છે તે જળ છોડીને દૂધ ગ્રહણ કરે છે, એ જ પ્રમાણે ક્ષીર–નીરવત્ મળેલો આ સંસાર અને સ્વસમ્યગ્જ્ઞાન છે તેને સ્વસમ્યગ્દૃષ્ટિહંસ અજ્ઞાનમય સંસારને છોડી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવને ગ્રહણ કરે છે.

જેમ હાથીના માથામાં માંસ અને મોતી બંને મળેલાં છે, તેમાં કાગપક્ષી છે તે તો મોતીને છોડી માંસ ગ્રહણ કરે છે તથા હંસપક્ષી છે તે માંસને છોડી મોતી ગ્રહણ કરે છે, એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ તો સ્વસમ્યક્ જ્ઞાનગુણ છોડી અજ્ઞાનને ગ્રહણ કરે છે તથા સ્વસમ્યગ્દૃષ્ટિ અજ્ઞાન–અવગુણ છોડી સ્વસમ્યગ્જ્ઞાનગુણને ગ્રહણ કરે છે.

જેમ પરવસ્તુથી તન્મય થઈને પરવસ્તુને જે ગ્રહણ કરે છે તે નિશ્ચયથી તસ્કર–ચોર છે અને તે જ્યાં–ત્યાં શંકાસહિત ભમતો ફરે છે પણ જે પોતાના જ પોતામય ધનને ગ્રહણ કરે છે તે નિશ્ચયથી સાચો શાહુકાર છે અને તે જ્યાં-ત્યાં શંકારહિત–બેફિકર ફરતો રહે છે; તેમ મિથ્યાદૃષ્ટિ છે તે તો તસ્કર–ચોરની માફક શંકાસહિત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારગતિ—ચોરાશી લાખ યોનિરૂપ સંસારમાં ભમતો ફરે છે, તથા સ્વસમ્યગ્દૃષ્ટિ છે તે જેમ કુંભારના ચક્ર ઉપર અચલ બેઠેલી માખી પરિભ્રમણ કરે છે તેવી જ રીતે સત્ય શાહુકાર જેવો સ્વ-સમ્યગ્દૃષ્ટિ છે તે ચારગતિ-ચોરાશી લાખ યોનિરૂપ સંસારમાં નિઃશંક-બેફિકર ભ્રમણ કરે છે.

જેમ દસ જણા નદી પાર ઉતર્યા તેમાંથી દરેક બીજાઓની ગણતરી કરે નવ ગણે ને પોતાને ભૂલી એક જણ નથી એમ રોવે [ ચિત્ર ક્રમાંક : ૧૮ ] તેમ અજ્ઞાનીજનો પરને ગણે, જાણે પણ પોતાને ભૂલી રહ્યા છે ત્યાં સુધી દુઃખી જ છે.

જેમ એક પુરુષ નદીના તટ ઉપર ઊભો રહી તીવ્ર વેગથી વહી રહેલા ( તે નદીના ) જળને એકાગ્રધ્યાનપૂર્વક જોતો હતો, તેનાથી તેને આવી ભ્રાંતિ થઈ કે ‘ હું પણ વહ્યો જાઉં છું ’ એમ પોકારતો હતો-દુઃખી થતો હતો તેને દયામૂર્તિ શ્રી સદ્‌ગુરુ કહે છે ‘ તું દુઃખી ન થા, તું વહેતો નથી પણ આ તો નદીનું જળ વહે છે, હવે તું આ દુઃખથી સર્વથાપ્રકારે છૂટવા માટે સર્વથાપ્રકારે વહેતા એવા આ નદીના જળને ન જો પણ તું તારી તરફ જો. ’ ત્યારે ગુરુ આજ્ઞા-પ્રમાણે, ભ્રાંતિમાં વહેતો તે પુરુષ, વહી રહેલા નદીના પાણીને જોવાનું છોડી પોતાના પોતા જ તરફ દેખી પોતાને અચલ- નહિ વહેતો સમજીને ઘણો ખુશી આનંદિત થયો અને ગુરુના ચરણમાં ‘ નમોઽસ્તુ ’ કરી ઘણું કહ્યું કે—‘ હે ગુરુદેવ ! હું વહ્યો જતો હતો ત્યાં આપે મને બચાવી લીધો. ’ એ જ પ્રમાણે શ્રીગુરુ સંસારમાં વહેતાને બચાવી દે છે. સારાંશ હે મુમુક્ષુજન ! વહી રહેલા ભ્રમજાળરૂપ સંસારથી બચવાની તમારી ઇચ્છા છે તો આ ભ્રમજાળરૂપ સંસારને દેખવા માટે તો તમે જન્માંધ જેવા બની જાઓ અને તમારા તમારાથી તન્મયી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવને દેખવા માટે તમે સહસ્રસૂર્ય જેવા અચળ થઈ જાઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ રસોઈ-પાકખાનામાં આટો, દાળ, ચોખા, ઘી, સાકર, ગોળ, લૂણ, મરચાં, વાસણ-કૂસણ, લાકડાં, ઇંધણ, વગેરે ભોજનની સામગ્રી તથા ભોજન બનાવવાવાળો ઇત્યાદિ બધુંય છે પરંતુ અગ્નિ વિના એ ચોખા આદિ સર્વ સામગ્રી કાચી (પાંગળી) છે, એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠીના સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાગ્નિ વિના આ મુનિપણું-ત્યાગી -વ્રતી-ક્ષુલ્લક-બ્રહ્મચારીપણું. દાન, પુણ્ય, પૂજા, પાઠ, શાસ્ત્રાધ્યયન, ધ્યાન, ધારણા, ઉપદેશ દેવો-આપવો, તીર્થયાત્રા, જપ-તપ, શુભાશુભ-વ્યવહાર, શુભાશુભ વ્યવહારનાં ક્રિયા-કર્મ તથા તેનાં શુભાશુભ ફલ વગેરે સર્વ કાચાં છે-વૃથા છે-મિથ્યા છે, અગર જો કથંચિત્ ઉપર કહેલાં સાધનોનું કાંઈ ફળ છે તો માત્ર સ્વર્ગ-નરક છે, પરંતુ એ સ્વર્ગ-નરક છે તે તો અરહટઘટીયંત્ર જેવાં છે.

જ્ઞાન, સંસારસાગરની અંદર અને બહાર છે પરંતુ જેવો આ સંસાર છે તેવું જ્ઞાન નથી.

જેમ ચકમક પત્થરમાં અગ્નિ છે પણ તે દેખાતો નથી, તોપણ અગ્નિ છે, તેમ સંસારજગતમાં સ્વસમ્યગ્જ્ઞાન પ્રસિદ્ધ છે તે દેખાતું નથી તોપણ સ્વસમ્યગ્જ્ઞાન પ્રસિદ્ધ જ છે.

જેમ મૂર્ખ લોક કોઈ નય-ન્યાય દ્વારા કહે છે કે અગ્નિ જલે છે-બળે છે પરંતુ પૂર્ણદૃષ્ટિથી જોઈએ તો અગ્નિસ્વભાવમાં તે અગ્નિ જળતી કે બળતી જ નથી. એ જ પ્રમાણે અસત્ય વ્યવહારદ્વારા જોઈએ તો સ્વયં જ્ઞાનમય જીવ, મરે છે-જન્મે છે, પરંતુ નિશ્ચયથી સત્ય જીવત્વસ્વભાવમાં જોઈએ તો જીવ મરતો પણ નથી તથા જીવ જન્મતો પણ નથી.

જેમ અમે ખૂબ ચોક્કસ ઠીક નિશ્ચય કરી ચૂક્યા છીએ કે— સૂર્યના સન્મુખ અંધકાર નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય-સૂર્યના સન્મુખ અજ્ઞાનરૂપ અંધકાર નથી.

જેમ સૂર્યને અને અંધકારને એક તન્મયરૂપ મેળ નથી, તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયસૂર્યને અને અજ્ઞાનમય અંધકારને પરસ્પર એક તન્મયરૂપ મેળ નથી. 'જે જેનાથી ભિન્ન છે તે તેનાથી ભિન્ન છે' એ ન્યાયાનુસાર.

જેમ સૂર્ય પ્રસિદ્ધ છે તેના પ્રકાશમાં ઘટ, પટ મઠ વગેરે પ્રસિદ્ધ છે. તે જ પ્રમાણે સ્વયં સમ્યગ્જ્ઞાનમયસૂર્ય પ્રસિદ્ધ છે, તેના જ પ્રકાશમાં આ લોકાલોક-જગતસંસાર પ્રસિદ્ધ છે.

આ તન-મન-ધન-વચનાદિક છે તે તથા તન-મન-ધન-વચનાદિકનાં જેટલાં શુભાશુભ ભાવ-કર્મ-ક્રિયાદિક અને તેનાં ફળ એ બધાં સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનને જાણતાં નથી.

સ્વસમ્યગ્જ્ઞાનનો અને આ લોકાલોક જગત સંસારનો મેળ તો એવો છે કે જેવો ફૂલ-સુગંધવત્, દૂધ-ઘૃતવત્ તથા તલ-તેલવત્ વળી આ લોકાલોક-જગતસંસાર છે તેનો અને સ્વયં સમ્યગ્જ્ઞાન છે તેને પરસ્પર અંતરભેદ છે તે એવો છે કે જેવો સૂર્ય-અંધકારને પરસ્પર અંતરભેદ છે.

જેમ જ્યાં સુધી સમુદ્ર છે ત્યાં સુધી કલ્લોલ-લહેર ચાલે છે, તે જ પ્રમાણે જ્યાં સુધી સ્વસમ્યગ્જ્ઞાનને આવરણ છે ત્યાં સુધી દાન, પૂજા, વ્રત, શીલ, જપ-તપ, ધ્યાનાદિક તથા કામ-કુશીલ-ચોરી-ધન પરિગ્રહ, ભોગવિલાસની ઇચ્છા-વાંચ્છારૂપ લહર-કલ્લોલ ચાલે છે.

જેમ કમળ જળમાં જ ઉત્પન્ન થયું થકું જળમાં જ રહે છે પરંતુ જળની સાથે તન્મય-લિપ્ત થતું નથી, એ જ પ્રમાણે સ્વ-સમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દ્રષ્ટિ આ લોકાલોક-જગત-સંસારમાં ઉત્પન્ન થયો થકો એ જ સંસાર-જગત-લોકાલોકમાં રહે છે પરંતુ આ સંસાર-જગત-લોકાલોકની સાથે તન્મય-લિપ્ત થતો નથી.

જેમ નદી, સમુદ્રથી ભિન્ન નથી, તે જ પ્રમાણે જે વસ્તુમાં જ્ઞાનગુણ છે એવો જીવ, જિનેન્દ્રથી ભિન્ન નથી.

જેમ સુવર્ણની વસ્તુ સુવર્ણમય જ છે તથા લોહની વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોહમય જ છે, તે જ પ્રમાણે સ્વયં જ્ઞાનમય જીવવસ્તુ સ્વયં જ્ઞાનમય છે અને અજ્ઞાનમય અજીવવસ્તુ અજ્ઞાનમય જ છે.

જેમ મૃગમરિચિકાનું જળ દેખાય છે છતાં નહિ દેખાયા બરાબર મિથ્યા છે. એ જ પ્રમાણે જગત-સંસાર દેખાય છતાં તે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનથી તન્મય થઈને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન તરફ જોતાં તે મિથ્યા છે.

જેમ મૃગજળથી કોઈની તરસ ઉપશમ થતી નથી, વસ્ત્ર ભીંજાતું નથી, તે જ પ્રમાણે સ્વયં સ્વસમ્યગ્જ્ઞાનમયસૂર્યનું ભલું-બૂરું આ મૃગમરિચિકાના જળથી ભરેલો સંસારજગત છે તેનાથી થતું નથી.

જેમ જ્યાંનો (જે) વાસી હોય ત્યાંનો (તે) મરમ જાણે, તેવી જ રીતે સ્વસમ્યગ્જ્ઞાનમાં તન્મય થઈને રહે છે તે સ્વસમ્યગ્જ્ઞાનના મરમને જાણે છે.

જેમ જે હાંડીમાંથી ખાવાનું મળે તેને ફોડવી-તોડવી-બગાડવી યોગ્ય નથી, તેવી જ રીતે આ લોકાલોક-જગત-સંસારમાં જેને સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તની પ્રાપ્તિ થઈ એવા સંસારને બગાડવો યોગ્ય નથી.

જેમ પૂર્ણજળથી ભરેલો ઘડો શબ્દ કરતો નથી, તે જ પ્રમાણે પરિપૂર્ણ સ્વસ્વભાવ સમરસનીરથી તન્મય સ્વયંસ્વસમ્યગ્જ્ઞાન છે તે શબ્દની સાથે તન્મય થઈને બોલતું નથી.

જેમ જ્યાંસુધી મંડપ છે ત્યાંસુધી વેલ વિસ્તાર પામી રહી છે, પણ ત્યાં એમ ન સમજવું કે વેલડીમાં વિસ્તાર પામવાની શક્તિ નથી, એ જ પ્રમાણે તે સ્વસ્વરૂપી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરમાત્માનું જ્ઞાન લોકાલોકપર્યંત વિસ્તીર્ણ થઈ રહ્યું છે, ત્યાં એમ ન સમજવું કે તે જ્ઞાનમય પરમાત્મામાં એટલું જ માત્ર જ્ઞાન છે, અર્થાત્ જેવો આ લોકાલોક છે એવા જ બીજા હજાર-લાખ લોકાલોક હોય તોપણ તે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા એક જ સમયમાત્ર કાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરાબાધપણે જાણે, પરંતુ આ લોકાલોક સિવાય બીજો જ્ઞેય કોઈ છે જ નહિ. ભાવાર્થ—જાણે કોને? જાણતો જ છે તે શું ન જાણે? આ લોકાલોક તો તે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્માના જ્ઞાનપ્રકાશમાં અણુરેણુવત્ ન જાણે ક્યાં પડ્યો છે?

જેમ સ્વપ્નની માયાને છોડવી શું તથા ગ્રહણ પણ કેવી રીતે કરવી? તેવી જ રીતે તે સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે તે આ અજ્ઞાનમય લોકાલોક–જગત–સંસારને છોડી તેને ક્યાં પટકે–ક્યાં નાખે? તથા ગ્રહણ કરીને તેને ક્યાં રાખે–ક્યાં મૂકે?

જેમ કાચની હાંડીમાં દીપક અંદર–બહાર પ્રકાશરૂપ છે, તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુઉપદેશદ્વારા સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન-શરીરની અંદર-બહાર પ્રસિદ્ધ (પ્રગટ) થાય તે જીવ હજારોવાર ધન્યવાદ યોગ્ય છે.

પ્રશ્ન—સ્વસમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મપરમાત્માનો અચળ અનુભવ કેવી રીતે થાય?

ઉત્તર—હે શિષ્ય! આ ભુવનમાં તું ઉચ્ચસ્વરથી એવો આલાપ (શબ્દ) કર કે 'તું હી' [ચિત્ર ક્રમાંક: ૧૭] ત્યારે શિષ્યે ગુરુઆજ્ઞા પ્રમાણે તે ભુવન–મંદિરમાં ઉચ્ચસ્વરથી કહ્યું કે 'તું હી' ત્યારે તે જ સમયે પલટાઈને તે જ શિષ્યના કર્ણદ્વારા થઈને અંતઃકરણમાં તેની તે જ પ્રતિધ્વનિ પહોંચી કે 'તું હી.' એટલે એ શિષ્યે પ્રતિધ્વનિ શ્રવણદ્વારા આવો નિશ્ચય ધારણ કર્યો કે સ્વસમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ-પરમાત્મા છે તે જ 'સોઽહં.'

સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ સાંભળો! જેમ કોઈ પુરુષ પાણીથી ભરેલા ઘટમાં સૂર્યનું પ્રતિબિંબ દેખીને સંતુષ્ટ હતો, તેને ખરા સૂર્યને જાણનાર પુરુષે કહ્યું કે તું ઉપર આકાશમાં સૂર્ય છે તેને જો, ત્યારે પેલો પુરુષ ઘટમાં સૂર્ય જોવાનું છોડીને ઉપર આકાશમાં જોવા લાગ્યો ત્યારે ખરા સૂર્યને જોઈ પોતાના અંતઃકરણમાં વિચાર કર્યો કે જેવો ઉપર આકાશમાં સૂર્ય દેખાય છે તેવો જ ઘટમાં સૂર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખાય છે, જેવો અહીં તેવો ત્યાં તથા જેવો ત્યાં તેવો અહીં, અથવા 'ન અહીં કે ન ત્યાં' અર્થાત્ જેવો છે તેવો જ્યાં-ત્યાં છે, તેવી જ રીતે સ્વસમ્યગ્જ્ઞાનમયસૂર્ય છે તે તો જેવો છે તેવો જ્યાં નો ત્યાં સ્વાનુભવગમ્ય છે, જે છે તેને નય-ન્યાય-શબ્દથી તન્મયરૂપ બની રહેલા પંડિતો એ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મપરમાત્માને અનેક પ્રકારથી કલ્પે છે તે વૃથા છે.

જેમ કોઈનો એક પ્રિયપુત્ર બાર વર્ષ પછી પરદેશથી આવ્યો, આવતાંની સાથે માતપિતા-સજ્જનાદિકની સાથે મળતાં તેને જે આનંદ થયો તે આનંદ પછી તો નથી, આનંદનો હેતુ પરદેશમાંથી આવ્યો તે પુત્ર તો વિદ્યમાન છે પરંતુ પ્રથમ મિલાપ વખતે જે પ્રથમ આનંદ થયો હતો તેવો આનંદ હવે નથી. અહીં પ્રથમાનંદ સંભવે છે તે જ આનંદથી સર્વાનંદરૂપ છે, તેવી જ રીતે પ્રથમ સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા પરમાનંદમય પ્રથમ છે તેનાથી ભોગાનંદ, જોગાનંદ, ધર્માનંદ, વિષયાનંદ, હિંસાનંદ, દયાનંદ વગેરે જેટલો આનંદ શબ્દ છે તે બધા સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા--પરમાનંદના સૂચક છે.

જેમ અંધકૂટીમાં (અંધારી કોટડીમાં) બેઠેલો પુરુષ તે કોટડી દ્વારા થઈને બહાર મનુષ્ય-પશુ-પક્ષી-બળદ-ઘોડા આદિ અન્ય છે તેને જાણે છે તથા પોતે પોતાને પણ જાણે છે, તેવી જ રીતે સ્વસમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દૃષ્ટિ છે તે પોતે દેહરૂપ અંધકૂટીમાં બેસી સ્વ-પરને જાણે છે.

જેવું બીજ તેનું તેવું ફળ.

જેમ જે નેત્રથી દેખે છે પણ નેત્રને દેખતો નથી તો તે સ્યાત અંધવત્ છે, તેવી જ રીતે જે જ્ઞાનથી જાણે છે પરંતુ જ્ઞાનને જાણતો નથી તો તે સ્યાત્ અજ્ઞાનવત્ છે.

જેમ નટ નાનાપ્રકારના સ્વાંગ ધારણ કરે છે પરંતુ પોતે પોતાના દિલમાં જાણે છે-માને છે કે—આ જેવો સ્વાંગ છે તેવો હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દષ્ટિ છે તે પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ છે તેને તો સ્વાંગ માનતો નથી-સમજતો નથી પરંતુ જે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ નથી તે બધાયને જ સ્વાંગ જાણે છે-માને છે.

જેમ ઘરને અગ્નિ લાગે તે પહેલાં કૂવો ખોદવો યોગ્ય છે તે જ પ્રમાણે આ દેહઝૂંપડીને કાળઅગ્નિ લાગે તે પહેલાં શ્રીસદ્‌ગુરુવચનોપદેશ દ્વારા આ દેહઝૂંપડીની અંદર, બહાર અને મધ્યમાં નિરંતર સ્વસમ્યગ્જ્ઞાનાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુ છે તેને તન્મયરૂપ સમજી લેવી-માની લેવી યોગ્ય છે.

જેમ ચકવો-ચકવી સંધ્યાકાળે-રાત્રિસમયે અલગ અલગ થઈ જાય છે ત્યાં તેમને દ્વેષભાવથી કોણ અલગ અલગ કરે છે? તથા પ્રાતઃકાલ-સૂર્યોદય થતાં તે ચકવો-ચકવી પરસ્પર મળે છે ત્યાં તેમને કોણ પ્રીતિરાગભાવથી મેળાપ કરાવે છે? એવી જ રીતે જીવ અને અજીવને કોણે પ્રીતિ-રાગભાવથી મેળાપ કરાવ્યો છે? તથા દ્વેષભાવથી અલગ અલગ પણ કોણ કરે છે?

જેમ સોનાના અનેક ભેદ-અલંકાર છે, એ અનેક ભેદ-અલંકારને ગળાવી દઈએ તો એક માત્ર સુવર્ણ જ છે, તે જ પ્રમાણે એક સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાન છે, તેના ભેદ કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન ઇત્યાદિ ભેદ છે તેને ગળાવી દઈએ તો એક માત્ર સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાન જ છે.

જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર કયાં છે? અને સૂર્યને કાઢી લઈએ તો પ્રતિબિંબ કયાં છે? તથા આત્મજ્ઞાનીને આ જગત-સંસાર મૃગજળવત્ છે પણ સૂર્ય ન હોય તો મૃગજળ કયાં છે? એ પ્રમાણે ગુરુઉપદેશદ્વારા પોતાને પોતામાં પોતામય પોતાથી જ ખેંચી લીધા પછી આકાર કયાં છે? એ પ્રમાણે આ જગતસંસાર છે તે ભ્રમ છે, એ ભ્રમ ઉડી ગયો તો જગતસંસાર કયાં છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ જળ, અગ્નિનો સંયોગ પામીને ગરમ છે પરંતુ તે ગરમ છે નહિ. કારણ કે એ જ ગરમ જળને અગ્નિ ઉપર નાખે-પટકે તો અગ્નિ ઉપશમ થઈ જાય છે-બૂઝાઈ જાય છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન છે તે ક્રોધાદિ અગ્નિનો સંયોગ પામીને સંતપ્ત (ગરમ) થઈ જાય છે પરંતુ (ખરી રીતે તે) સંતપ્ત થતું નથી, કારણ કે એ જ સ્વસમ્યગ્જ્ઞાનને ક્રોધાદિક અગ્નિ ઉપર વા જગત-સંસાર ઉપર નાખે-પટકે તો ક્રોધાદિક અગ્નિ તથા જગત-સંસાર ઉપશમ પામી જાય છે.

જેમ સૂર્યનો પ્રકાશ અને આકાશ સર્વત્ર છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન સર્વ ક્ષેત્ર-કાળ-ભવ-ભાવાદિક છે ત્યાં નિશ્ચયનયથી છે.

સ્વસમ્યગ્જ્ઞાનસ્વભાવમાં રાત્રિ-દિવસનો ભેદ સંભવતો નથી તેથી સ્વસમ્યગ્જ્ઞાનનું નામ સદોદય (સદા ઉદયરૂપ) સૂર્ય છે.

જેમ બાળક છોકરો-છોકરી બાળઅવસ્થામાં ગુડાગુડીનો (ઢીંગલા ઢીંગલીનો) ખેલ બનાવીને મૈથુનાદિભોગોપભોગ આભાસ-માત્ર કરે છે; પરંતુ યુવાન અવસ્થા વખતે સાક્ષાત્ મૈથુનાદિભોગોપ-ભોગ એ જ છોકરા-છોકરીને નિશ્ચયથી પ્રાપ્ત થઈ જાય છે ત્યારે પૂર્વે કરેલા ગુડાગુડીના ખેલને અસત્ય જાણી તેને એક ઠેકાણે સમેટી લઈને રાખી દે છે; એ જ પ્રમાણે કોઈને ગુરુઉપદેશ દ્વારા કાળલબ્ધિ પરિપાક થતાં સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસ્વભાવની અચલતા-પરમાવગાઢતા થવા યોગ્ય હતી તે થઈ ચૂકી, હવે તે ધાતુ-પાષાણ-કાષ્ટાદિકની મૂર્તિ જ્યાંની ત્યાં જ બીજા બાળક જેવાઓના માટે રાખી દે છે.

જેમ સમુદ્રનું જળ ખારું છે, પરંતુ એ જ સમુદ્રના કિનારે કૂવો ખોદવામાં આવે તો મીઠું પાણી નીકળે છે, એ જ પ્રમાણે શ્રી ગુરુ-ઉપદેશ પામીને કોઈ સંસારક્ષાર સમુદ્રના કિનારે ખોદશે તો તેને સ્વસમ્યગ્જ્ઞાનરૂપ મીઠા જળનો લાભ થશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજ રાખ સુખ ભોગવે, જ્યોં કિસાન જગમાંહિ,
ત્યોં ચક્રી નૃપ સુખ કરે, ધર્મ વિસારે નાહિ.

એ જ પ્રમાણે કોઈ સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વભાવ બીજને પોતાના પોતામાં પોતામય પોતાની જ પાસે પોતે જ રાખીને પછી (અરુચિથી) સંસારનાં શુભાશુભ ફળ ભોગવે છે તેને સ્વભાવધર્મ કદી કોઈ પ્રકારથી પણ નાશ પામતો નથી.

જેમ વૃક્ષના જડમાં-મૂળમાં ઇચ્છા પ્રમાણે જળ નાખો તોપણ સમયાનુસાર જ ફળ લાગે છે, તેવી જ રીતે મિથ્યાદષ્ટિને ઇચ્છાપ્રમાણ સ્વસમ્યગ્જ્ઞાનોપદેશ આપો તથા સાક્ષાત્ સૂચકવચન કહો કે 'તું જ જિનેન્દ્ર શિવ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્ય છે' એવાં સૂચકવચન કહેવા છતાં પણ મિથ્યાદષ્ટિને સ્વકાળલબ્ધિપાચક થયા વિના સ્વ-સમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા-પરમાવગાઢતા થતી નથી.

જેમ સૂર્ય પ્રકાશ તો કરે છે પણ આંધળો દેખતો નથી ત્યાં સૂર્યનો શો દોષ? તેમ સદ્‌ગુરુ સમ્યગ્જ્ઞાનોપદેશ કરે છે પણ મિથ્યાદષ્ટિ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા ધારણ કરતો નથી તેમાં સદ્‌ગુરુનો શો દોષ?

જેમ દીપક, અન્ય ઘટ-પટાદિક વસ્તુને પ્રગટ કરતો નથી, કારણ કે તે વસ્તુઓ દીપકને એમ કહેતી નથી-પ્રેરણા કરતી નથી કે—હે દીપક! તું અમને પ્રગટ કર! એ જ પ્રમાણે દીપક પણ તે ઘટપટાદિ વસ્તુઓને કહેતો નથી-પ્રેરણા કરતો નથી કે હે ઘટપટાદિક વસ્તુઓ! તમે મને પ્રગટ કરો! એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદીપક છે તે તો અન્ય સંસાર વા તન-મન-ધન-વચનાદિક વસ્તુને વા તન-મન-ધન-વચનાદિકના જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયાકર્મ છે તેને તથા તેનાં શુભાશુભ ફળને પ્રગટ કરતો નથી, કારણ કે આ સંસાર, તન-મન-ધન-વચનાદિકવસ્તુ, વળી એનાં શુભાશુભ વ્યવહાર-ક્રિયાકર્મ તથા એનાં શુભાશુભફળ એ સર્વ સ્વસમ્યગ્જ્ઞાનદીપકને એમ કહેતાં નથી-પ્રેરણા કરતાં નથી કે હે સ્વસમ્યગ્જ્ઞાનદીપક! તું અમને પ્રગટ કર!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદીપક છે તે પણ આ સંસારને, તન-મન-ધન-વચનાદિ વસ્તુને, તેનાં જેટલાં શુભાશુભ-વ્યવહાર-ક્રિયાકર્મ છે તેને અને તેનાં જેટલાં શુભાશુભફળ છે તેને એમ કહેતો નથી-પ્રેરણા કરતો નથી કે હે સંસાર, તન-મન-ધન-વચનાદિક વસ્તુ, તન-મન-ધન-વચનાદિ વસ્તુનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયાકર્મ, અને તેનાં શુભાશુભ ફળો ! તમે મને પ્રગટ કરો.

જેમ બાજીગર અનેક પ્રકારના તમાસા-ચેષ્ટા કરે છે પરંતુ પોતે પોતાના દિલમાં જાણે છે કે હું જેમ આ તમાસા-ચેષ્ટાઓ કરું છું તેવો હું મૂળ સ્વભાવથી જ નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દૃષ્ટિ, આખા સંસારનાં શુભાશુભકર્મ-ચેષ્ટા કરે છે પરંતુ પોતે પોતાના દિલમાં નિશ્ચયથી જાણે છે કે—જેવો હું આ સંસારનાં શુભાશુભકર્મ-ચેષ્ટા કરું છું તેવો તન્મય ( તેમય ) કદી કોઈ પ્રકારથી પણ હું નથી અર્થાત્ જેવાં કર્મ-ચેષ્ટા કરું છું તેવો હું મૂળ સ્વભાવથી જ નથી.

જેમ બાજીગર, મિથ્યા મૃગજળવત્ આમ્રવૃક્ષ લગાવે છે તેને દેખીને કોઈ ( પિતાએ ) પુત્રને કહ્યું કે હે પુત્ર! વા હે બાજીગર! આમ્રવૃક્ષ લગાવ્યું તે મિથ્યા છે, પરંતુ તે પુત્રનો પિતા પેલા બાજીગરને મિથ્યા નથી જાણતો; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મને તો મિથ્યા જાણે છે પરંતુ જે કર્મથી અતન્મય ( અતદ્રૂપ ) થઈ કર્મને કરે છે તેને મિથ્યા નથી જાણતો-નથી માનતો-નથી કહેતો.

જેમ ખડી-પાંડુ પોતે સ્વયં જ શ્વેત છે અને પર જે ભીંત-આદિને શ્વેત કરે છે પરંતુ પોતે એ ભીંતાદિથી તન્મયરૂપ થતી નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન છે તે સર્વ સંસાર આદિને ચેતનવત્ કરી રાખે છે પરંતુ પોતે સંસારઆદિથી તન્મય થતો નથી.

જેમ જેલખાનામાં બેડીથી બંધાયેલા તસ્કરાદિ ( ચૌરાદિ ) પણ છે, અને તે જ જેલખાનામાં નિર્બંધ સિપાઈ-જમાદાર-ફોજદાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ છે, તેવી જ રીતે સંસારકારાગૃહમાં મિથ્યાદષ્ટિ તો કર્મબંધસહિત છે તથા સ્વસમ્યગ્દષ્ટિ કર્મબંધરહિત છે.

દૃષ્ટાંતમાં તર્ક કરે છે તેને સ્વભાવસમ્યગ્જ્ઞાનનો લાભ થતો નથી.

જેમ સરબતમાં સાકર, ઇલાયચી, દૂધ, કાળાંમરી, બદામબીજ, કેશર અને જળ મિશ્રિત પદાર્થો છે તે બધાય પોતપોતાના સ્વભાવ-ગુણલક્ષણમાં મગ્ન છે તોપણ (એ બધાનું) એક સરબત નામ છે, એ જ પ્રમાણે જીવ, પુદ્ગલ. ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાલદ્રવ્ય એ છ (દ્રવ્ય)મય સંસાર છે તેમાં જ્ઞાનગુણ જીવમાં છે અન્ય પાંચ દ્રવ્યમાં નથી.

જેમ સમુદ્રમાં અનેક નદી-નાળાનાં જળ જાય છે તેમાં એવો ભાગ નથી કે કે—'આ જળ તો અમુક નદીનું છે અને આ જળ અમુક નદીનું છે'. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસમુદ્રમાં એવો વિભાગ નથી કે—'આ જ્ઞાન તો જૈનનું છે, આ જ્ઞાન વિષ્ણુનું છે, આ જ્ઞાન શિવનું છે, આ જ્ઞાન બૌદ્ધનું, આ નૈયાયિકનું, આ ચાર્વાકનું, આ પાતંજલિનું અને આ સાંખ્યનું છે, ઇત્યાદિક પણ ભાગ, વિધિ, નિષેધ સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાર્ણવમાં સંભવતા નથી.

જેમ કોઈ પુરુષ સંન્નિપાતસહિત પોતાના ઘરમાં સૂતો છે અને ભ્રમ-ભ્રાંતિસહિત કહે છે કે—'હું મારા ઘરમાં જાઉં છું' એ જ પ્રમાણે સ્વયં જ્ઞાનમય જીવ પોતાના જ્ઞાનમય સ્વભાવ મોક્ષથી જુદો નથી તોપણ ભ્રમ-ભ્રાંતિથી મોક્ષમાં જવાની ઇચ્છા કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# કેવળ દૃષ્ટાંત-સંગ્રહ પ્રારંભ

હવે આગળ ફક્ત-માત્ર દૃષ્ટાંત દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યનો અચળ અનુભવ લેવો.

નમો જ્ઞાનસિદ્ધાંતને, નમો જ્ઞાન શિવરૂપ;
ધર્મદાસ વંદન કરે, દેખ્ય આત્માભૂપ.

પ્રશ્ન:—સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા કેવો છે અને તે કેવી રીતે પમાય?

તેનો ઉત્તર દૃષ્ટાંતદ્વારા કહે છે: આ આત્મા સ્વસમ્યગ્જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ અનંતધર્માત્મક એક દ્રવ્ય છે, તે અનંતધર્મ અનંત નયથી ગમ્ય છે, અનંત નય છે તે સર્વ શ્રુતજ્ઞાન છે, એ શ્રુતજ્ઞાન-પ્રમાણથી અનંતધર્માત્મક આત્મા જાણીએ છીએ, માટે નયોવડે સ્વભાવ સમ્યગ્જ્ઞાન વસ્તુ દર્શાવીએ છીએ. એ જ આત્મા દ્રવ્યાર્થિક-નયથી ચિન્માત્ર (ચૈતન્યમાત્ર) છે. દૃષ્ટાંત:—જેમ વસ્ત્ર એક છે તેમ સ્વભાવ સમ્યગ્જ્ઞાનમય આત્મા એક છે.

જેમ વસ્ત્ર, સુતર તંતુ આદિ વડે અનેક છે, તે જ પ્રમાણે સ્વ-સમ્યગ્જ્ઞાનમય આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, સત્તા, ચેતન અને જીવત્વાદિથી અનેક છે.

જેમ લોહમય બાણ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવથી અસ્તિ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા પોતાના પોતામાં પોતામય પોતે જ દ્રવ્ય છે, પોતામાં જ પોતે રહે છે માટે પોતે જ ક્ષેત્ર (છે.) પોતે પોતામાં જ વર્તે છે માટે પોતે જ કાળ (છે), પોતે જ પોતાના સ્વભાવમાં છે માટે પોતે જ ભવ-ભાવથી અસ્તિ છે.

જેમ લોહમય બાણ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવાદિ વડે નાસ્તિ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવાદિથી નાસ્તિ છે.

જેમ દર્પણમાં સ્વમુખ ન જુઓ તોપણ સ્વમુખ છે, તથા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્પણમાં પોતાનું મુખ જુઓ તોપણ સ્વમુખ તેવું જ છે, એ જ પ્રમાણે હે સ્વસમ્યગ્જ્ઞાન! તું તને સંસાર-જગત્, જન્મ-મરણ, નામ-અનામ, બંધ-મોક્ષ અને સ્વર્ગ-નરકાદિમાં ન દેખે તોપણ તું અનાદિ અનંત નિરંતર સમ્યગ્જ્ઞાન જ છે, વળી હે સ્વસમ્યગ્જ્ઞાન! તું તને સૂર્ય-પ્રકાશવત્ એક તન્મય તારા તારાપણાની જ અંદર તું જ તને દેખે તોપણ તું તેનો તે જ અનાદિ અનંત નિરંતર સ્વસમ્યગ્જ્ઞાન જ છે.

જેમ કોઈ પોતાના હાથથી પોતાના જ સ્વસ્થાનમાં પોતાની જ નિજપેટી-તિજોરીમાં રત્ન રાખે, રાખીને પછી તે અન્ય વૃત્તિમાં લાગી જાય ત્યારે તે રત્નને ભૂલી પણ જાય છે પરંતુ જ્યારે યાદ કરે તે વેળા જ તે રત્ન તેને અનુભવમાં આવે છે, એ જ પ્રમાણે કોઈ શિષ્યને શ્રી સદ્‌ગુરુવચનોપદેશદ્વારા અને કાળલબ્ધિ પાચકદ્વારા સ્વ-સ્વરૂપ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થવા યોગ્ય હતો તે થઈ ગયો પરંતુ જ્યારે અન્ય વૃત્તિમાં લાગી જાય ત્યારે તે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવને ભૂલી પણ જાય છે પરંતુ જ્યારે યાદ કરે ત્યારે સાક્ષાત તે સ્વાનુભવમાં આવે છે. તેનાં જ ત્રણ દૃષ્ટાંત છે કે—જેમ એક વાર ચંદ્રને દીઠા પછી ચંદ્રનો અનુભવ જતો નથી. એક વાર ગોળને ખાધા પછી ગોળનો અનુભવ જતો નથી તથા એકવાર ભોગ ભોગવ્યા પછી ભોગનો અનુભવ જતો નથી.

જેમ કોઈ દર્પણને સદાકાળ પોતાના હાથમાં રાખીને, દર્પણના પૃષ્ઠભાગને (પાછલા ભાગને) વારંવાર દેખે છે, પણ એનાથી પોતાનું મુખ દેખાતું નથી; પરંતુ એ દર્પણના પૃષ્ઠભાગને પલટી સ્વચ્છદર્પણમાં પોતાનું મુખ જુએ (તો તુરંત જ) સ્વમુખ દેખે; એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ આ સંસાર તન-મન-ધન-વચનની તરફ અને તન-મન-ધન-વચનાદિનાં જેટલાં શુભાશુભ વ્યવહારક્રિયાકર્મ તથા તેનાં શુભાશુભ ફલ તરફ જુએ છે પણ એ રસ્તે સ્વસમ્યગ્જ્ઞાન નથી દેખાતું-નથી સ્વાનુભવમાં આવતું, પરંતુ આ સંસાર-તન-મન-ધન-વચનાદિની તરફ દેખવાનું છોડીને સ્વસમ્યગ્જ્ઞાન તરફ નિશ્ચયથી દેખે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો સ્વસમ્યગ્જ્ઞાન જ દેખાય અને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા-પરમાવગાઢતા થાય.

લોકાલોકને જાણવાની તથા નહિ જાણવાની એ બંને કલ્પનાને સહજસ્વભાવથી જ જે જાણે છે તે જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

જેમ લીલારંગની મેંદીમાં લાલરંગ છે પરંતુ તે દેખાતો નથી. પત્થરમાં અગ્નિ છે પરંતુ તે દેખાતી નથી. દૂધમાં ઘી છે પરંતુ દેખાતું નથી. તલમાં તેલ છે પરંતુ દેખાતું નથી. ફૂલમાં સુગંધ છે દેખાતી નથી. પરંતુ એ જ પ્રમાણે જગતમાં સ્વસમ્યગ્જ્ઞાનમય જગદીશ્વર છે પરંતુ ચર્મનેત્રદ્વારા દેખાતો નથી પણ કોઈને શ્રી સદ્‌ગુરુવચનોપદેશ દ્વારા-કાળલબ્ધિ પાચકદ્વારા સ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ સ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવમાં અચળ દેખાય છે.

જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાનાં ઘરનાં કામકાજ કરે છે પરંતુ તેનું ચિત્ત (મન) વ્યભિચારી પુરુષ તરફ લાગી રહ્યું છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિ પૂર્વકર્મ પ્રયોગથી સંસારી કામકાજ કરે છે પરંતુ તેનું ચિત્ત (મન) સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા તરફ લાગી રહે છે.

જેમ જે સ્ત્રીના માથે ભરથાર છે, કદાચિત્ તે સ્ત્રી પરપુરુષના નિમિત્તથી ગર્ભ પણ ધારણ કરે તોપણ તેને દોષ લગાડી શકાતો નથી, એ જ પ્રમાણે કોઈ પુરુષના મસ્તકથી તન્મયરૂપ મસ્તક ઉપર સ્વસમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મપરમાત્મા છે તે પુરુષ કદાચિત્ કર્મવશ દોષ પણ ધારણ કરે તો તે પુરુષને દોષ લાગતો નથી. મહાન્ (પુરુષના) શરણનું એ જ ફળ છે.

જેમ મૂકપુરુષના મૂખમાં ગોળનો કટકો મૂકી પછી તે મૂકપુરુષને પૂછો કે—હે મૂક! ગોળ કેવો મીઠો છે? અહીં એ મૂકપુરુષને ગોળનો મિષ્ટ અનુભવ તો છે પરંતુ તે કહી શકતો નથી, એ જ પ્રમાણે કોઈને ગુરુવચનોપદેશ દ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અચળતા–પરમાવગાઢતા હોવા યોગ્ય હતી તે થઈ ચૂકી પરંતુ તે કહી શકતો નથી.

જેમ હાથીના દાંત બહાર જોવાના જુદા છે તથા અંદર ચાવવાના, ખાવાના જુદા છે, એ જ પ્રમાણે જૈન ઋષિ, મુનિ, આચાર્યના રચેલા સિદ્ધાંતશાસ્ત્ર સૂત્ર પુરાણાદિક છે તે તો હાથીના બહારના દાંત જેવા સમજવા તથા અંદરનો ખરો આશય જેનો જે તે જાણે છે.

બંધનો વિલાસ પુદ્ગલમાં નાખવો (ખતવવો) તથા દેહનો વિકાર તમે દેહ માથે નાખો (ખતવવો).

જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન છે તે તો તન–મન–ધન–વચનાદિકથી તન્મયરૂપ-તત્સ્વરૂપ કદાપિ નથી છતાં ફરીથી શ્રીગુરુ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા–અવગાઢતા–નિશ્ચયતા કરી દે છે, ધન્ય છે શ્રીગુરુને! સહસ્રવાર ધન્ય છે!!

જેમ જૈન–વૈષ્ણવ–બૌદ્ધ-શિવાદિક કોઈ પણ હો છતાં જે ચોરી કરશે તે બંધમાં પડશે, એ જ પ્રમાણે કોઈ પણ હો છતાં જે કોઈ શ્રી ગુરુવચનોપદેશદ્વારા વા કાળલબ્ધિપાચકદ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા–પરમાવગાઢતા ધારણ કરશે તે જ સંસારભ્રમજાળથી ભિન્ન થઈને સદાકાળ સુખાનુભવમાં મગ્ન રહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# નયદ્વારા આત્મવસ્તુ વિવરણ

**પ્રશ્ન:—આત્મા કેવો છે અને તે કેવી રીતે પમાય?**

દ્રષ્ટાંતદ્વારા ઉત્તર—આ આત્મા ચેતનસ્વરૂપ અનંતધર્માત્મક એક દ્રવ્ય છે, તે અનંતધર્મ અનંતનયનો વિષય છે, અનંતનય બધા શ્રુતજ્ઞાન છે, અને એ શ્રુતજ્ઞાન-પ્રમાણવડે આત્માને અનંતધર્માત્મક જાણીએ છીએ તેથી નયદ્વારા વસ્તુ દર્શાવીએ છીએઃ-(એક આત્મા એકકાળે બધા નયો લાગુ થાય છે.)

દ્રવ્યાર્થિકનયથી એ જ આત્મા ચિન્માત્ર છે, જેમ વસ્ત્ર એક છે. ૧.

તથા પર્યાયાર્થિકનયથી એ જ આત્મા જ્ઞાન-દર્શનાદિરૂપથી અનેક સ્વરૂપ છે, જેમ એ જ વસ્ત્ર સુતરના તંતુઓ દ્વારા અનેક છે. ૨.

એ જ આત્મા અસ્તિત્વનય વડે સ્વદ્રવ્ય-ક્ષેત્ર--કાળ-ભાવોથી અસ્તિત્વરૂપ છે, જેમ લોહનું બાણ પોતાના દ્રવ્યાદિ ચતુષ્ટયવડે અસ્તિત્વરૂપ છે, તેમાં લોખંડ તો દ્રવ્ય છે, તે ધનુષ અને દોરાની વચ્ચે રહે છે તેથી તે બાણનું ક્ષેત્ર છે, જે સાધવાનો સમય છે તે કાળ છે અને નિશાનની સામે છે તે ભાવ છે, એ પ્રમાણે પોતાના ચતુષ્ટય વડે લોહમય બાણ અસ્તિત્વરૂપ છે; એ રીતે સ્વચતુષ્ટય વડે આત્મા અસ્તિત્વરૂપ છે. ૩

એ જ આત્મા નાસ્તિત્વનયથી પરદ્રવ્ય-ક્ષેત્ર--કાળ-ભાવથી નાસ્તિત્વરૂપ છે, જેમ એ જ લોહમય બાણ પરચતુષ્ટયથી લોહમય નથી, ધનુષ અને દોરાની વચ્ચે પણ નથી, સાધવાની સ્થિતિમાં નથી અને નિશાનની સામે નથી, એ પ્રમાણે એ જ લોહમય બાણ પરચતુષ્ટયનયથી નાસ્તિત્વરૂપ છે. એ પ્રમાણે પરચતુષ્ટયથી આત્મા નથી. ૪

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ આત્મા અસ્તિ-નાસ્તિત્વનયથી સ્વચતુષ્ટય-પરચતુષ્ટયના ક્રમવડે અસ્તિ-નાસ્તિરૂપ છે, જેમ એ જ બાણ સ્વચતુષ્ટય-પરચતુષ્ટયની ક્રમપૂર્વક વિવક્ષાથી અસ્તિ-નાસ્તિરૂપ હોય છે. ૫

એ જ આત્મા અવક્તવ્યનયથી એક જ સમયમાં સ્વચતુષ્ટય-પરચતુષ્ટય વડે અવક્તવ્ય છે, જેમ એ જ બાણ સ્વ-પરચતુષ્ટય વડે અવક્તવ્ય સાધે છે. ૬

એ જ આત્મા અસ્તિ અવક્તવ્યનયથી સ્વચતુષ્ટયથી તથા એક જ વાર સ્વ-પરચતુષ્ટયથી અસ્તિ અવક્તવ્યરૂપ બાણના દૃષ્ટાંતથી સમજવું. ૭

નાસ્તિ અવક્તવ્યનયથી એ જ આત્મા, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અને એક જ સમયે સ્વ-પરચતુષ્ટયથી નાસ્તિ અવક્તવ્યરૂપ બાણના દૃષ્ટાંતથી સમજવો. ૮

અસ્તિ-નાસ્તિ અવક્તવ્યનયથી એ જ આત્મા, સ્વચતુષ્ટય વડે પરચતુષ્ટય વડે તથા એક જ વાર સ્વ-પરચતુષ્ટય વડે બાણની માફક અસ્તિ-નાસ્તિ અવક્તવ્યરૂપ સિદ્ધ થાય છે. ૯

વિકલ્પનયથી એ જ આત્મા, ભેદ સહિત છે, જેમ એક પુરુષ, કુમાર, બાળક, યુવાન અને વૃદ્ધના ભેદોથી સવિકલ્પ થાય છે. ૧૦

અવિકલ્પનયથી એ જ આત્મા અભેદરૂપ છે, જેમ એ જ પુરુષ અભેદરૂપ છે. ૧૧

નામનયથી એ જ આત્મા શબ્દબ્રહ્મદ્વારા નામ લઈને કહેવામાં આવે છે. ૧૨

સ્થાપનાનયથી એ જ આત્માને પુદ્ગલના આલંબનદ્વારા સ્થાપિત કરવામાં આવે છે. જેમ મૂર્તિક પદાર્થનું સ્થાપન કરવામાં આવે છે. ૧૩

દ્રવ્યનયથી એ જ આત્મા અતીત-અનાગત-પર્યાયવડે કહેવામાં આવે છે, જેમ કે શ્રેણિકરાજા તીર્થંકર મહારાજ છે. ૧૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવનયથી એ જ આત્મા જે ભાવરૂપ પરિણમે છે તે ભાવથી તન્મય થઈ જાય છે, જેમ પુરુષ સમાન વિપરીત સંભોગમાં પ્રવર્તતી સ્ત્રી તે પર્યાયરૂપ થાય છે, એ પ્રમાણે આત્મા (પણ) વર્તમાન પર્યાયરૂપ થાય છે. ૧૫

સામાન્યનયથી એ જ આત્મા પોતાના સમસ્ત પર્યાયોમાં વ્યાપ્યો છે, જેમ હારનું સુતર સર્વ મોતીઓમાં વ્યાપ્યું છે. ૧૬

વિશેષનયથી એ જ આત્મા એક પર્યાય દ્વારા કહેવામાં આવે છે, જેમ એ જ હારમાંનું એક મોતી બધા હારમાં અવ્યાપી છે. ૧૭

નિત્યનયથી એ જ આત્મા ધ્રુવસ્વરૂપ છે, જેમ નટ જોકે અનેક સ્વાંગ ધારે છે તોપણ એ જ નટ એક છે, એ પ્રમાણે નિત્ય છે. ૧૮

અનિત્યનયથી એ જ આત્મા અવસ્થાંતરવડે અનવસ્થિત છે, જેમ એ જ નટ રામ-રાવણાદિના સ્વાંગ દ્વારા અન્યનો અન્ય થઈ જાય છે. ૧૯

સર્વગતનયથી તે જ આત્મા સકલ પદાર્થવર્તી છે, જેમ ખુલ્લી આંખ સમસ્ત ઘટ પટાદિ પદાર્થોમાં પ્રવર્તે છે. ૨૦

અસર્વગતનયથી તે જ આત્મા પોતાને વિષે જ પ્રવર્તે છે, જેમ બંધ કરેલાં નેત્ર પોતાનામાં જ મોજૂદ છે. ૨૧

શૂન્યનયથી તે જ આત્મા કેવલ એક જ શોભાયમાન છે, જેમ શૂન્ય મકાન એક જ છે. ૨૨

અશૂન્યનયથી તે જ આત્મા અનેકોથી મળેલો શોભે છે, જેમ અનેક લોકોથી ભરેલી નૌકા શોભે છે. ૨૩

જ્ઞાન-જ્ઞેયના અભેદકથનરૂપ નયથી તે જ આત્મા એક છે, જેમ અનેક ઇંધનાકાર પરિણમેલો અગ્નિ એક જ છે. ૨૪

જ્ઞાન-જ્ઞેયના ભેદકથનરૂપ નયથી તે જ આત્મા અનેક છે, જેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્પણ અનેક ઘટ-પટાદિ પદાર્થોના પ્રતિબિંબોથી અનેકરૂપ થાય છે. ૨૫

નિયતનયથી તે જ આત્મા પોતાના નિશ્ચિત સ્વભાવ સહિત હોય છે, જેમ પાણી પોતાના સહજ સ્વભાવથી શીતળતા સહિત હોય છે. ૨૬

અનિયતનયથી અનિશ્ચિતસ્વભાવરૂપ છે, જેમ પાણી અગ્નિના સંબંધથી ઉષ્ણ થઈ જાય છે. ૨૭

સ્વભાવનયથી કોઈનો બનાવેલો તે નથી, જેમ કાંટો સ્વભાવથી જ કોઈનો વગર બનાવ્યો જ તીક્ષ્ણ હોય છે. ૨૮

અસ્વભાવનયથી તે કોઈના દ્વારા સંસ્કાર પામેલો હોય છે, જેમ લોખંડનું બાણ બનાવવાથી તીક્ષ્ણ થાય છે. ૨૯

કાળનયથી કાળના આધીન સિદ્ધિ થાય છે, એવો છે, જેમ ગ્રીષ્મકાળ (ગરમી)ના અનુસાર ડાળ (ઉપરનું) આમ (કેરી) સહજમાં પાકી જાય છે. ૩૦.

અકાળનયથી તે જ આત્માને કાળને, આધીન સિદ્ધિ (થતી) નથી, જેમ કૃત્રિમ ઘાસની ગરમીથી પાલમાં કેરી પાકી જાય છે. ૩૧

પુરુષાકારનયથી યત્નપૂર્વક સિદ્ધિ થાય છે, જેમ મધ ઉત્પન્ન કરવા માટે કાષ્ટના છેદમાં એક મધુમક્ષિકા રાખવામાં આવે છે, તે મક્ષિકાના શબ્દથી બીજી મધુમક્ષિકાઓ આવી આવીને પોતાની મેળે જ મધપુડો બનાવે છે. એ પ્રમાણે પ્રયત્નથી પણ મધની સિદ્ધિ થાય છે. તેમ યત્નથી પણ દ્રવ્યની સિદ્ધિ થાય છે. ૩૨.

દૈવનયથી યત્ન વિના પણ સાધ્યની સિદ્ધિ થાય છે, જેમ યત્ન તો કર્યો હતો મધ માટે પરંતુ દૈવયોગથી તે મધુછત્તા (મધપુડા)માંથી માણેકરત્નની પ્રાપ્તિ થઈ ગઈ, એ પ્રમાણે યત્ન વિના પણ (સાધ્ય)ની સિદ્ધિ થાય છે. ૩૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈશ્વરનયથી પરાધીન થયો થકો ભોગવે છે, જેમ બાળક ધાયને આધીન થઈને ખાન-પાન ક્રિયા કરે છે. ૩૪

અનીશ્વરનયથી સ્વાધીન ભોક્તા છે, જેમ સ્વેચ્છાચારી સિંહ મૃગોને મારી ખાન-પાન ક્રિયા કરે છે. ૩૫

ગુણનયથી ગુણોને ગ્રહણ કરવાવાળો છે, જેમ ઉપાધ્યાય દ્વારા ભણાવેલો કુમાર ગુણગ્રાહી થાય છે. ૩૬

અગુણનયથી તે માત્ર સાક્ષીભૂત છે-ગુણગ્રાહી નથી, જેમ અધ્યાપક દ્વારા ભણાવેલા કુમારનો રક્ષક પુરુષ ગુણગ્રાહી થતો નથી. ૩૭

કર્તાનયથી તે રાગાદિભાવોનો કર્તા છે, જેમ રંગરેજ રંગનો કરવાવાળો હોય છે. ૩૮

અકર્તાનયથી રાગાદિભાવોનો કરવાવાળો નથી, પણ સાક્ષીભૂત છે, જેમ રંગરેજ જ્યારે અનેક રંગ કરે છે ત્યારે કોઈ તમાસો જોવા-વાળો તો માત્ર તમાસો જ દેખે છે પણ કર્તા થતો નથી. ૩૯

ભોક્તાનયથી તે સુખ-દુઃખનો ભોક્તા છે, જેમ હિત-અહિત પથ્યને લેનાર રોગી સુખ-દુઃખને ભોગવે છે. ૪૦

અભોક્તાનયથી સુખ-દુઃખનો ભોક્તા નથી પણ માત્ર સાક્ષીભૂત છે, જેમ હિત-અહિત પથ્યને ભોગવવાવાળા રોગીના તમાસાને જોવાવાળો વૈદ્યનો નોકર (માત્ર) સાક્ષીભૂત છે. ૪૧

ક્રિયાનયથી ક્રિયાની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ કોઈ અંધે મહાકષ્ટથી કોઈ પાષાણના થંભને પામીને પોતાનું માથું ફોડયું, ત્યાં તો તે અંધના મસ્તકમાં જે રક્તવિકાર હતો તે દૂર થઈ ગયો અને તેથી તેની આંખો ઉઘડી ગઈ, વળી તે જગ્યાએથી તેને ખજાનો મળ્યો, એ પ્રમાણે ક્રિયાકષ્ટ કરીને પણ વસ્તુની પ્રાપ્તિ થાય છે. ૪૨

જ્ઞાનનયથી વિવેકની જ પ્રધાનતાથી વસ્તુની સિદ્ધિ થાય છે, જેમ કોઈ રત્નના પરીક્ષકપુરુષે કોઈ અજ્ઞાની ગરીબ પુરુષના હાથમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિંતામણિરત્ન દીઠું ત્યારે તે ગરીબ પુરુષને બોલાવી પોતાના ઘરના ખુણામાંથી એક મુઠી ચણાનું અન્ન આપી તેના બદલામાં ચિંતામણિ-રત્ન તેણે લઈ લીધું, એ પ્રમાણે ક્રિયાકષ્ટ વિના પણ વસ્તુની સિદ્ધિ થાય છે. ૪૩

વ્યવહારનયથી આ આત્મા પુદ્‌ગલ સાથે બંધ–મોક્ષ અવસ્થાની દ્વિધામાં પ્રવર્તે છે, જેમ એક પરમાણુ બીજા પરમાણુથી બંધાય છે–છૂટે છે, તેમ આ આત્મા બંધ-મોક્ષ અવસ્થાને પુદ્‌ગલની સાથે ધારણ કરે છે. ૪૪

નિશ્ચયનયથી પરદ્રવ્યવડે બંધ-મોક્ષ અવસ્થાની દ્વિધાને ધારણ કરતો નથી પણ માત્ર પોતાના જ પરિણામથી બંધ-મોક્ષ અવસ્થાને ધારણ કરે છે, જેમ એકલો પરમાણુ બંધ-મોક્ષ અવસ્થા યોગ્ય પોતાના સ્નિગ્ધ-રૂક્ષગુણપરિણામને ધારતો થકો બંધ-મોક્ષ અવસ્થાને ધારણ કરે છે. ૪૫

અશુદ્ધનયથી આ આત્મા ઔપાધિક ભેદસ્વભાવસહિત છે, જેમ એક મૃતિકા ઘડો–સરાવા આદિ અનેક ભેદ સહિત હોય છે. ૪૬

શુદ્ધનયથી ઉપાધિરહિત અભેદસ્વભાવરૂપ છે, જેમ મૃતિકા ભેદસ્વભાવરહિત કેવલ મૃતિકા જ છે. ૪૭

—ઇત્યાદિ અનંત નયોથી વસ્તુની સિદ્ધિ થાય છે. વસ્તુને અનેક પ્રકારથી વચનવિલાસથી દર્શાવવામાં આવે છે, જેટલા વચન છે તેટલા જ નય છે અને જેટલા નય છે તેટલા જ મિથ્યાવાદ છે. શ્લોક :—

य एव मुक्त्वा नयपक्षपातं स्वरूपगुप्तानिवसंति नित्यम् ।
विकल्पजालच्युतशान्तचित्तास्तएवसाक्षादमृतं पिबन्ति ॥
एकस्यबद्धोनतथापरस्य चितिद्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्तिनित्यं खलु चिच्चिदेव ॥

ઇત્યાદિ૦

કારણ કે—એક નયને સર્વથા માનીએ તો મિથ્યાવાદ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા જો કથંચિત્ માનીએ તો યથાર્થ અનેકાંતરૂપ સર્વજ્ઞ વચન થાય માટે એકાંતતાનો નિષેધ છે. એક જ વસ્તુ અનેક નયવડે સાધીએ છીએ.

આ આત્મા નય અને પ્રમાણથી જાણવામાં આવે છે, જેમ એક સમુદ્રને જ્યારે જુદા જુદા નદીઓનાં જળો વડે સાધવામાં આવે ત્યારે ગંગા-જમના આદિના શ્વેત-નીલા જળોનાં ભેદથી તે એક એક સ્વભાવને ધારણ કરે છે, તેમ આ આત્મા નયોની અપેક્ષા એક એક સ્વરૂપને ધારે છે, અને જેમ એ જ સમુદ્ર અનેક નદીઓનાં જળથી સમુદ્ર જ છે—તેમાં ભેદ નથી—અનેકાંત એક વસ્તુ છે, તેમ આ આત્મા પ્રમાણ વિવક્ષાથી અનંત સ્વભાવમય એક દ્રવ્ય છે, એ પ્રમાણે આ આત્મા એક-અનેક સ્વરૂપ નય-પ્રમાણથી સાધવામાં આવે છે. નયોથી તો એક સ્વરૂપ દર્શાવીએ છીએ. તથા પ્રમાણ વડે અનેક સ્વરૂપ આદિ પામીએ છીએ. એ પ્રમાણે 'સ્યાત્' પદની શોભા વડે ગર્ભિત નયોના સ્વરૂપથી તથા અનેકાંતરૂપ પ્રમાણથી (વસ્તુ) અનંતધર્મસંયુક્ત છે. શુદ્ધ ચિન્માત્ર વસ્તુને જે પુરુષ અવધારે છે તે પુરુષ સાક્ષાત્ આત્મસ્વરૂપનો અનુભવી થાય છે, એ પ્રમાણે આત્મદ્રવ્યનું સ્વરૂપ જાણવું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આત્મપ્રાપ્તિનો પ્રકાર

હવે તે આત્માની પ્રાપ્તિનો પ્રકાર દર્શાવીએ છીએ :—

આ આત્મા અનાદિ કાળથી લઈને પુદ્દગલકર્મના નિમિત્તથી મોહમદિરા પીને મગન કરતો થકો ઘૂમે છે, સમુદ્રની માફક પોતાને વિષે જ વિકલ્પ (રૂપ) તરંગો વડે મહા ક્ષોભિત છે. ક્રમપૂર્વક પ્રવર્તતા જે ઇન્દ્રિયજ્ઞાનના અનંત ભેદોથી સદાકાળ પલટનાને પ્રાપ્ત થાય છે પણ એકરૂપ નથી. અજ્ઞાનભાવથી પરરૂપ બાહ્યપદાર્થોમાં આત્મબુદ્ધિ કરી મૈત્રીભાવ કરે છે, આત્મવિવેકની શિથિલતા કરી કદી સર્વથા બહિર્મુખ થયો છે, વાર વાર પૌદ્દગલિકકર્મને ઉપજાવવાવાળા જે રાગ-દ્વેષભાવ છે તેની દ્વૈતતામાં પ્રવર્તે છે, એ પ્રમાણે તો આત્માને શુદ્ધ સચ્ચિદાનંદપરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય? ક્યાંથી થાય? પરંતુ એ જ આત્મા જો અખંડ જ્ઞાનના અભ્યાસથી અનાદિ પૌદ્દગલિકકર્મથી ઉપજાવેલો જે આ મિથ્યાત્વમોહ તેને પોતાનો ઘાતક જાણી ભેદવિજ્ઞાન વડે પોતાનાથી જુદો કરી કેવલ આત્મસ્વરૂપની ભાવના નિશ્ચય-સ્થિર થાય તો પોતાના સ્વરૂપમાં નિસ્તરંગ સમુદ્રની માફક નિષ્કંપ થઈ બિરાજે છે.

એક જ વાર તૃપ્ત થયો છે જે અનંત જ્ઞાન શક્તિનો ભેદ, તેનાથી પલટતો નથી. પોતાના જ્ઞાનની શક્તિઓ વડે બાહ્ય પરરૂપ જ્ઞેયપદાર્થોમાં મૈત્રીભાવ કરતો નથી. નિશ્ચલ આત્મજ્ઞાનના વિવેક વડે અત્યંત સ્વરૂપ-સન્મુખ થયો છે, પૌદ્દગલિક કર્મબંધનના કારણ જે રાગ-દ્વેષ ભાવ છે તેની દુવિધાથી દૂર રહે છે, એવો જે પરમાત્માનો આરાધક પુરુષ છે તે ભગવાન આત્મા કે જે પૂર્વે અનુભવ્યો જ નહોતો તેવો જ્ઞાનાનંદસ્વભાવ છે, પરમબ્રહ્મ છે તેને પ્રાપ્ત થાય છે. પોતે જ સાધક છે, પોતે જ સાધ્ય છે, અવસ્થાના ભેદથી સાધ્ય-સાધક ભેદ છે.

આ સમસ્ત જે જગતજીવ છે તે પણ જ્ઞાનાનંદસ્વરૂપ જે પરમાત્મજ્ઞાન છે તેને પ્રાપ્ત થાઓ! અને આનંદરૂપ જે અમૃતજળ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેના પ્રભાવથી પરિપૂર્ણ જે વહી રહી છે તે કેવળજ્ઞાનરૂપ નદીમાં જે આત્મતત્ત્વ મગ્ન થઈ રહ્યું છે, તથા જે તત્ત્વ સંપૂર્ણ લોક-અલોક દેખવાને સમર્થ છે, જે તત્ત્વજ્ઞાન વડે પ્રધાન છે, તત્ત્વ અમૂલ્ય શ્રેષ્ઠ મહારત્નની માફક અતિ શોભાયમાન છે, જે તત્ત્વ લોકાલોકથી અલગ છે ( અર્થાત્ ) જેવો લોકાલોક છે તેવું એ તત્ત્વ નથી, અને જેવું એ તત્ત્વ છે તેવો લોકાલોક નથી, લોકાલોક અને એ તત્ત્વને સૂર્ય અંધકાર જેવું અંતર છે, છતાં એ તત્ત્વ લોકાલોકને દેખવા-જાણવાને સમર્થ છે, પણ લોકાલોક એ તત્ત્વને દેખવા-જાણવાને સમર્થ નથી, એ તત્ત્વને (અને) સ્યાદ્વાદરૂપ જિનેશ્વરના મતને અંગીકાર કરો, જગતજનો અંગીકાર કરો ! જેથી પરમાનંદસુખની પ્રાપ્તિ થાય.

જેમ દીપકની જ્યોતિમાં કાલિમા-કાજલ છે, તે જ પ્રમાણે કેવલ જ્ઞાનજ્યોતિ પરમાત્મામાં આ જગત, જુગત, જોગ, તું, હું, તે આ, વિધિ, નિષેધ, બંધ-મોક્ષાદિક છે. એક દીપકની સાથે હજાર દીપક જોડો પરંતુ તે પ્રથમની દીપકજ્યોત તો જેવી ને તેવી ભિન્ન છે-તે જ છે.

કળશ-હાંડાદિ વાસણ થાય છે અને વિઘટી જાય છે પરંતુ માટી તો થતી પણ નથી તેમ વિઘટતી ( નાશ પામતી ) પણ નથી.

સુવર્ણનાં કડાં-મુદ્રિકા થઈ જાય છે તથા બગડી જાય છે પરંતુ સુવર્ણ તો થતું પણ નથી તેમ બગડતું પણ નથી.

લાખો મણ ઘઉં, ચણા, મગ, મઠ થાય છે અને ખર્ચાઈ જાય છે અને ફરી પાછા એ જ લાખો મણ ઘઉં, ચણા, મગ, મઠ જેવા ને તેવા ઉત્પન્ન થાય છે અર્થાત્ બીજનો નાશ કદી પણ થતો નથી.

સમુદ્રમાંથી હજાર કળશ પાણીના ભરીને બહાર કાઢી નાખો તોપણ સમુદ્ર તો જેવો ને તેવો તે જ છે, તથા એ સમુદ્રમાં હજાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કળશ પાણીના અન્ય સ્થાનમાંથી ભરી લાવીને નાખો તો પણ સમુદ્ર તો જેવો ને તેવો તે જ છે.

સ્ત્રી વિધવાપદને પ્રાપ્ત થાય અને તે ફક્ત કાજલ–ટીકી–નથની ન પહેરે તથા અન્ય સર્વ આભૂષણ પહેરેલાં રાખે તો પણ તેને વિધવા જ કહેવા યોગ્ય છે.

મોતી, સમુદ્રના પાણીમાં થાય છે પણ તે મોતીને સો વર્ષ સુધી તે પાણીમાં નાખી રાખો તો પણ તે મોતી ગળતું નથી પરંતુ તે મોતી હંસના મુખમાં જતાંની સાથે જ ગળી જાય છે.

સૂર્ય છે તે સૂર્યને વ્યર્થ જ ઢૂંઢે છે તથા આંધળો છે તે અંધકારથી અલગ થવાની ઇચ્છા વૃથા જ કરે છે.

શાસ્ત્રમાં લખે છે કે—મુનિ બાવીસપરિષહ સહન કરે છે, તેર પ્રકારના ચારિત્રને પાળે છે, દશલક્ષણ ધર્મને પાળે છે, બાર ભાવનાને ચિંતવે છે, બાર પ્રકારનાં તપ તપે છે, ઇત્યાદિ મુનિ કરે છે. હવે અહીં આવો વિચાર આવે છે કે મુનિ તો એક અને પરિષહ બાવીસ, ચારિત્ર તેર પ્રકારનું, દશલક્ષણધર્મ વા એક ધર્મનાં દશ લક્ષણ, બાર તપ અને બાર ભાવના ઇત્યાદિક બીજી ઘણી ભૂમિકા. મુનિ કોઈ અન્ય છે અને બાવીસ પરિષહ કોઈ અન્ય છે. બાવીસ પરિષહને તથા મુનિને અગ્નિ–ઉષ્ણતાવત્ વા સૂર્ય–પ્રકાશવત મેળ નથી, એ જ પ્રમાણે તેર પ્રકારના ચારિત્રને તથા મુનિને અગ્નિ–ઉષ્ણતાવત્ વા સૂર્ય–પ્રકાશવત્ મેળ નથી, એ જ પ્રમાણે દશલક્ષણધર્મ, બાર તપ, બાર ભાવના અને મુનિને અગ્નિ–ઉષ્ણતાવત્ વા સૂર્ય–પ્રકાશવત્ મેળ નથી.

આકાશમાં સૂર્ય છે તેનું પ્રતિબિંબ ઘી–તેલની તપ્ત (ગરમ) કઢાઈમાં પડે છે તો પણ તે સૂર્યના પ્રતિબિંબનો નાશ થતો નથી.

કાચના મહેલમાં શ્વાન પોતાના જ પ્રતિબિંબને દેખીને ભસી ભસીને મરે છે.

સ્ફટિકની ભીંતમાં હાથી પોતાની પ્રતિછાયા દેખીને પોતે તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભીંતની સાથે ભીડાઈ-અથડાઈ (લડી) પોતાનો દાંત પોતે તોડીને દુઃખી થયો.

એક વાનર મોટા વૃક્ષ ઉપર રાત્રિસમયમાં બેઠો હતો, વૃક્ષની નીચે એક સિંહ આવ્યો, ત્યાં ચંદ્રમાની ચાંદનીમાં પેલા વાનરની છાયા સિંહને દેખાઈ, એ દેખીને તે સિંહ પેલી છાયાને સાચો વાનર જાણીને ગર્જના કરી પેલી વાનરની છાયાને પંજો માર્યો; ત્યારે વૃક્ષના ઉપર બેઠેલો વાનર ભયવાન થઈને નીચે પડયો.

એક સિંહ કૂવામાં પોતાની છાયા દેખીને પોતે પોતાના દિલમાં જાણ્યું કે 'આ બીજો સિંહ છે' ત્યારે (તેણે) ગર્જના કરી તો કૂવામાંથી સિંહના શબ્દ જેવો જ પ્રતિધ્વનિ આવ્યો, એટલે તે સિંહ ઊછળીને કૂવામાં પડયો. —[ ચિત્ર ક્રમાંક : ૧૯ ]

એક ગાય ચરાવવાવાળા ગોવાળને તુરતનું જન્મેલું સિંહનું બચ્ચું હાથ આવી ગયું, ત્યારે તે ગોવાળ પેલા સિંહના બચ્ચાને (પોતાને ઘેર) લઈ આવ્યો, લાવી તેને બકરી-બકરાંની સાથે રાખ્યું, તે સિંહનું બચ્ચું બકરીનું દૂધ પી પોતે પોતાને ભૂલી બકરાં-બકરીને પોતાનાં સોબતી જાણીને રહે છે.

ભૂંગળીવાળા સળિયાને (પોપટ) પોતાના પંજાથી પકડી રાખે છે (અર્થાત્ કોઈ અન્યે તેને પકડયો નથી.) અને વાંદરો ઘડામાં ચણાની મુઠીને બાંધી તે છોડતો નથી (અર્થાત્ તેની મુઠીને અંદર કોઈએ પકડી નથી.) —[ ચિત્ર ક્રમાંક : ૨૦ ]

છ દ્રવ્ય છે તેનાં ન સાત થાય છે કે ન પાંચ થાય છે એ નિશ્ચય છે.

અંધકાર યુક્ત એક મોટા સ્થાનમાં દશ-વીશ-પચાશ મનુષ્ય હોય તેઓ પરસ્પર શબ્દવચન સાંભળીને તે એનો નિશ્ચય કરે છે અને આ તેનો નિશ્ચય કરે છે, તથા શબ્દ સાંભળીને દેખવા-જાણવાની ઇચ્છા કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મેઘવાદળમાં સૂર્ય છે તેને કોઈ કાળો વા મેઘવાદળ જેવો માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે, તથા સૂર્યની આડાં મેઘવાદળ આવી જાય ત્યારે તે સૂર્ય પોતાના સૂર્યપણાને છોડીને કહે-વિચારે કે 'હું તો સૂર્ય નથી પણ મેઘવાદળ છું' એ પ્રમાણે જો સૂર્ય પોતાને સમજે તો તે સૂર્ય પણ મિથ્યાદ્રષ્ટિ જ છે.

માર્ગમાં પંક્તિબંધ વૃક્ષ છે તેની છાયા પણ પંક્તિબંધ છે, એક પુરુષ તે છાયાની પંક્તિ (લાઈન) બરાબર ચાલ્યો જાય છે ત્યાં (પેલા વૃક્ષોનો) પડછાયો એક જાય છે અને એક આવે છે.

ગરમ લોખંડના ગોળામાં અગ્નિ અંદર અને બહાર છે પરંતુ અગ્નિ અને લોખંડનો ગોળો અલગ અલગ છે.

ચંદ્રમા વાદળમાં છુપાઈ રહ્યો છે પરંતુ ચંદ્ર અને વાદળ અલગ અલગ છે.

ધ્વજા પવનના સંયોગથી પોતાની મેળે જ ઊલઝે છે-સુલઝે છે.

ચૂરણ કહેવામાત્રમાં એક છે પરંતુ તેમાં સૂંઠ, મરી, પીપર, હરડે આદિ બધાં અલગ અલગ છે.

એક ચુંદડીમાં અનેક ટપકા છે; એક કોટમાં અનેક કાંગરા છે; એક સમુદ્રમાં અનેક લહેરો-કલ્લોલો છે; એક સુવર્ણમાં અનેક આભૂષણ છે; એક માટીમાં અનેક હાંડા-વાસણ છે તથા એક પૃથ્વીમાં અનેક મઠ-મકાન છે; તે જ પ્રમાણે એક પરમાત્માના કેવલજ્ઞાનમાં અનેક જગત ઝલકી રહ્યું છે.

કૃષ્ણરંગની ગાયો ચાર ભલે હો પરંતુ તે બધીનું દૂધ મીઠું જ હોય છે.

લોખંડના પીંજરામાં બેઠેલો પોપટ રામ રામ કહે છે પરંતુ રામ રામ કહેવાથી લોખંડનો બંધ ન તૂટયો તો રામ રામ કહેવાથી જમનો ફંદ કેવી રીતે તૂટશે?

એક પુરુષ પરસ્ત્રીલંપટ હતો તેને સ્વપ્ન આવ્યું ત્યાં તે પુરુષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપ્નસમયમાં પરસ્ત્રી ભોગવવા લાગ્યો, તે સમયે (તેનો) એક પ્રતિપક્ષી શત્રુ આવ્યો, આવીને તેને તલવાર મારી તેનાથી તે વ્યભિચારીનો હાથ કપાઈ ગયો અને તેમાંથી લોહી નીકળ્યું, તથા એ જ સમયે તેનું વીર્ય સ્ખલિત થઈ ગયું, પછી તે જાગ્યો ત્યારે વીર્યથી તો (પોતાનું) અધોવસ્ત્ર લિપ્ત થયેલું પ્રત્યક્ષ જોયું પણ રુધિરથી વસ્ત્રાદિક લિપ્ત ન દેખ્યું.

એક બાળક જૂઠા માટીના બળદની સાથે પ્રીતિ કરે છે તથા એક ખેડૂતનો બાળક સાચા બળદની સાથે પ્રીતિ કરે છે પરંતુ જૂઠા અને સાચા (બળદ સાથે)થી પ્રીતિ કરવાવાળા બંને (બાળકો) દુ:ખી જ છે, કારણ કે તેના બળદોને કોઈ જોતરે-પકડે-અન્યથા કરે તો તે બંને દુ:ખી થાય છે.

કોઈ એક માણસને કીચ્ચડમાંથી રત્ન-જવેરાતની ભરેલી [૧]વટલોઈ મળી ત્યારે તે પેલી વટલોઈને વાવમાં ધોવા માટે લઈ ગયો, ત્યાં ધોતાં ધોતાં વટલોઈ વાવમાં પડી ગઈ તેથી તે રડવા લાગ્યો.

સફેદ લાકડાનો અગ્નિની સંગતિથી કાળો કોલસો થયો, હવે તે કોલસો કોઈ પણ ઉપાયથી સફેદ થવાનો નથી, પરંતુ પાછો જો અગ્નિની સંગતિ કરે તો તે કોલસો સફેદ થઈ જાય.

એક માટીના કળશમાં જ્યાંસુધી પાણી છે ત્યાંસુધી તેનાં અનેક નામ છે, પણ તે કળશ ફૂટી જાય તો પછી પાણીનું કે કળશનું નામ ક્યાં રહ્યું ?

મોર નાચે છે તો શ્રેષ્ઠ, પરંતુ પાછળનો અધોભાગ (ગુહ્ય) ઉઘાડીને નાચે છે. એ જ પ્રમાણે ગુરુ વિના ક્રિયા વ્યર્થ છે.

કાચા લોટથી પણ પેટ ભરાઈ જાય છે પરંતુ તે જ લોટની રોટલી બનાવીને પકાવીને ખાય તો તે સ્વાદિષ્ટ લાગે છે.

તસ્વીરથી તસ્વીર ઉતરી શકે છે.

---

૧ વટલોઈ—ધાતુનું ઠામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વડની વચમાં અનેક વડો તથા એ અનેક વડમાં અનંતાનંત બીજ છે.

એક સંનિપાતસહિત પુરુષ પોતાના ઘરમાં સૂતો છે તો પણ તે કહે છે કે 'મારા ઘરમાં જાઉં'.

એક શેખચલ્લીની પાઘડી પોતાના માથા ઉપરથી જમીન ઉપર સરી તેને પેલો શેખચલ્લી ઉપાડીને કહે છે કે 'આ એક પાઘડી મને મળી ગઈ'.

વાંસની સાથે વાંસ ઘસાય ત્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે અને તે અગ્નિ તે વાંસને ભસ્મ કરી પોતે પણ ઉપશમ (ઠંડો) થઈ જાય છે.

શંખ ધોળો છે તે કાળી–પીળી–લાલ માટીનું ભક્ષણ કરે છે તો પણ શંખ પોતે શ્વેતનો શ્વેત રહે છે.

બે બજાજની (વેપારીની) દુકાન ભાગીદારીમાં ભેગી હતી. ત્યાં કોઈ કારણથી એ બંને વેપારીને પરસ્પર રાગ ઉતરી ગયો તેથી તે બન્ને વેપારી પરસ્પર અડધાં અડધાં વસ્ત્ર ફાડીને ભાગ વહેંચવા લાગ્યા, ત્યારે કોઈ સમ્યક્ જાણનારે કહ્યું કે 'તમે આ પ્રમાણે પરસ્પર ભાગ કરો છો પણ એથી તો તમને સો રૂપિયાના વસ્ત્રના પચાસ રૂપિયા ઉપજશે અને ઘણું નુકશાન થશે' ત્યારે એ બંને નુકશાન થતું જાણીને ભેગા જ રહ્યા.

પૂર્ણિમાના ચંદ્રને અને અમાસના સૂર્યને ભ્રાંતિથી અંતર દેખાય છે.

એક શાહુકારે પોતાના પુત્રને પરદેશ મોકલ્યો. કેટલાક દિવસ પછી દીકરાની વહુ બોલી કે 'હું તો વિધવા થઈ ગઈ' ત્યારે તે શેઠ પોતાના પુત્રના નામ પર પત્ર મોકલ્યો તેમાં આ પ્રમાણે લખ્યું કે 'હે દીકરા! તારી વહુ તો વિધવા થઈ ગઈ છે' એટલે તે શેઠનો પુત્ર આ પત્ર વાંચી શોક કરવા લાગ્યો, ત્યાં કોઈએ પૂછ્યું કે 'તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શા માટે શોક કરે છે'? ત્યારે તેણે કહ્યું કે 'મારી સ્ત્રી વિધવા થઈ ગઈ' એ સાંભળીને પેલો માણસ કહે છે કે 'તું તો પ્રત્યક્ષ જીવતો મોજૂદ છે છતાં તારી સ્ત્રી વિધવા કેવી રીતે થઈ' ત્યારે તે શેઠનો પુત્ર બોલ્યો કે 'તમે કહો છો તે તો સત્ય છે પરંતુ મારા દાદાજીની લખેલી (ચીઠ્ઠી) આવી છે તેને જૂઠ્ઠી કેમ માનું'?

બે સ્વાનુભવજ્ઞાની પરસ્પર વાર્તા કરવા લાગ્યા કે—

પ્રશ્ન—સૂર્ય મરી જાય તો પછી શું થાય?

ઉત્તર—ચંદ્રમા છે કે નહિ?

પ્રશ્ન—એ ચંદ્રમા પણ મરી જાય તો પછી શું થાય?

ઉત્તર—ચિરાગ-દીપક છે કે નહિ?

પ્રશ્ન—એ ચિરાગ-દીપક પણ મરી જાય તો શું થાય?

ઉત્તર—શબ્દ વચન છે કે નહિ?

પ્રશ્ન—જો શબ્દવચન પણ મરી જાય તો શું થાય?

ઉત્તર—અટકળ (અનુમાન) છે કે નહિ? ત્યારે બોલ્યો ઠીક છે હું સમજી ગયો. ઇતિ પ્રશ્ન સંપૂર્ણ.

સફેદ વસ્ત્રના ઉપર રંગ શ્રેષ્ઠ લાગે છે. કાચી હાંડીમાં જે મૂર્ખ હોય તે જળ ભરે. તેલ અને રૂની બત્તી શ્રેષ્ઠ હોય તો દીપક પ્રકાશ કરે છે (અર્થાત્) શીઘ્ર જ્યોતિ પ્રકાશમાન કરી દે છે.

એક એકાંતવાદી પોતાના શિષ્યને બોલ્યો કે—'આ બધુંય બ્રહ્મ જ બ્રહ્મ છે (બ્રહ્મમય છે)' ત્યારે આ સાંભળીને શિષ્ય બજારમાં ગયો હતો ત્યાં એક હાથીનો મહાવત હાથીને લઈને આવતો હતો તે હાથી ઉપર બેઠો થકો પોકાર કરતો હતો કે 'મારો હાથી દીવાનો થઈ ગયો છે માટે આઘા ખસી જાઓ' ત્યારે પેલા એકાંતવાદીના શિષ્યે પોતાના દિલમાં વિચાર્યું કે—'આ હાથી બ્રહ્મરૂપ છે અને હું પણ બ્રહ્મરૂપ છું', ત્યારે સ્યાદ્‌વાદીએ તેને કહ્યું કે 'તો પેલો મહાવત શું સ્યાત્ બ્રહ્મરૂપ નથી'?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષીરોદધિસમુદ્રમાં કોઈ એક ઝેરનું બિંદુ નાંખી દે તો શું સમુદ્ર ઝેરમય બની જશે? અર્થાત્ નહિ બને.

ઊંધા કળશ ઉપર ગમે તેટલું પાણી રેડો તો પણ પાણી તે કળશની અંદર જવાનું નથી.

એક યોજન સમચોરસ મકાનમાં એક સરસવનો દાણો પડ્યો છે તે કોણ જાણે ક્યાં પડ્યો છે?

એક દર્પણમાં મયૂરની રંગ બેરંગી પ્રતિછાયા દેખાય છે તે નિશ્ચયથી મયૂરથી ભિન્ન નથી તથા દર્પણ, દર્પણથી ભિન્ન નથી.

એક ધૂળ ધોવાવાળા નારીયાને પાંચ લાખ રૂપિયાનાં પાંચ રત્ન મળી ગયાં ત્યારે કોઈએ તે નારીયાને કહ્યું કે—'હવે તો આ ધૂળ ધોવાનું છોડી દે' ત્યારે તે નારીઓ બોલ્યો કે—છોડું કેવી રીતે? મને તો આ ધૂળમાંથી રત્ન મળ્યાં છે.

દીવાના પ્રકાશમાં મનવાંચ્છિત રત્ન મળી ગયું હવે દીવો રાખો તો પણ શું અને ન રાખો તો પણ શું?

અચેતન મૂર્તિ ઉપર પક્ષી આવીને બેસે છે પણ ડરતું નથી.

કોઈ સ્રીનો ભર્થાર પરદેશમાં ગયો હતો ત્યાં મરી ગયો ત્યારે તે સ્રી તેની મૂર્તિ બનાવીને ભર્થારની માફક આનંદ લેવા ઇચ્છે છે પણ તે મિથ્યા છે, અથવા એ જ સ્રી પરદેશમાં મરેલા ભર્થારનું નામમાત્ર સ્મરણ કરે તો પણ શું તે સ્રીને પ્રત્યક્ષ ભર્થારના જેવો આનંદ થશે? અર્થાત્ નહિ થાય.

સર્વ નામને કરવાવાળો તેનું નામ શું?

તથા સર્વનો સાક્ષીદાર તેનાં રંગ-રૂપ શા?

એક મૂર્ખ જે ઝાડની ડાળ ઉપર બેઠો છે તે જ ડાળને પોતાને (ભોંય) પડી જવા તરફથી કાપે છે એ જોઈને જ્ઞાનીને જ્ઞાન થયું.

એક કળશ ગંગાજળથી ભર્યો છે તથા બીજો કલશ વિષ્ટાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભર્યો છે, કદાપિ એ બંને કળશ ફૂટી જાય તો તે ફૂટવાથી શું જતું રહે છે?

ચામાચીડી, વડવાગોળ અને ઘુવડને સૂર્યની બિલકુલ ખબર નથી. એક દિવસે ચામાચીડિયાને એવું સાંભળવામાં આવ્યું કે—સૂર્ય ઊગવાનો છે, ત્યારે તે ચામાચીડિયું વડવાગોળની પાસે જઈને કહ્યું કે—'સૂર્ય ઊગવાનો છે' ત્યારે વડવાગોળ બોલી કે—'સૂર્ય તો કદી ઊગ્યો જ નથી છતાં ભલા આપણો માલિક ઘૂવડ છે તેને જઈને પૂછીએ' એવો વિચાર કરીને તે ચામાચીડિયું અને વડવાગોળ એ બંને પેલા ઘૂવડની પાસે ગયાં, અને જઈને કહ્યું કે—સૂર્ય ઉગવાનો છે એવું અમે સાંભળ્યું છે, ત્યારે ઘૂવડ બોલ્યો કે—એક વખતે હું સ્થાન ચૂકીને ચાર પહોર બેસી રહ્યો તેથી મારી પાંખો ગરમ થઈ ગઈ, એ જ કદાચિત્ ગરમ-ગરમ અર્થાત્ તાતો-તાતો સૂર્ય હોય તો હોય!

માનસરોવરની ખબર કૂવાના દેડકાને હોતી નથી. કોઈ હંસ એ દેડકાને માનસરોવરની સાચી (ખબર) પણ કહે તોપણ તે દેડકો (તે વાતને) પ્રમાણરૂપ કરતો નથી.

(દોહરો)

જાતિ-લાભ-કુલ-રૂપ-તપ, બલ વિદ્યા અધિકાર;
એ આઠ મદ હે બૂરા, મત પીવો દુઃખકાર.

જેમ સૂર્યથી અંધકાર જુદો છે તેમ આ આઠ મદ પરમાત્માથી જુદા છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ કહેવામાત્ર ત્રણ છે પણ નિશ્ચયથી જોઈએ તો એક જ છે, જેમ અગ્નિ, ઉષ્ણતા અને પ્રકાશ એ ત્રણ નામ કથનમાત્ર છે પણ નિશ્ચયથી જોઈએ તો એક જ છે.

જે અવસ્થામાં મુનિ સૂતા છે તે અવસ્થામાં જગત જાગતું છે તથા જે અવસ્થામાં જગત જાગતું છે તે અવસ્થામાં મુનિ સૂતા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૂર્યને અંધકારની ખબર નથી તથા અંધકારને સૂર્યની ખબર નથી.

( કવિત )

લાલવસ્ત્ર પહેરેસેં દેહ તો ન લાલ હોય૦
સદ્‌ગુરુ કહે ભવ્યજીવસેં તોડો તુરત મોહકી જેલ૦

માટીનું કાર્ય ઘટ, જેમ માટી તેના બહાર અને અંદર છે.

પૂર્ણિમાનો ચંદ્રમા અને અમાસના સૂર્યમાં અંતર નથી.

દક્ષિણાયન તથા ઉત્તરાયણની અને કૃષ્ણપક્ષ તથા શુકલપક્ષની ચાર પહોર રાત્રિની પક્ષ છોડીને જોવું કે પૂર્ણિમા અને અમાસના સૂર્ય-ચંદ્રમાં શું અંતર છે?

બીજનો ચંદ્ર ઉગ્યો છે તે ( જરૂર ) પૂર્ણ ગોળાકાર થશે ફિકર ન કરવી.

બાળકના હાથની મુઠીમાં અમૂલ્ય રત્ન છે અને તે બાળક એ રત્નને શ્રેષ્ઠ જાણીને છોડતું પણ નથી, મૂઠી દૃઢ બાંધી રાખી છે, પરંતુ તે બાળક તે રત્નને બાળભાવથી શ્રેષ્ઠ છે પણ સમ્યગ્જ્ઞાનભાવથી ( શ્રેષ્ઠ ) જાણતો નથી.

જ્ઞાનાવર્ણાદિ દ્રવ્યકર્મ, રાગાદિક ભાવકર્મ અને શરીરાદિક નોકર્મથી તે પરમાત્મા અલગ છે. જેમ સૂર્યથી અંધકાર અલગ છે તેમ એ પરમાત્માથી ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ આદિ સર્વ કર્મો અલગ છે.

જે અનંત જ્ઞાનાદિરૂપ નિજભાવને કદી પણ ન છોડે તથા કામ-ક્રોધાદિરૂપ પરભાવને કદી પણ ન ગ્રહે, જેમ સૂર્ય પોતાના ગુણ, પ્રકાશ અને કિરણાદિને છોડતો નથી તથા પર જે અંધકાર આદિને કદી પણ ગ્રહણ કરતો નથી, તે જ પ્રમાણે તે પરમાત્મા પરને ગ્રહતો નથી અને પોતાને તથા પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડતો નથી એવો તે પરમાત્મા પરમ પવિત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું તું આ તે સોડહં હું તથા હું હું ઇત્યાદિ શબ્દો વચનોના આદિ અંત મધ્ય જે છે તે પરમાત્મા છે. તે શુદ્ધ છે. તથા 'આ, હું, તું, તે, સોડહં હું હું' છે તે અશુદ્ધ છે. જેમ સૂર્ય સામે--સન્મુખ અંધકાર નથી તેમ એ કેવળજ્ઞાનરૂપ પરમાત્માની સન્મુખ એ 'હું તું, તે, આ, સોડહં, હું હું' આ બધા કોઈ નથી. જે કાળમાં સૂર્ય અને અંધકારનો મેળ થશે તે કાળમાં પરમાત્માનો અને આ 'હું, તું, તે, આ, સોડહં, હું હું' નો મેળ થશે. પરમાત્મા કેવળ જ્ઞાની છે અને આ (વિકલ્પો) અજ્ઞાની છે. જ્ઞાન અને અજ્ઞાનનો મેળ કદી થયો પણ નથી, થશે પણ નહિ તથા છે પણ નહિ, એવો કેવળ જ્ઞાની હું છું.

ઠીક છે, જેવું અન્ન ખાય, તેને તેવો જ ઓડકાર આવે. સૂર્ય અંધકારની ઇચ્છા પણ વૃથા જ કરે છે. તથા સૂર્ય સૂર્યની ઇચ્છા પણ વૃથા જ કરે છે.

હજારો મણ ઘઉં-ચણા ખર્ચાઈ જાય છે અને ફરી પાછા હજારો લાખો મણ ઉત્પન્ન થઈ જાય છે છતાં ન તો બીજનો નાશ થાય છે કે ન તો ફળનો નાશ થાય છે.

એક જાતના લાલ રત્નનો ઢગલો દૂરથી એક સરખો અગ્નિના ઢગલા જેવો દેખાય છે પરંતુ તે રત્નરાશિનાં રત્ન ન્યારાં ન્યારાં છે.

અતિશય અમૃતનો સમુદ્ર ભર્યો છે પણ આખા સમુદ્રનું જળ કોઈથી પીધું જતું નથી, માટે પોત પોતાની તૃષા પ્રમાણે તે જલ પીને સંતુષ્ટ રહો!

(ચોપાઈ)

ધર્મદાસ ક્ષુલ્લક મો નામ, રચ્યા જ્ઞાન અનુભવકો ધામ;
મન માની સો કહી વખાણ, પૂરણ કરી સમજોજી સુજાણ.

ઇતિશ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ રચિત દૃષ્ટાંતસંગ્રહ સંપૂર્ણ

શ્રી રસ્તુ! શ્રી અરિહંતાણં જયતિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

तत् सत् परब्रह्मपरमात्मने नमः

# અથ આકિંચન ભાવના

( દોહરો )

મેરા મુજસેં અલગ નહિ, સો પરમાતમદેવ;
તાકું વંદૂં ભાવસેં, નિશદિન કરતા સેવ.

મેરા મુજસેં અલગ નહિ, સો સ્વરૂપ હૈ મોય;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, અંતર-બાહિર જોય.

જ્યાં અપના નિજ રૂપ હૈ, જાણન-દેખન જ્ઞાન;
ઈસ બિન ઔર અનેક હૈ, સો મેં નહિં સુજાણ.

અન્ય દ્રવ્ય મેરા નહિ, મેં મેરો હી સાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, સો અનુભવ સિરદાર.

"મારા જ્ઞાનદર્શનમય સ્વરૂપ વિના અન્ય કિંચિત્‌માત્ર પણ મારું નથી, હું કોઈ અન્ય દ્રવ્યનો નથી, મારું કોઈ અન્ય દ્રવ્ય નથી, જે મારાથી અલગ છે તેનાથી હું પણ અલગ છું," એવા અનુભવને આકિંચન કહે છે. એ જ અનુભવ મને છે, હું આત્મા છું તે જ મને 'હું' સમજું છું. હે આત્મન્! (તમે) પોતાના આત્માને દેહથી અલગ જ્ઞાનમય, અન્ય દ્રવ્યની ઉપમારહિત તથા સ્પર્શ-રસ-ગંધ-વર્ણ રહિત જાણો. દેહ છે તે હું નથી તથા દેહની અંદર-બહાર જે આકાશાદિક છે તે પણ હું નથી, દેહ તો અચેતન-જડ છે, હાડ-માંસ-મળ-મૂત્રથી બન્યો છે, તન-મનથી બન્યો છે, હું એ દેહથી પ્રથમથી જ એવો અલગ છું કે જેમ અંધકારથી સૂર્ય અલગ છે તેમ, તથા આ બ્રાહ્મણપણું, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્રાદિક જાત-કુલ દેહનાં છે અને સ્ત્રી-પુરુષ-નપુંસકાદિક લિંગ દેહનાં છે—મારાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, મને દેહ જ જાણે છે-માને છે તે બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ છે. વળી આ ગોરાપણું-શ્યામપણું-રાજાપણું-રંકપણું-સ્વામીપણું-સેવકપણું-પંડિતપણું-મૂર્ખપણું-ગુરુપણું-ચેલાપણું ઇત્યાદિ રચના દેહની જ છે-મારી નથી, હું તો જ્ઞાતા છું; નામ અને જન્મ-મરણાદિક દેહના ધર્મ છે, ત્રણ લોક ત્રણ કાળ વા લોકાલોકમાં જેટલાં નામ છે તે (સર્વ) મારાં નથી, તથા ત્રણ લોક ત્રણ કાળ વા લોકાલોક છે તે (સર્વ) મારાથી એવા અલગ છે કે જેવો સૂર્યથી અંધકાર અલગ છે તેવા. વળી હું જૈનમતવાળા, વૈષ્ણવમતવાળા, શિવમતવાળા વગેરે કોઈ મતવાળાનો શિષ્ય કે ગુરુ નથી. ૫૨ (૩૫) કર્તા, કર્મ, ક્રિયા, સંપ્રદાન, અપાદાન અને અધિકરણથી (હું) અલગ છું.

(દોહરો)

એ આકિંચન ભાવના, ભાવે સુરત સંભાલ;
ધર્મદાસ સાચું લખે, મુક્ત હોય તત્કાલ.
અપનો આપો દેખકે, હોય આપકો આપ,
હોય નિશ્ચિત તિષ્ટયો રહે, કિસકા કરના જાપ?

ઇતિ આકિંચન ભાવના સમાપ્ત.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

नमः सिद्धेभ्यः

# ભેદજ્ઞાન વિવરણ

(ચોપાઈ)

પ્રથમ હી ભેદજ્ઞાન જો ભાવે,
સોહી શિવસુંદરી પદ પાવે.
તાતે ભેદજ્ઞાન મેં ભાવું,
પરમાતમ પદ નિશ્ચય પાઉં
ક્ષુલ્લક ધર્મદાસ અબ બોલે,
દેશવચનિકામેં નિત ખોલે.
વાંચો પઢો ભાવ મન લાઈ,
તાતે મિલે મોક્ષ ઠકુરાઈ.

(દોહરો)

ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન,
ધર્મદાસ સાચું લખે ભેમરાજ તું માન.

નિશ્ચયથી એક દ્રવ્યનું બીજું દ્રવ્ય કાંઈ સંબંધી નથી. કારણ કે તે દ્રવ્ય છે તે ભિન્ન ભિન્ન પ્રદેશરૂપ છે માટે એ (બંનેમાં) એક સત્તાની અપ્રાપ્તિ છે. દ્રવ્યે દ્રવ્યની સત્તા ન્યારી ન્યારી છે. વળી એક સત્તા નથી એવાં અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યની સાથે આધાર-આધેય સંબંધ પણ નથી માટે દ્રવ્યને પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આધાર-આધેય સંબંધ બિરાજે છે, તેથી જ્ઞાન આધેય (છે) તે તો જાણપણારૂપ પોતાના સ્વરૂપ આધારમાં જ પ્રતિષ્ઠિત છે, કારણ કે જાણવાપણું છે તે જ્ઞાનથી અભિન્નભાવ છે-ભિન્નપ્રદેશરૂપ નથી, તેથી જાણનક્રિયારૂપ જ્ઞાન છે તે જ્ઞાનમાં જ છે, તથા ક્રોધાદિક છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ક્રોધરૂપ ક્રિયા ક્રોધપણાસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે કારણ કે ક્રોધપણારૂપ ક્રિયા ક્રોધાદિકથી અપૃથગ્ભૂત છે-અભિન્નપ્રદેશ (રૂપ) છે માટે ક્રોધરૂપ ક્રિયા ક્રોધાદિમાં જ હોય છે. વળી ક્રોધાદિકમાં અથવા કર્મ-નોકર્મમાં જ્ઞાન નથી કારણ કે જ્ઞાનને અને ક્રોધાદિકને તથા કર્મ-નોકર્મને પરસ્પર સ્વરૂપનું અત્યંત વિપરીતપણું છે; તેનું સ્વરૂપ એક નથી તેથી (તેમાં) પરમાર્થરૂપ આધાર-આધેય સંબંધનું શૂન્ય-પણું છે. વળી જેમ જ્ઞાનનું જાણનક્રિયારૂપ જાણપણું સ્વરૂપ છે તેમ (તેનું) ક્રોધરૂપ ક્રિયાપણા સ્વરૂપ નથી તથા જેમ ક્રોધાદિકનું ક્રોધપણા આદિ ક્રિયાપણું સ્વરૂપ છે તેમ (તેનું) જાણનક્રિયારૂપ સ્વરૂપ નથી. કોઈ પણ પ્રકારથી જ્ઞાનને ક્રોધાદિક્રિયારૂપ પરિણામસ્વરૂપ સ્થાપી શકાતું નથી તેથી જાણનક્રિયાને અને ક્રોધરૂપક્રિયાને સ્વભાવના ભેદથી પ્રગટ (ભિન્ન) પ્રતિભાસમાનપણું છે. અને સ્વભાવના ભેદથી જ વસ્તુનો ભેદ છે એવો નિયમ છે, માટે જ્ઞાનને અને અજ્ઞાનસ્વરૂપ ક્રોધાદિકને આધાર-આધેયભાવ નથી. અહીં દૃષ્ટાંતથી વિશેષ કહે છે—

જેમ આકાશ દ્રવ્ય એક જ છે તેને પોતાની બુદ્ધિમાં સ્થાપી (તેમાં) આધાર-આધેયભાવ કલ્પીએ તો આકાશ સિવાય અન્ય દ્રવ્યના અધિકારરૂપ આરોપણનો તો નિરોધ થયો, તેથી બુદ્ધિને ભિન્ન આધારની અપેક્ષા તો ન રહી. હવે જ્યારે ભિન્ન આધારની અપેક્ષા ન રહી ત્યારે બુદ્ધિમાં એ જ ઠર્યું કે જે આકાશ છે તે એક જ છે, અને તે આકાશમાં જ પ્રતિષ્ઠિત છે પણ આકાશનો આધાર અન્ય દ્રવ્ય નથી, પોતે પોતાનો આધાર છે. એ પ્રમાણે ભાવના કરવા-વાળાને અન્યનો અન્યને આધાર-આધેયભાવ પ્રતિભાસતો નથી; એ જ પ્રમાણે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપી આધાર-આધેયભાવ કલ્પવામાં આવે તો ત્યાં બાકીનાં અન્ય દ્રવ્યોનો આરોપ કરવાનો નિરોધ થયો અને તેથી બુદ્ધિને ભિન્ન આધારની અપેક્ષા રહેતી નથી અને જ્યારે ભિન્ન આધારની અપેક્ષા જ બુદ્ધિમાં ન રહી ત્યારે એક જ્ઞાન જ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત ઠર્યું. એ પ્રમાણે ભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાવાળાને અન્યને અન્યનો આધાર-આધેયભાવ પ્રતિભાસતો નથી, માટે જ્ઞાન છે તે તો જ્ઞાનમાં જ છે અને ક્રોધાદિક છે તે ક્રોધાદિમાં જ છે. એ પ્રમાણે જ્ઞાન અને ક્રોધાદિકનું તથા કર્મ-નોકર્મના ભેદનું (તફાવતનું) જ્ઞાન છે તે ભલા પ્રકારથી સિદ્ધ થયું.

ભાવાર્થ :—ઉપયોગ છે તે તો ચેતનાના પરિણમન જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિક ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ તથા શરીરાદિ નોકર્મ એ બધાય પુદ્ગલદ્રવ્યના પરિણામ છે તે જડ છે, તેને અને જ્ઞાનને પ્રદેશભેદ છે તેથી (તેમાં) અત્યંત ભેદ છે, માટે ઉપયોગમાં તો ક્રોધાદિક કે કર્મ-નોકર્મ નથી તથા ક્રોધાદિમાં અને કર્મ-નોકર્મમાં ઉપયોગ નથી. એ પ્રમાણે તેમને પરમાર્થસ્વરૂપ આધાર-આધેયભાવ નથી પણ પોતપોતાના આધાર-આધેયભાવ પોતપોતામાં છે. તેમને પરમાર્થથી પરસ્પર અત્યંત ભેદ છે. એવા ભેદને જાણે તે જ ભેદ-વિજ્ઞાન છે અને તે ભલા પ્રકારથી સિદ્ધ થાય છે.

(દોહરો)

પરમાતમ અર જગત કે, બડો ભેદ સુન સાર;
ધર્મદાસ ઔરું લીખે, વાંચ કરો નિરધાર.

જૈસે સૂરજ તમ વિષે, નહિ નહિ સુન વીર;
તૈસેહી તમકે વિષે, સૂરજ નહિ રે ધીર.

પ્રકાશ-સૂરજ એક હૈ, જડ-ચેતન નહિ એક;
ધર્મદાસ સાચી લિખે, મનમેં ધારિ વિવેક.

સ્પર્શ આઠ, રસ પાંચ, વર્ણ પાંચ, ગંધ બે (એ સર્વ) આત્મા નથી, કારણ કે એ સ્પર્શાદિક પુદ્ગલ-અચેતન-જડ છે, માટે આત્માને અને અચેતનપુદ્ગલને ભેદ છે. વળી શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂલ, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત (એ સર્વ) પણ આત્મા નથી, કારણ કે એ શબ્દ-બંધાદિક પુદ્ગલની પર્યાયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે માટે આત્માને અને શબ્દ-બંધાદિકને ભેદ છે, તન-મન-ધન-વચન એ (પણ) આત્મા નથી, યથા—

( દોહરો )

તનતા મનતા વચનતા, જડતા જડસેં મેલ;
લઘુતા ગુરુતા ગમનતા, એ અજીવકા ખેલ.

—સમયસાર નાટક.

અર્થાત્ આત્મા અજીવ નથી માટે આત્માને અને એ તન-મનાદિકને ભેદ છે.

ભાવાર્થ—જેમ સૂર્યના પ્રકાશને અને અમાવસ્યાની મધ્ય-રાત્રિના અંધકારને અત્યંત ભેદ છે, તે જ પ્રમાણે આત્મા અને અનાત્માને ભેદ છે; તન-મન-ધન-વચન કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે; મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને અંતઃકરણ કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે; તું-હું-આ-તે અને સોઽહં એ કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે; યોગ-યુક્તિ-જગત-લોક-અલોક કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે; બંધ-મોક્ષ-પાપ-પુણ્ય કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે; જૈન, વિષ્ણુ, બૌદ્ધ, નૈયાયિક-મીમાંસકાદિ વેદાંતિક કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે; તેરાપંથ, બેરાપંથ, તેનોપંથ, આનોપંથ, વીસપંથ, ગુમાનપંથ, નાનકપંથ, દાદુપંથ અને કબીરપંથ ઇત્યાદિ પંથ એ બધા એક પૃથ્વી ઉપર છે તે પૃથ્વી કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે; જૈન-મતવાળા, વિષ્ણુમતવાળા, શિવમતવાળા, વેદાંતમતવાળા, તેરાપંથ-મતવાળા, વીસપંથમતવાળા અને ગુમાનપંથમતવાળા એ બધા મતવાળા જે મદને પીને મતવાળા થયા છે તે મદ કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે.

( દોહરો )

ભેદજ્ઞાનસેં ભ્રમ ગયો, નહિ રહી કુછ આસ;
ધર્મદાસ ક્ષુલ્લક લિખે, અબ તોડ મોહકી પાસ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ સૂર્યના પ્રકાશમાં દીપકનો પ્રકાશ પ્રસિદ્ધ છે, તેમ સ્વ-સ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યના પ્રકાશમાં આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું પુસ્તક પ્રસિદ્ધ છે. ભલા ભાવથી પૂર્ણ પ્રસૂત (જન્મ) થઈ ચૂકયું છે. જેમ અંધભુવનમાં રત્ન પડયું છે ત્યાં રત્નનો વાંચ્છક પુરુષ દીપક હાથમાં લઈને તે અંધભુવનમાં રત્નને અર્થે જાય અને રત્નને જ ઢૂંઢે તો તે પુરુષને નિશ્ચયથી રત્નલાભ થાય જ; તેવી જ રીતે આ ભ્રમઅંધકારમય ભુવન જગતસંસાર છે તેમાં તેનાથી અતન્મયરૂપ રત્નત્રયમય અમૂલ્યરત્ન પડયું છે તેને કોઈ ઇચ્છક ધન્ય પુરુષ-તેનો ઇચ્છક પુરુષ આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકને ગ્રહણ કરીને આ ભ્રમઅંધકારમય સંસારભુવનમાં તે સ્વભાવ-સમ્યગ્જ્ઞાનમય-રત્નત્રયમય રત્નને ઢૂંઢે તો તેને નિશ્ચયથી પોતાના પોતામાં પોતામય સ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા અચલ થશે; પણ કોઈ આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકથી તથા તેના સુંદર અક્ષર-શબ્દ-પત્ર-ચિત્રાદિકની સાથે પોતાના પોતામાં પોતામય સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે તેને સૂર્ય-પ્રકાશવત્ એક તન્મયરૂપ સમજશે-માનશે-કહેશે તેને આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું પુસ્તક ભણવા-વાંચવાથી સ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા-અચલતા નહિ થાય. —[ ચિત્ર ક્રમાંક : ૨૧ ]

જેમ કોઈને બારણાદ્વારા સૂર્યના દર્શનનો લાભ થાય છે તેવી રીતે કોઈ મુમુક્ષુને આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકથી નિશ્ચય સ્વસ્વભાવ સ્વસમ્યગ્જ્ઞાનમયી સૂર્યના દર્શનનો લાભ થશે.

આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું પુસ્તક મેં બનાવ્યું છે તેમાં મૂળ હેતુ મારો આ છે કે—સ્વયં જ્ઞાનમય જીવ જે સ્વભાવથી તન્મયરૂપ છે તે સ્વભાવની સ્વ-ભાવના જીવથી તન્મયરૂપ અચલ થાઓ એ જ હેતુ અંતઃકરણમાં ધારણ કરીને આ પુસ્તક બનાવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( વસંતતિલકા )

श्री सिद्धसेनमुनिपादपयोज भक्त्या
देवेन्द्रकीर्ति गुरुवाक्य सुधारसेन।
जातामतिर्विबुधमण्डल मण्डनेच्छोः
श्री धर्मदास महतो महती विशुद्धा ॥

ઇતિ શ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ રચિત સમ્યગ્જ્ઞાનદીપિકા સંપૂર્ણ.

॥ શ્રી અર્હંતાણં નમઃ ॥



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બ્રહ્મરૂપી સંવત્સર

(છપ્પા છંદ)

દોયનયન ષટ્કર્ણ ભુજા રવિ સંખ્યા જાણું;
પાંખા તત્ત્વપ્રમાણ સ્યામ અરુ શ્વેત વખાણું.
સાત સીસ દશ પંચ દર્શન દો પંક્તિ સોહૈ;
નખશિખ પંચક ઇશ કરણ શિવ સંખ્યા દો હૈ.
પંખ પંખ પ્રતિ પંચ દશ અંબર ષટ્ અનલાચરણ;
શ્રીધર સાચો દેખિયે બ્રહ્મરૂપ અશરણશરણ.

(કુંડલિયા છંદ)

જાકી નિર્મળબુદ્ધિ હૈ, તાકું સબ અનુકૂલ;
ભૂત ભવિષ્ય વિચારીએ, વર્તમાનકો મૂલ.
વર્તમાન કો મૂલ ભૂલમેં કબહુ ન ભૂલે;
પઢ સબ શાસ્ત્ર પુરાણ વૃથાહિ ભ્રમમેં ઝૂલે.
કહતે વલ્લભરામ બ્રહ્મ હૈ સાચો સાખી;
વિદ્યાસૂં સબ હોત અગમ બુધ નિર્મલ જાકી.

આ સમ્યગ્જ્ઞાનદીપિકા ગ્રંથ ક્ષુલ્લક બ્રહ્મચારી શ્રી ધર્મદાસજીએ વિક્રમ સં. ૧૯૪૬ના મહા સુદી ૧૫મે રચીને પ્રકાશિત કર્યો.

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ.

## શુદ્ધિ-પત્રક

| પૃ૦ | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૦ | ૬ | સમ્યગ્જ્ઞાનીદૃષ્ટિ | સમ્યગ્જ્ઞાનદૃષ્ટિ |
| ૮૭ | ૮ | દેખતી નથી. પરંતુ | પરંતુ દેખતી નથી. |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અમારા પ્રકાશનો

| નામ | | | પ્રત |
|---|---|---|---|
| ૧ | શ્રી | પ્રવચનસાર | ૧૫૦૦ |
| ૨ | ,, | प्रवचनसार ( प्रथमावृत्ति ) | २१०० |
| | ,, | प्रवचनसार ( द्वितीयावृत्ति ) | २१०० |
| ૩ | ,, | પંચાસ્તિકાય | ૧૦૦૦ |
| ४ | ,, | पंचास्तिकाय | २५०० |
| ५ | ,, | समयसार नाटक | ३००० |
| ६ | ,, | अष्टपाहुड़ | २००० |
| ૭ | ,, | અનુભવપ્રકાશ | ૨૧૦૦ |
| ८ | ,, | अनुभव प्रकाश ( प्रथमावृत्ति ) | २००० |
| | ,, | अनुभव प्रकाश ( द्वितीयावृत्ति ) | १००० |
| ૯ | ,, | પરમાત્મપ્રકાશ ( પ્રથમાવૃત્તિ ) | ૧૧૦૦ |
| | ,, | પરમાત્મપ્રકાશ ( બીજી આવૃત્તિ ) | ૩૦૦૦ |
| १० | ,, | समयसार कलश टीका | २००० |
| ૧૧ | ,, | આત્માવલોકન | ૨૦૦૦ |
| ૧૨ | ,, | સમાધિતંત્ર | ૨૦૦૦ |
| १३ | ,, | बृहद् द्रव्यसंग्रह | ३००० |
| ૧૪ | ,, | જ્ઞાનામૃત ( પ્રથમાવૃત્તિ ) | ૨૦૦૦ |
| | ,, | જ્ઞાનામૃત ( બીજી આવૃત્તિ ) | ૫૦૦૦ |
| १५ | ,, | ज्ञानामृत | ३००० |
| ૧૬ | ,, | યોગસાર | ૨૦૦૦ |
| ૧૭ | ,, | અધ્યાત્મસંદેશ | ૨૦૦૦ |
| ૧૮ | ,, | પદ્મનન્દિ-પંચવિંશતિ | ૩૦૦૦ |
| ૧૯ | ,, | સમયસાર | ૩૧૦૦ |
| २० | ,, | समयसार | २५०० |
| ૨૧ | ,, | અધ્યાત્મિક પત્ર ( સ્વ. શ્રી નિહાલચંદજી સોગાની ) | ૩૦૦૦ |
| ૨૨ | ,, | દ્રવ્યદૃષ્ટિ-પ્રકાશ | ૧૦,૦૦૦ |
| २३ | ,, | द्रव्यदृष्टि प्रकाश ( तीनों भाग सहित ) | १५०० |
| ૨૪ | ,, | પુરુષાર્થસિદ્ધિઉપાય | ૨૧૦૦ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| નામ | | પ્રત |
|---|---|---|
| ૨૫ | શ્રી ક્રમબદ્ધપર્યાય | ૮૦૦૦ |
| ૨૬ | ,, અધ્યાત્મપરાગ (પ્રથમાવૃત્તિ) | ૨૦૦૦ |
| | ,, અધ્યાત્મપરાગ (બીજી આવૃત્તિ) | ૧૦૦૦ |
| ૨૭ | ,, धन्य अवतार | ૮૦૦૦ |
| ૨૮ | ,, પરમાગમસાર | ૫૦૦૦ |
| ૨૯ | ,, परमागमसार | ૨૦૦૦ |
| ૩૦ | ,, વચનામૃત પ્રવચન ભાગ–૧ | ૩૦૦૦ |
| | ,, ,, ,, ,, –૨ | ૨૦૦૦ |
| | ,, ,, ,, ,, –૩ | ૨૦૦૦ |
| | ,, ,, ,, ,, –૪ | ૨૦૦૦ |
| ૩૧ | ,, નિર્ભ્રાંત દર્શનની કેડીએ | ૩૦૦૦ |
| ૩૨ | ,, निर्भ्रांत दर्शनकी पगडंडी पर (प्रथमावृत्ति) | ५००० |
| | ,, ,, ,, ,, (द्वितीयावृत्ति) | १००० |
| ૩૩ | ,, પ્રયોજન-સિદ્ધિ (પ્રથમાવૃત્તિ) | ૧૦૦૦ |
| | ,, પ્રયોજન-સિદ્ધિ (બીજી આવૃત્તિ) | ૨૫૦૦ |
| ३४ | ,, प्रयोजन-सिद्धि | ५००० |
| ૩૫ | ,, પથ-પ્રકાશ | ૨૦૦૦ |
| ૩૬ | ,, બીજું કાંઈ શોધમાં | ૪૦૦૦ |
| ३७ | ,, दूसरा कुछ न खोज | ५००० |
| ૩૮ | ,, વિધિ-વિજ્ઞાન | ૨૦૦૦ |
| ३९ | ,, विधि-विज्ञान | २००० |
| ૪૦ | ,, ભગવાન આત્મા | ૨૦૦૦ |
| ૪૧ | ,, જિણસાસણં સવ્વં | ૨૦૦૦ |
| ४२ | ,, जिणसासणं सव्वं | ५००० |
| ૪૩ | ,, દ્વાદશ અનુપ્રેક્ષા | ૨૦૦૦ |
| ४४ | ,, सम्यग्ज्ञानदीपिका | १००० |
| ૪૫ | ,, સમ્યગ્જ્ઞાનદીપિકા | ૧૦૦૦ |
| | | १,५१,१०० |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com